




## ૧. સત્કાર્ય કરવું એ જ સાચો સંન્યાસ છે.

બંગાળના પ્રસિદ્ધ નાટયકાર ગિરીશ ઘોષને જગન્માતાનો સાક્ષાત્કાર કરવાની ધૂન આવી હતી. તેઓ કલાકો સુધી કાલીઘાટના મંદિરમાં બેસી રહેતા હતા. પણ તેમને તે પાષાણ પ્રતિમામાં માતાના દર્શન થયા નહીં. એક દિવસ, બે દિવસ, ચાર દિવસ વીતી ગયા પણ કૃપાનું એક કિરણ તેઓ પામી શક્યા નહીં.

તેઓએ મંદિર જવાનું છોડી દીધું. પોતે જાણે એક ખંડમાં પૂરાઈ ગયા અને વિષયમાં ચિંતન કરવા લાગ્યા. ચિંતન કરતાં, તેઓ એ પરિણામ ઉપર પહોંચ્યા કે તેઓ એક સાંસારિક જીવન જીવા રહ્યા છે, ઈશ્વરના સાક્ષાત્કાર માટે વૈરાગ્ય જરૂરી છે, ગૃહત્યાગ જરૂરી છે, સાંસારિક જવાબદારીઓનો ત્યાગ જરૂરી છે.

સંન્યાસ ગ્રહણ કરવા માટે ગુરુની શોધ શરુ કરી. ગિરિશ ઘોષનું પ્રબુદ્ધ મન-મગજ દરેક ભગવાં વસ્ત્ર ધારી સાધુ બાવાને પોતાના માર્ગદર્શક સ્વીકારી શકે તેમ ન હતું. જે જાતે

અંદરથી દુર્બળ હોય તે બીજાને ક્યાંથી આત્મબળ આપી શકે ? જેમ કે રંગેલું શિયાળ. સિંહ ઓછો બની જાય. એવી એક જ મહાન વિભૂતિ શ્રી રામ કૃષ્ણ પરમહંસ હતા, જેમણે જગન્માતાનો સાક્ષાત્કાર થયો હતો. નર માંથી નારાયણ બનવાની ઉચ્ચસ્તરીય સાધનામાં તેઓ સફળ થયા હતા. પરમહંસ દેવ તો દિવંગત થયા હતા. ગિરીશને તેમની સહધર્મિણી શ્રીમતી શારદા મણિ, આ સંબંધમાં થોડીક સલાહ આપી શકે તેમ હતી.

મા શારદા મણિ, પરમહંસ દેવનાં બાકી રહેલાં કામ પૂરાં કરવામાં લાગી ગયા હતાં. તેમની લગાવેલી આમ્ર કુંજને તેઓ પોતાની સ્નેહ સુધા વડે સિંચન કરતા હતા. તેમાં વિવેકાનંદ જેવા કલ્પ વૃક્ષની સંભાળ લેવાતી, જેમણે વિશ્વને નવજીવન પ્રદાન કરવાવાળો માર્ગ બતાવ્યો. પોતાના હૃદયને તેઓએ જગન માતાની જેમ વિસ્તૃત કર્યો હતો. તેમની દેખભાળ નીચે કેટલાંક સંતાનો વહેંચાઈ ગયા, જેમાંથી રામ કૃષ્ણ મિશનની સ્થાપના થઈ શકી.

ગિરીશ મા શારદામણિને મળવા જય રામ વાટી પહોંચ્યો. તેઓએ તેમનું ખડખડ હસતા અને અપૂર્વ આત્મીયતાથી સ્વાગત કર્યું, જાણે વર્ષોથી છૂટા પડેલા પુત્રને જોઈને માતામાં આનંદ ઊભરાયો હોય. તેઓના ચહેરા ઉપર અપૂર્વ તેજ, હાસ્યમાં જીવનભરનો શ્રમ હરી લેવાની શકિત, સાદાઈ અને સ્વચ્છતામાં ફૂલો જેવી મધુરિમા જોઈ ગિરીશને એમ જ લાગ્યું કે ધરતી માતાના જેવી જ વિભૂતિઓ આ નારીમાં આવી એકત્રિત થઈ છે.

એક જ દિવસના સાન્નિધ્યમાં તેઓને એવી સ્વર્ગીય અનુભૂતિ મળી કે તેઓ પોતાનું મંતવ્ય કહેવાનું જ ભૂલી ગયા. મા શારદામણિએ પોતે ભોજન બનાવી તેમને જમાડયા, તેમના ગંદા કપડા પોતે ધોયા. તેમણે તેની પથારી કરી અને જાતે જમીન ઉપર એક ચટાઈ પાથરી બેસી ગયા. હવે ગિરીશથી રહેવાયું નહીં, તે પૂછવા લાગ્યો, "મા, તમે આ બધું શા માટે કરો છો ? હું પથારીમાં સૂઈ જાવું અને આપ નીચે ચટાઈ પર સૂઈ જાવ શું તે મને શોભા આપે છે ?"

"ગિરીશ ! તું મારો દીકરો છે. મા તો પોતાના દીકરા માટે બધું જ સહન કરવામાં સુખનો અનુભવ કરે છે." વાત ચાલતી હતી, ત્યાં તેઓએ પૂછી નાખી, પોતાના મનની વાત, સંન્યાસી બનવાની વાત. શારદામણિએ કહ્યું. "હજુ સુધી તને સમજણ નથી ? તું શું ત્યાગી દેશે ? શું તું જે કામ કરે છે તે ઈશ્વરની ભકિત નથી ? પોતાના અહમને એટલો વિકસિત કરો કે તે વિશ્વમાનવને સમેટી લે. પછી તારાથી કોઈ દુષ્કર્મ જ થઈ શકશે નહીં. જે સારાં કામ તું કરશે, તેનાથી ઈશ્વરનો બગીચો સુંદર સુસજ્જિત બનશે. આ જ સાચી ઈશ્વર ભકિત છે, સાચો સંન્યાસ છે"

મા શારદામણિએ જે કહ્યું તે તેમણે પોતાના આચરણમાં પહેલેથી કરી ચૂકયા હતા. ગિરીશ, તે દિવસથી લોક-મંગળના કામમાં જોડાયા.

( યુ.નિ.યો. જુલાઈ-૧૯૭૨ માંથી )

## ૨. નિર્ભયતા જ સાચો ધર્મ છે

નાના નરેન્દ્રને પોતાના બાળપણમાં એક રમત ખૂબ જ પ્રિય હતી. તે પોતાના મિત્રોને લઈને પાસેના બગીચામાં જતો અને ખૂબ જ પત્તાવાળા આંબાના ઝાડની એક મોટી ડાળી ઉપર ઊંધો લટકી જતો હતો. મિત્રો નીચે ઊભા રહેતા અને જાતજાતની રમત રમતાં હતા. બગીચાના માળીને ડર રહેતો કે ક્યાંક નરેન્દ્ર તે ઝાડ ઉપરથી નીચે પડી જાય હાથ પગ ભાંગી ના નાખે. તેથી તેણે બધાં બાળકોને એકઠાં કરી કહ્યું, "જુઓ તમે બધાં આ ઝાડ નીચે રમતાં નહી. ત્યાં એક બ્રહ્મ રાક્ષસ રહે છે. જો તે કદાચ નારાજ થઈ જશે તો તમને બધાને ખાઈ જશે."

"બાબા, બ્રહ્મ રાક્ષસ એ કંઈ વસ્તુ છે ? નરેન્દ્રએ જિજ્ઞાસાથી પૂછ્યું."

"જે લોકો કોઈ દુર્ઘટનાથી મરી જાય છે અથવા તેમના દુશ્મનો વડે ખરાબ રીતે મારી નાખવામાં આવે છે, તેઓ અકાળે મરવાથી ભૂત બની જાય છે. અકાળ અવસાનથી તેઓના આત્મા અહીં તહીં ભટકતો રહે  છે અને લોકોને હેરાન કરે છે." માળી એ કહ્યું.

તો આ ઝાડ નીચે કોણ મરી ગયું હતું અને તેની હત્યા કોણે કરી હતી."

"એની તો મને ખબર નથી, બેટા "

"તો પછી તમને ક્યાંથી ખબર છે કે નહીં બ્રહ્મ રાક્ષસ રહે છે."

"લો કહે છે."

"લોકો કહે છે, પણ તમે ક્યારેય તેને જોયો છે" -નરેન્દ્ર એક પછી એક પ્રશ્નો પૂછતો હતો. આ પ્રશ્નો સાંભળી માળી ગભરાઈ ગયો, કારણ કે તે એક પ્રશ્નનો જવાબ આપે તે પહેલાં બીજો પ્રશ્ન તૈયાર મળતો હતો. તેથી ગભરાતો તે બોલ્યો, "નરેન્દ્ર તારી વાતોથી તો ભગવાન જ જીતે. હું તો ફકત એટલું જ કહી દઉં છું કે તું તે ઝાડ નીચે રમત રમતો નહી. કાલે કશુંક થાય, બ્રહ્મરાક્ષસ તને કશુંક કરી દે તો હું કશું જાણું નહીં."

"સારુ, સારુ બાબા, નહીં રમીએ. આટલાં બધા નારાજ કેમ થાઓ છો ?" નરેન્દ્રએ કહ્યું અને પોતાના મિત્રોને લઈને ભાગી ગયો.

તે દિવસે સાંજના નરેન્દ્ર ઘેરથી ભાગી ગયો. પહેલા તો ઘરનાં બધાએ માન્યું તે અહીં ક્યાંક રમતો હશે. પણ સમય પસાર થતાં ચિંતા થઈ કે તે તોફાની છે, ક્યાંક કોઈ દુર્ઘટના થઈ ના હોય, આ ભય બધાને સતાવવા લાગ્યો. શોધખોળ શરૂ થઈ. નરેન્દ્રના મિત્રોને ઘેર

તપાસ કરી. નાના મિત્રો તો બધા સૂઈ ગયા હતા. આટલી મોડી રાત સુધી બાળકો ક્યાંથી જાગતા હોય ? તેમ છતાં બધાને ઉઠાડીને પૂછવામાં આવ્યું કે નરેન્દ્રને ક્યાંય જોયો છે ? બધાએ એક જ જવાબ આપ્યો - ક્યાંય નહીં. આ બાળકોના વાલીઓ પણ ચિંતા કરવા લાગ્યાં, કારણ કે ચંચળ અને તોફાની હોવાને લીધે નરેન્દ્ર તેઓને પણ પોતાના બાળકોની જેમ પ્રિય હતો. એટલે તેઓની ઊંઘ ઉડી ગઈ અને તેઓ પણ શોધખોળમાં લાગી ગયા.

નરેન્દ્રના સ્વભાવથી પરિચિત કોઈ એક વૃદ્ધ વ્યક્તિએ પૂછ્યું, "શું નરેન્દ્રને કોઈએ કોઈ કામ કરવા માંથી રોક્યો હતો ?"

"ના, ના, તેને રોકવાથી તે માને છે ક્યાં ?" નરેન્દ્રના કોઈ નજીકના સંબંધીઓએ કહ્યું.

બાળકોને પૂછતાં ઉપરના બનાવની વાત મળી અને તે વૃદ્ધ અંદાજ લગાવીને તે બગીચામાં પહોંચ્યા અને તે આંબાના ઝાડની નીચે જઈ રોકાયા. જેમાં માળીએ બ્રહ્મરાક્ષસનો નિવાસ બતાવ્યો હતો. અને જોરથી બૂમ પાડી "નરેન્દ્ર ઓ નરેન્દ્ર".

"હું અહીં છું, બાપુ," ઉપરથી નરેન્દ્રની અવાજ આવ્યો.

"નીચે ઊતરો બેટા, બધા લોકો કયારનાય હેરાન થાય છે." અને નરેન્દ્ર જ્યારે નીચે આવ્યો ત્યારે તેને પૂછ્યું કે તે ત્યાં શું કરતો હતો ? નરેન્દ્રએ બતાવ્યું, "બ્રહ્મરાક્ષસની રાહ જોતો હતો. હું તેને મળવા ઈચ્છું છું."

"ચાલો, ઘેર જઈ સૂઈ જાઓ, અહીં કોઈ રાક્ષસ રહેતો નથી. માળીએ તને ખોટું કહ્યું." અને નરેન્દ્રને ઘેર લાવવામાં આવ્યો. સત્યને જાણવા માટે સમર્પિત તે નિર્ભયી જિજ્ઞાસુ આગળ વધીને સ્વામી વિવેકાનંદના નામથી વિશ્વવિખ્યાત થયા, જેમણે બધા ધર્મોમાં તત્વોનો સાર એક શબ્દમાં કહયો, "નિર્ભયતા સાચો ધર્મ છે."

( યુ.નિ.યો. જુન-૧૯૭૫ સંકલિત )

## 3. સંઘર્ષથી ગભરાઓ નહી-સફળતા પગમાં આળોટશે

અમેરિકાનું પ્રસિદ્ધ શહેર શિકાગો છે. ઠંડીના તે દિવસોમાં શહેરના ભીડ વાળા રસ્તે ઉપરઓછી અવરજવર દેખાતી હતી. સડક ઉપર જે કોઈ અમેરિકન પસાર થતો જોવા મળતો હતો, તે દરેકે લાંબો ગરમ કોટ પહેરેલો હતો અને માથા ઉપર ટોપો પહેરેલા હતો. હોટલો અને રેસ્ટોરન્ટો પૂરેપૂરી ભરેલી હતી. લોકો ગરમ વસ્તુઓ ખાઈ પીને ઠંડીને ઉડાડવાનો પ્રયત્ન કરતા હતા.

આવી ઠંડીમાં એક ભારતીય સંન્યાસી બોસ્ટનથી આવતી રેલગાડીમાં શિકાગો સ્ટેશને ઉતર્યા. કપડાં ભગવા રંગના હતા. માથા ઉપર પહેરેલી પાઘડીનો રંગ પણ ભગવો હતો. વિચિત્ર વેશભૂષાને જોઈને અનેક યાત્રીઓની દૃષ્ટિ તેમના તરફ હતી. તેઓ દરવાજા પાસે પહોંચ્યા. લાંબા ઝભ્ભામાં ખીસામાંથી ટિકિટ બહાર કાઢીને ટિકિટ કલેક્ટરને આપી દીધી

અને પ્લેટફોર્મની બહાર આવી ગયા. તેમને જોનારાઓની ભીડ વધવા લાગી હતી. ભીડ માંથી  કોઈએ પૂછ્યું, "આપ ક્યાંથી આવો છો ?"

"બોસ્ટનથી, પણ ભારતમાં રહું છું."

"અહીં કોને મળવું છે ?"

"ડૉક્ટર બેરોજને."

કોણ ડૉક્ટર બેરોજ."

સંન્યાસીએ પોતાના ઝભ્ભા ખીસામાં હાથ નાંખ્યો પણ હાથમાં કંઈ આવ્યું નહીં.

"કેમ શું થયું ?"

"હું ડૉક્ટર બેરોજના નામનો બોસ્ટરથી પ્રોફેસર જે.એચ. રાઈટનો એક પત્ર લાવ્યો હતો, તેના ઉપર સરનામું લખેલું હતું, પણ તે પત્ર ક્યાંક રસ્તામાં ગુમ થઈ ગયો લાગે છે."

દર્શકો તેમની વાત સાંભળીને હસવા લાગ્યા. ભીડ ધીરેધીરે ઓછી થવા લાગી. સંન્યાસી હવે એકલાં રહી ગયા. નજીકથી પસાર થતા એક શિક્ષિત માણસને ઊભા રાખી સંન્યાસીએ પૂછ્યું, "શુ તમે મને ડો. બેરોજના ઘરનું સરનામું બતાવી શકશો ?"

તેઓ સાંભળ્યું ના સાંભળ્યું કરીને પોતાની આંખો પટપટાવતા આગળ જવા લાગ્યા. સંન્યાસી સ્ટેશનથી હદ પસાર કરી મુખ્ય રસ્તા ઉપર ચાલવા લાગ્યા. તેમની નજર બંને બાજુ લાગેલા સાઈનબોર્ડ ઉપર હતી. ક્યાંક ડો. બેરોજના નામનું બોર્ડ જોવામાં આવે.

એટલામાં સ્કૂલ માંથી છૂટેલાં બાળકોના એક સમૂહે તેમને ઘેરી લીધા. બાળકોએ આવી રંગીન વેશભૂષા વાળા સંન્યાસીને ક્યારેય જોયા ન હતા. આગળ સંન્યાસી અને પાછળ બાળકો અવાજ કરતાં ચાલતાં હતા.

શોધતા શોધતાં સાંજ પડી ગઈ. પૂરા સરનામાં વિના આટલાં મોટા શહેરમાં કોઈ વ્યકિતને મળવું સરળ કામ નથી. ઠંડી વધવા લાગી હતી. ઠંડીની લહેર ચાલવા લાગી. સંન્યાસીની પાસે ગરમ કપડાં હતા નહીં. તેઓએ બે દિવસથી ભોજન લીધું ન હતું. પોતાની પાસે કોઈ પૈસા ન હતા. વિચારેલું કે શિકાગો પહોંચી તેઓ ડો. બેરોજના અતિથિ બનશે. પણ ક્યારેક ક્યારેક વિચારેલું કામ ક્યાં થાય છે ?

તેઓએ સામે એક મોટી હોટલ જોઈ. ફકત રાત કાઢવી હતી. તેઓ હોટલ તરફ ચાલવા લાગ્યા. પગથિયા ચઢતાં જ ચોકીદારે અટકાવ્યા, "તમે કોણ છો ?"

"હું રાતના અહીં રોકાવા માગું છું."

"નિગ્રો લોકોને રહેવા માટે આ હોટેલમાં જગા નથી."

"હું ભારતીય છું."

"તમે કાળા છો. કાળા લોકો માટે આ હોટેલમાં સ્થાન નથી." ચોકીદારે ખૂબ સખતાઈથી કહ્યું.

સન્યાસીના આગળ વધેલા ડગ ફરી સડકની તરફ ઉદાસ ચહેરે આગળ વધવા લાગ્યા. બરફ પડવા લાગ્યો. ભૂખ્યા સંન્યાસી ધ્રૂજવા લાગ્યા. તેઓને લાગ્યું કે આગળ એક ડગલું પણ ચલાશે નહીં. આંખોમાં અંધારા આવવા લાગ્યાં. જો તેઓ આગળ વધશે તો પડી જવાશે. પણ કરે શું ? આગળ વધવું તે તો તેના જીવનનું એકમાત્ર લક્ષ્ય હતું.

તેણે જોયું કે તેઓ રેલવે માલ ગોદામની પાસે આવી ગયા છે. તે તરફ તેઓ આગળ વધતાં ગયા. ગોદામ બંધ થઈ ગયું હતું. બહાર લાકડાનું એક મોટું પેકિંગ બોક્સ રાખેલું હતું. પાસે જઈને જોયું. બોક્સ ખાલી હતું. અંદર થોડું ઘાસ પડેલું હતું. ઉપર ઢાંકણ રાખેલું હતું. ભોજન માટે કોઈ વ્યવસ્થા થઈ નહીં પણ ઠંડીથી પોતાના શરીરનું રક્ષણ કરવાનું હતું. તેઓ અંદરના ઘાસને એક તરફ કરી તેમાં દાખલ ગયા, ઉપરનું ઢાંકણ ઢાંકી દીધું.

આખી રાત ઠંડો પવન ફૂંકાતો રહ્યો. પવન જ્યારે તિરાડોમાંથી અંદર દાખલ થતો ત્યારે સંન્યાસી ધ્રૂજી ઊઠતા હતા. જેમ તેમ રાત પસાર થઈ. બૉક્સ માંથી સંન્યાસી બહાર આવ્યા. શરીર અક્કડ થઈ ગયું હતું. સડકની ધાર પર બેસી ગયા અને પૂરી રીતે

ભગવાનની ઇચ્છા ઉપર છોડી દીધું. પોતાની જરૂરિયાતને માટે એક સંન્યાસીએ હાથ લંબાવવો તો પડે.

તેઓ જયાં બેઠાં હતા ત્યાં, અચાનક તેની સામેના મકાનનો દરવાજો ખૂલ્યો. એક સુંદર સ્ત્રી બહાર આવી. તે સંન્યાસીની પાસે આવી અને પૂછવા લાગી., "સ્વામીજી, અહીં તો સર્વધર્મ સંમેલન થવાનું છે, શું આપ તેમાં ભાગ લેવા પધાર્યા છો ? આપનો પરિચય આપશો ?"

"મારું નામ વિવેકાનંદ છે. હું ભારતથી આ સંમેલનમાં ભાગ લેવા આવ્યો છું. મને બોસ્ટનથી પ્રોફેસર જે.એચ. રાઈટે એક પત્ર ડૉક્ટર બેરોજ ઉપર લખી આપ્યો હતો. તે ક્યાંક ખોવાઈ ગયો છે. મારી પાસે કોઈ પરિચય પત્ર નથી."

તે મહિલા સ્વામીજીને ખૂબ સન્માન સાથે પોતાને ઘેર લઈ આવી. તેણે સન્યાસી માટે ભોજન, ગરમ કપડાં અને રહેવાની પુરી વ્યવસ્થા કરી. બીજા દિવસે સર્વધર્મ સંમેલનના કાર્યાલયમાં જઈ પરિચય કરાવ્યો.

૧૧, સપ્ટેમ્બર,૧૮૯૩નો દિવસ તે સંન્યાસીના જીવનમાં વિશેષ મહત્વનો દિવસ હતો. જ્યારે શિકાગોના સર્વધર્મ સંમેલનમાં તેઓનું ભાષણ થયું, હજારો શ્રોતાઓ મંત્રમુગ્ધ બન્યા. હવે પ્રત્યેક અમેરિકાવાસીની જીભ ઉપર તેઓનું નામ હતું. આ તે વ્યકિત હતી કે

જેણે એક રાત કાઢવા માટે અહીં તહીં ભટકવું પડયું અને આજે લોકોના હૃદયમાં પોતાનું સ્થાન બનાવી દીધું. અનેક અખબારોના જુદા જુદા પાનાં ઉપર તેઓનું ભાષણ છપાવા લાગ્યું. તે નગરમાં જુદા જુદા સ્થાને અનેક મોટા ચિત્રો લગાવાયાં, જેની નીચે મોટા અક્ષરોથી લખાયું "સ્વામી વિવેકાનંદ."

ખરેખર ભારતીય ધર્મ અને દર્શનની ધ્વજાને દેશની સીમાની બહાર દૂર દેશો સુધી પહોંચાડનારા સ્વામી વિવેકાનંદની સેવાઓને ભૂલી શકાય તેમ નથી.

( યુ.નિ.યો. ફેબ્રુઆરી - ૧૯૭૬ માંથી સંકલિત )

## ૪. સંન્યાસી કોણ ?

તે દિવસોમાં સ્વામી વિવેકાનંદ ભારત ભ્રમણને માટે નીકળ્યા હતા. તે ક્રમમાં ફરતા ફરતા એક દિવસ તેઓ હાથ રસ પહોંચ્યા. ભૂખ અને થાકથી તેઓની હાલત ખરાબ થઈ રહી હતી. થોડાક આરામ માટે તેઓ એક ઝાડ નીચે આડા પડયા.

અરુણોદય થઈ ગયો હતો. તેના સોનેરી કિરણો સ્વામીજીના તેજસ્વી ચહેરા ઉપર ચડીને તેઓને ક્રાંતિ વાન બનાવી રહ્યાં હતાં. તે સમયે એક યુવક ત્યાંથી નીકળ્યો. સ્વામીજીના તેજસ્વી ચહેરાને જોઈને અચકાયો. તે કાંઈક બોલે, તે પહેલાં તેઓની આંખો ખૂલી ગઈ

અને એક મૃદુ હાસ્ય વેરી દીધું. પ્રત્યુતરમાં યુવકે હાથ જોડી દીધા અને આગ્રહ ભર્યા સ્વરમાં કહ્યું " આપ થોડાક થાકેલા અને ભૂખ્યા લાગો છો. જો આપને મુશ્કેલી ન હોય તો, ચાલીને મારે ત્યાં વિશ્રામ કરો."

કશું જ કહયા વિના સ્વામીજી ઊઠી ગયા અને યુવકની સાથે જવા માટે તૈયાર થઈ ગયા.

ચાર દિવસ વિતી ગયા. નરેન્દ્ર બીજે જવાની તૈયારી કરવા લાગ્યા, તે વખતે તે યુવક તેઓની સામે આવી ઊભો. નીકળવાની તૈયાર કરતા જોઈ તેણે પૂછ્યું "શું આપ આ સમયે પ્રસ્થાન કરશો ?"

"હા, આ સમયે જ." જવાબ મળ્યો.

" તો પછી, મને પણ સંન્યાસીની દીક્ષા આપીને આપની સાથે લઈ જાઓ, હું પણ સંન્યાસી બનીશ."

સ્વામીજી હસી પડયા, કહેવા લાગ્યા "સંન્યાસ અને સંન્યાસીનો અર્થ જાણે છે ?" "જી હા, સારી રીતે જાણું છું, સંન્યાસ તે છે જે મોક્ષની તરફ પ્રેરે અને સંન્યાસી તે છે જે મુકિતની ઇચ્છા કરે."

"કોની મુકિત?" "પોતાની, સાધકની" તુરત જ જવાબ મળ્યો.

સ્વામીજી ખડખડાટ હસી પડયા અને બોલ્યા, "તું જે સંન્યાસની ચર્ચા કરે છે તે સંન્યાસ નહીં, પલાયનવાદ છે. સંન્યાસ ક્યારેય એવો ન હતો, અને ન એવો થશે. તું આ પવિત્ર આશ્રમને એટલો બધો નીચો ન બનાવીશ. તે એટલો બધો મહાન શકિત શાળી છે કે જ્યારે તેનો આત્મા જાગશે, ત્યારે તે બૉમ્બની માફક ધડાકો કરશે. ત્યારે ભારત, ભારત (વર્તમાન દયાજનક ભારત)ના રહેતાં, એકવાર ફરીથી આખા વિશ્વને તેના ચરણોમાં પડી શાંતિના સંદેશની વિનંતી કરવી પડશે. આ વાત નિશ્ચિત છે. એમ કરવાથી કોઈ તેને રોકી શકશે નહીં. આગળના દિવસોમાં આ મથયા વગર રહેશે નહીં. હું સ્પષ્ટ જોઈ રહ્યો છું કે ભારતના યુવા સંન્યાસી આ ઇરાદા માટે પૂર્ણ નિષ્ઠાથી જોડાયા છે અને પોતાની સંપૂર્ણ ક્ષમતા સાથે મૂર્તિમાન કરવામાં કોઈ કસર છોડતા નથી. તેઓના પ્રયાસોથી ભારતના આત્માને જાગતો હું જોઈ રહ્યો છું અને તે નવનિર્માણ જોઈ રહ્યો છું, જેની આપણે સૌ લાંબા સમયથી પ્રતીક્ષા કરીએ છીએ."

થોડુંક રોકાઈને તેઓ ફરી કહેવા લાગ્યા " આ તે સંન્યાસ છે, જેના સામર્થ્યને આપણે ભૂલી ગયા હતા. જેની જવાબદારી ભૂલાઈ ગઈ હતી. તેનું તાત્પર્ય આત્મમુકિત ક્યારેય હોય નહી. તે પોતામાં ખોવાઈ જવાની, પોતાના સુધી સીમિત રહેવાની પ્રેરણા આપણને આપતો નથી, પણ આત્મવિસ્તારનો ઉપદેશ આપે છે. આ માનવીની મુકિતનું નામ નથી, પણ સમાજની વિશ્વની, સમસ્ત માનવ જાતિની મુકિતનો પર્યાય છે. આ મહાન આશ્રમ

આપણી બે પરંપરાઓને સાથે લઈને ચાલે છે- સાધુ અને બ્રાહ્મણની. સાધુ તે છે, જેણે પોતાને સાધી લીધો છે, બ્રાહ્મણ તે છે, જે વિરાટ બ્રહ્મની ઉપાસના કરે છે, તેની સ્વર્ગ-મૂકિતની વાત વિચારે છે. તારો સંન્યાસ, ગુઠાઓ કંદરાઓ-એકાંતવાસ સુધી મર્યાદિત છે, પરંતુ અમારો સંન્યાસ લોકસમુદ્રાયનું નામ છે."

વાણી થોડીક ક્ષણ માટે અટકી, તે પછી ફરી શરૂ થઈ. "બોલો ! તારે કયો સંન્યાસ જોઈએ ? એકાન્તવાળો આત્મમુકિતનો સંન્યાસ અથવા સાધુ-બ્રાહ્મણો વાળો સર્વમુકિતનો સંન્યાસ ?"

યુવક સ્વામીજીના ચરણોમાં પડી ગયો અને બોલ્યો "ના, ના, મારો આત્મમુકિતનો મહ ભાગી ગયો છે. મને એવો સંન્યાસ જોઇતો નથી. હું સમાજની સ્વર્ગમુકિત માટે કામ કરીશ. જોવામાં આવે તો સમાજમુકિત વિના માનવીની પોતાની મુકિત શક્ય નથી."

યુવકના આ કથન પર સ્વામીજીએ માથું હલાવી સંમતિ પ્રગટ કરી. એક ક્ષણ માટે બંને આંખો મળી, જાણે પ્રાણપ્રત્યાર્પણની પ્રક્રિયા ચાલી રહી હોય. પછી ગુરુ તેને ઉઠાડીને ભેટયા અને કહ્યું "આજથી તું શરદ ચંદ્ર ગુપ્તા નહીં. સ્વામી સદાનંદ બન્યો." ગુરુ-શિષ્ટ બંનેએ તે સમયે આગળની યાત્રા માટે શરૂઆત કરી. ( યુ.નિ.યો. માર્ચ- ૧૯૯૨ થી સંકલિત )

# ૫. માનાં આભૂષણો

ઓગણીસમી સદીના દિવસોમાં એક બંગાળી પોતાના જીવનના આખરી દિવસો ગણી રહ્યા હતા. તેમનું નામ ઠાકુરદાસ હતું અને કુટુંબમાં ફકત પત્ની અને એક બાળક હતું. આ સીમિત પરિવારનું ભરણપોષણ યોગ્ય રીતે થતું ન હતું. ઠાકુરદાસ મહિને બે રૂપિયાની નોકરી કરતા હતા અને તેનાથી પોતાનાં કુટુંબનું ગુજરાન કરતા હતા અને છોકરાનો ખર્ચ કાઢતા હતા.

પહેલાં તો ઠાકુરદાસને કલકતાની ગલીઓ અને સડકો ઉપર ભટકવું પડેલું. ક્યારેક બંને સમયના ભોજનની તો ક્યારેક ફકત એક વખતના ભોજનની ગોઠવણ થતી. એવા પણ કેટલાય પ્રસંગો આવેલા કે જ્યારે ઘરમાં કોઈના જમવામાં એક રોટલી તો શું એક દાણો પણ આવેલો નહીં. મા દુઃખી રહેતી, પિતા પરેશાન જણાતા અને પુત્રનું ભવિષ્ય અનિશ્ચિત જણાતું.

આશાનું એક કિરણ હતું કે ક્યારેક ભગવાન સાંભળશે અને હજુ તે કિરણ ઊગવાનો સમય આવ્યો લાગતો નથી. તેમ છતાં ખૂબ ધૈર્યથી બંને પતિ-પત્ની રાહ જોતા હતા. પુત્ર હજુ સમજવા લાયક થયો ન હતો.

પ્રતીક્ષાની ઘડીઓ સમાપ્ત થઈ અને નસીબ જોગે તેઓ મેદિની પુર જિલ્લાના એક ગામમાં પહોંચ્યા. ત્યાં ઠાકુરદાસને મહિને બે રૂપિયાની નોકરી મળી. કશું નહી તો થોડુંક મળ્યું. આ ભાવ થયો. કુટુંબમાં એક ઉત્સવ જેવા ઉલ્લાસ આવ્યો અને માતા-પિતા અને પુત્ર ત્રણેને એમ લાગ્યું કે હમણાં નહીં તો ક્યારેક કિરણ ફેંકનારો સૂરજ ઊગશે ક્યારે ? આ કાંઈ નક્કી ન હતું. પણ ક્યારેક ઊગશે જ તેનો ઉપર ત્રણેને પૂરો વિશ્વાસ હતો.

આ ઉલ્લાસમાં વર્ષો વીતી ગયા અને એક દિવસ રાતના સમયે પોતાની માતાના પગ દબાવતા પૂછ્યું, "મા, મારી ઇચ્છા છે કે હું ભણીને મોટો વિદ્વાન બનું અને તમારી ખૂબ સેવા કરું."

"કેવી સેવા કરશે" -પુત્ર ભણવા લાગ્યો હતો તેથી સહેજ મનને મનાવવા, પ્રોત્સાહનના સ્વરોમાં માએ પૂછ્યું.

"મા, મે બહુ મુશ્કેલીના દિવસો ગુજાર્યા છે. હું તને સરસ ખાવાનું ખવડાવીશ, સારાં કપડાં લાવીશ." પુત્રને કાંઈક યાદ આવ્યું "તારા માટે ઘરેણાં બિવડાવીશ."

"હા બેટા, તુ જરૂર મારી સેવા કરીશ." - મા બોલી.

"કેવાં ઘરેણા - મા."

"મને ત્રણ ઘરેણા ખૂબ પસંદ છ" - માએ બતાવ્યું અને ઘરેણાનું વર્ણન કરવા લાગી. "પહેલું ઘરણું  તો એ છે કે આ ગામમાં કોઈ સારી સ્કૂલ નથી. તુ એક સ્કૂલ બનાવજે. અહીં દવાખાનાની અછત છે, તું એક દવાખાનું ખોલાવજે અને ત્રીજું ઘરેણું એ છે કે ગરીબ અને અનાથ બાળકો માટે રહેવા ખાવા પીવા અને શિક્ષણ માટે વ્યવસ્થા કરવાની છે."

પુત્ર ભાવવિભોર થઈને માતાના પગમાં માથું મૂકી દીધુ અને ત્યારથી તેનામાં એક એવી ધૂન ભરાઈ કે તે પોતાના માતા માટે તે ત્રણે ઘરેણા બનાવવા માટે તનતોડ મહેનત કરવા લાગ્યો. ખૂબ ભણી ગણીને વિદ્વાન બની ગયો અને કેટલાક મહત્વપૂર્ણ સ્થાનો ઉપર નિયુક્ત થઈ કામ કર્યું. જેના વેત માંથી સારી એવી રકમ મળતી હતી. પણ તેણે પોતાના માતાના તે ત્રણ ઘરેણાં સદૈવ યાદ રહેતા અને તે સારી સ્કૂલ, ઔષધાલય અને સહાયતા કેન્દ્રો ખોલતા ગયા.

એટલું જ નહી, સ્ત્રીશિક્ષણ અને વિધવા લગ્નનાં ઘરેણા પણ પોતાની માતાને ચઢાવ્યાં. આ અસાધારણ ઘરેણાને આજીવન બનાવતા રહેનારા મહા માનવ બીજું કોઈ નહીં, પં. ઈશ્વરચંન્દ્ર વિદ્યાસાગર હતા, જેમની સ્મૃતિમાં હવે મૈદિનીપુર જિલ્લાના તે ગામમાં વિશ્વવિદ્યાલય શરૂ થનાર છે. ( યુ.નિ.યો. નવેમ્બર - ૧૯૭૬ માંથી સંકલિત )

## ૬ મહેનતની કમાણી ખાઓ

"માણસ જેટલું કમાય, તેટલું જ ખાય" આ આદર્શને તેઓએ પોતાના જીવનમાં ઉતારેલો હતો. બીજી દિનચર્યાની જેમ તેઓ આ નિયમને બરાબર પાળતા હતા. તેઓ મહેનતની જ કમાણી ખાતા હતા.

તે દિવસોમાં તેઓ આશ્રમમાં રહેતા હતા. સૂતર કાંતવામાંથી જે કાંઈ મળતું, તેમાંથી જ ભોજનની વ્યવસ્થા થતી હતી. છેલ્લા ૧૫ દિવસથી સૂતરના એટલાં જ પૈસા મળતા હતા કે જેમાંથી મુશ્કેલીથી બાફેલા ચણા અથવા અડદની દાળ લઈ શકાય. આશ્રમમાં સામૂહિક ભોજનની વ્યવસ્થા હતી.  લોકોએ આગ્રહ કર્યો, "કેટલાક દિવસથી પૂરતો ખોરાક નહીં મળવાથી આપનું સ્વાસ્થ્ય કમજોર થયું છે, આપ સમૂહમાં ભોજન લેવાનું શરૂ કરો." પણ તેઓ પોતાના વ્રત માંથી ડગ્યા નહીં. "પોતાની કમાણીમાં સંતોષ" ની જે પગદંડી પર તેઓ ચાલતા હતા તે રાજપથ ઉપર તેઓ આબરૂ ભેર ચાલતા હતા.

આ સખતાઈ પાછળ તેઓનો હેતુ એ હતો કે માનવી પરિશ્રમથી આજીવિકા ઊભી કરે. હરામનું ખાવાનું માનવીની શારીરિક જ નહીં, બૌદ્ધિક શકિતઓને પણ પાંગળી બનાવે છે, જેનાથી તે અધોગતિ તરફ આગળ વધે છે. પોતાના જીવનની દિશાને ઊર્ધ્વગામી

બનાવવા માટે તેઓએ વ્રત લીધું હતું. મહેનતની કમાણી જ તેઓ હંમેશા પોતાના ઉપયોગમાં લેતા હતા.

લોકો સમજતા હતા કે આ તેઓની આશ્રમવાસીઓને શિક્ષણ આપવાની એક રીત છે પણ એક દિવસ તેઓની કસોટીનો સમય આવ્યો. દક્ષિણ આફ્રિકાના એક સત્યાગ્રહ આંદોલનમાં ગિરફતાર થયા પછી તેઓને પરિશ્રમ કારાવાસનો દંડ થયો. તેઓને જોહાનિસબર્ગની જેલમાં મોકલવામાં આવ્યા.

સાથી કેદીઓ જેલ અધિકારીઓએ આપેલા કામ બેદરકારીથી કરતા હતા પણ તે મહાપુરુષ પોતાના વ્રતને નિયમ પૂર્વક પાળતા હતા. તેઓને જે કામ આપવામાં આવતું તે તેઓ ઈમાનદારી અને પરિશ્રમથી પૂરું કરતા હતા.

એક દિવસ તેઓએ સમય પહેલાં પોતાનું કામ પૂરું કરી દીધું. બીજું કામ નહીં હોવાથી ચોપડી વાંચવા લાગ્યા. વૉર્ડરને ટોકયા "આપ આ શું કરો છો ? " તેઓ એ કહ્યું , "ભાઈ, સમયને નિરર્થક જવા દેવો જોઈએ નહીં. આપ કશુંક કામ આપો તો વાંચવાનું બંધ કરું."

સિપાઈએ કહ્યું  "સારું કોઈ વાત નહીં, અત્યારે તો આપ શોખથી પુસ્તક વાંચો પણ આજે ગવર્નરનું ઇન્સ્પેક્શન (નિરીક્ષણ) થવાનું છે, જ્યારે તેઓ આવે ત્યારે આપ સ્ટોર ઉપર રહેશો."

તેઓએ વાત માની લીધી. ગવર્નર આવ્યા અને તેઓને પૂછ્યું, "આપને અહીં કોઈ મુશ્કેલી તો નથી ને ?" તેઓએ તરત જ જવાબ આપો. " આમ તો બધું ઠીક છે પણ મારા માટે કામનો અભાવ છે. આપ કોઈ એવી વ્યવસ્થા કરી આપો જેથી મને પૂરતા સમયનું કામ મળે."

ગવર્નરને ખૂબ આશ્ચર્ય થયું - જેલમાં પણ તેઓને કામ માટે ફરિયાદ કરનાર છે. તેઓએ કહ્યું  "જ્યારે બીજા લોકો કામ કરવાથી દૂર ભાગે છે ત્યારે આપને મહેનત સાથે આટલો બધો પ્રેમ કેમ છે ?"

તેઓએ કહ્યું  "હું મારી જીવનશકિતને બરબાદ કરવા માગતો નથી એટલે મહેનતને હું મારો મુખ્ય ધર્મ માનું છું." જે લોકો મહેનતથી દૂર ભાગે છે, જે જેલમાં અથવા જેલ બહાર પોતાની શકિતને કાટ ખાતી કરે છે. કામ નહીં કરવાથી ઉત્સાહ જતો રહે છે, સ્વાસ્થ્ય બગડે છે, પ્રસન્નતા રહેતી નથી. આ બધા દીર્ઘાયુષ્યના દુશ્મનો છે. મારે ખૂબ કામ કરવું છે એટલે દીર્ઘજીવન પણ જરૂરી છે. નૈતિક પ્રવૃત્તિઓને જાગૃત રાખવા માટે મને કામથી પ્રેમ છે અને તે સદૈવ ચિર સ્થાયી રાખવા માગું છું."

ગર્વનર આ વિધાનથી ખૂબ પ્રભાવિત થયા. આપ સમજી ગયા હશો, આ માણસ બીજા કોઈ નહીં. પૂ. મહાત્મા ગાંધી હતાં. ( યુ.નિ.યો. મે - ૧૯૬૯ માંથી સંકલિત )

# ૭. નિર્ધન બાળકની બાપુને ભેટ

"હું બાપુને મળવા માગું છું"

"કેમ ?

"સાંભળ્યું છે કે તેઓ અસ્વસ્થ છે. એટલે તેઓ ભેટમાં કાંઈક આપવા લાવ્યો છે."

"તેઓને ડોકટરોએ પૂર્ણ વિશ્રામ કરવાની સલાહ આપી છે. એટલે તેમને કોઈને મળવા દેવામાં આવતા નથી." -સરોજીની નાયડુએ તેને સમજાવતા કહ્યું .

"પણ હું તો બે માઈલ પગે ચાલીને બાપુનાં દર્શન કરવા આવ્યો છું. એવી સ્થિતિમાં શું મારે નિરાશ થઈને પાછાં જવું પડશે." બાળકે વિનયપૂર્વક વિનંતી કરતાં કહ્યું .

"અરે, એ તો બતાવ કે તારી આ પોટલીમાં શું છે ?"

"તેમાં કેટલાક તાજાં અને મીઠા બોર છે. બાપુ માટે લાવ્યો છું. સાંભળ્યું છે કે મેલેરિયાના તાવને લીધે તેઓ ખૂબ કમજોર થઈ ગયા છે."

"હા બાળક, તારી વાત સાચી છે. સને ૧૯૪૨ ના આંદોલનમાં બાપુને પૂના પાસે આગાખાન મહેલમાં રાખવામાં આવ્યા હતા, ત્યાં તેઓ અસ્વસ્થ થયા હતા અને કમજોર

અવસ્થામાં તેમને છોડવામાં આવ્યા હતા. અહીં તેઓની સંભાળ રાખવાની જવાબદારી મારી ઉપર છે. બેટા, એ તો બતાવ કે આ બોર કોની પાસેથી માગીને લાવ્યો છે અથવા ખરીદીને લાવ્યો છે ?"

બાળકે માગીને લાવવાની વાત સાંભળતા તેનું સ્વાભિમાન જાગી ઊઠયું. તેણે કહ્યું "માતાજી, મારા માતા-પિતા ભીખ માગતાં નથી અને તેઓએ મને ભીખ માંગવાનું શીખવ્યું નથી. અમે ત્રણે મહેનત મજૂરી કરીએ છીએ અને પરસેવો પાડીને ખાવાનું ખાઈને ગુજરાન ચલાવીએ છીએ."

"તો આ બોર ખરીદવા પૈસા ક્યાંથી લાવ્યો ?"

"કોઈ ચોરી થોડી કરી છે ? મહેનતી કમાઈ માંથી આ ફળો ખરીદીને લાવ્યો છું. દિવસે મારી સ્કૂલમાં ભણવા જાઉ છું અને સવાર સાંજ એક બગીચામાં માળીની સાથે કામ કરું છું. આ વખતે અઠવાડિયાની મજૂરી મળી તેનો ઉપયોગ આ બોર ખરીદવામાં કર્યો." હવે આ બાળકની આંખોમાં શ્રમનું ગૌરવ ચમકતું હતું.

"તો તો તું સારો છોકરો છે. બાપુ આવા બાળકોને ખૂબ પ્રેમ કરે છે. હું તને એક શરત પર જવા દેવાની આજ્ઞા આપી શકું કે આ ફળ બાપુને આપી પ્રણામ કરી પાછાં આવી જવાનું. તેમની સાથે વાતચીત બિલકુલ કરવાની નહીં."

બાળકે સ્વીકાર માટે પોતાનું માથું હલાવ્યું અને બાપુના ખંડ તરફ ચાલવા માંડયું. તેનો ઉત્સાહ ઠંડી પડી ગયો હતો. વિચારતો હતો કે બાપુ કેટલા મહાન અને તેમની સાથે રહેનારા લોકો કેવા છે ? શું આ માણસોને જ બાપુના સ્વાસ્થ્યની ચિંતા છે ? તેઓ તો રાષ્ટ્રની થાપણ છે. દરેક માણસ તેમની અસ્વસ્થતાથી ચિંતિત છે. તેમની સાથે રહેનારી આ દેવીજી કદાચ મને એટલા માટે ધૂત્કારી રહી હશે કે હું નિર્ધન મજૂરનો દીકરો છું. મારાં વસ્ત્ર ફાટેલા અને મેલાં છે. શું એટલાં માટે નિર્ધનને ચોર અને ભિખારી સમજવામાં આવતા હશે. લોકો ભલે ગમે તેમ સમજે પણ મારું કુટુંબ ઈમાનદારીના રસ્તે ચાલે છે. ગાંધીના ખંડમાં દાખલ થતા સુધીમાં કેટલીય વાતો તેના મગજમાં આવી અને ચાલી ગઈ.

હવે તેણે પોતાને બાપુની સામે ઊભેલો જોયો. તેણે બાપુના ચહેરા ઉપર ખિરાયેલી મમતાનાં દર્શન કર્યા. તેને ખૂબ શાંતિનો અનુભવ થયો. તેણે પોતાના ફળની પોટલી તેમના પગ પાસે ખુલ્લી મૂકી પ્રણામ કરી અને પાછાં પગે બહાર નીકળવાં લાગ્યો. બાપુ સૂતાં સૂતાં જ ધીમાં સ્વરે બોલ્યા "બેટા, પાછાં ફરવાની એટલી ઉતાવળ શી છે ? આ બોર તું કેમ લાવ્યો છે ? આ તો તારે ખાવાની વસ્તુ છે ?

બાળક શાંત રહ્યો.

"તારું નામ શું છે ? તું આ સરસ બોર ક્યાંથી લાવ્યો ? તને દરવાજા ઉપર કોઈએ રોકયો નહીં ?"

પ્રશ્ન અનેક પણ ઉત્તર એકે નહીં. ગાંધીજીએ વિચાર્યું કે આ બાળક મૂંગો તો નહીં હોય. તેમણે ખૂબ મધુર અવાજથી પૂછ્યું "શું તને બોલવામાં કોઈ મુશ્કેલી છે ? એટલે મારી કોઈ વાતનો જવાબ આપતો નથી."

"નહીં બાપુ, હું મૂંગો નથી. દરવાજા ઉપર જે માતાજી બેઠી છે તેમણે મારી પાસેથી વચન લીધું છે કે હું આપની સાથે વાતચીત કર્યા વગર પ્રણામ કરીને પાછો ફરું. આ શરત સાથે મને આપના દર્શન કરવાનું સૌભાગ્ય મળ્યું."

"સારું, એમ વાત છે, આટલાં બધા બોર મારે માટે કેમ લાવ્યો ?"

"મારા પિતાજી વાતો વાતોમાં કહેતા હતા કે જો રોગીને તાજાં ફળ ખાવામાં મળે તો તેનું સ્વાસ્થ્ય જલદી સારું થાય છે. એટલે આટલાં બોર લાવીને આપની સેવામાં આવ્યો છું."

ગાંધીજીએ ફળો તરફ નજર નાખી કહ્યું "ખરેખર ફળ ખૂબ સરસ છે. તારા પ્રેમની મીઠાશે આ ફળોને વધુ મીઠાં બનાવ્યા છે. હું તારા ફળ અવશ્ય લઈશ પણ તે બહુ છે, તું અડધા ફળ પાછાં લઈ જા અને અડધાં હું ખાઈશ.

"નહીં બાપુ, હું એક પણ ફળ ખાઈશ નહીં. આ વખતે તો બધા બોર આપે જ ખાવા પડશે. આપનું સ્વાસ્થ્ય ખરાબ છે અને જલદીથી આપને રાષ્ટ્ર સેવા માટે તૈયાર થવાનું છે."

બાપુ પોતાના દેશના એક નિર્ધન બાળકની વાતો સાંભળી ગદગદિત થઈ ગયા. તેઓ ખૂબ ગૌરવનો અનુભવ કરવા લાગ્યા. જે દેશમાં બાળકો આટલાં ભાવના શાળી છે, પછી આ દેશને લાંબા સમય સુધી પરતંત્રતાની બેડીમાં જકડી રાખવો જોઈએ નહીં.

ગાંધીજીએ એક મોટું બોર શોધીને તેને આપતાં કહ્યું "હું તારી વાત માનીશ પણ આ બોર તારે લેવું પડશે."

ગાંધીજીના આગ્રહને બાળક કેવી રીતે ટાળી શકે ? તેને પ્રસાદ સમજીને તેણે લઈ લીધું. પાછાં ફરતાં ઝૂંકીને પ્રણામ કર્યા. બાપુએ પીઠ થપથપાવી પ્રેમથી આશીર્વાદ આપતાં કહ્યું "બેટા, પરિશ્રમની કમાઈ માંથી ખરીદેલી આ ભેટનો હું સહર્ષ સ્વીકાર કરું છું અને મારી દૃષ્ટિમાં તેનું અત્યધિક મહત્વ છે."

## ૮. બાપુના જીવનની ત્રણ પ્રેરક ઘટનાઓ

૧. ઉપવાસનો આનંદ : સ્વતંત્રતા મળતા જ દેશના વિભાજનને કારણે હિન્દુ મુસલમાન એકબીજાના ખૂનના પ્યાસા હતા. ગાંધીજી સુધી આ ઘટનાઓની સુચના દરરોજ

પહોંચાડાતી હતી. આ અનર્થકારી પ્રવૃત્તિઓ રોકવા માટે તેઓએ ઉપવાસ કરવા વિચાર્યું અને આ નિશ્ચયનો તરત અમલ કરી દીધો.

ઉપવાસ શરૂ કર્યા પછી ગાંધીજી ખરેખર પ્રસન્ન દેખાતા હતા. એક વખત કાર્યકર્તાઓએ તેઓને પૂછી લીધું "બાપુ, તમે ઉપવાસ શરૂ કર્યા પછી એકદમ પ્રસન્ન કેમ રહો છો ? જો કે કેટલાક લોકો ઉપવાસ શરૂ કર્યા પછી પોતાના ચહેરા પરથી મડદા જેવા દેખાય છે."

ગાંધીજીએ તેનો ઉત્તર આપતાં કહ્યું "ઉપવાસ કરતાં પહેલાં હું અન્યાયની વાતો સાંભળતો અને સાંભળ્યા પછી ચૂપ થઈ જતો હતો. જ્યારે મારામાં અન્યાયનો વિરોધ કરવાની શકિત આવી જતી ત્યારે હું અનીતિનો વિરોધ કરવા કમર કસતો અને આ જ મારી પ્રસન્નતાનું કારણ છે."

૨. બાળ પ્રેમ : ગાંધીજીના આશ્રમમાં કેટલાક બાળકો રહેતા હતા. તેમાંથી એક બાળક ગોશાળામાં સૂઈ જતો હતો. તેની પાસ કોઈ પથારી ન હતી. ગાંધીજી એકવાર ફરતા ફરતા ગૌશાળા તરફ ગયા તો તેમની નજર તે બાળક ઉપર પડી. તે સૂઈ રહયો હતો. ગાંધીજીએ તે બાળકને પૂછયું "તું રાતના અહીં સૂઈ રહે છે."

બાળકે કહ્યું "હા બાપુ."

"તું રાતના ઓઢે છે શું ?"

બાળકે પોતાની ફાટેલી ચાદર દેખાડી. ગાંધીજીએ ફરી કહ્યું "આનાથી ઠંડી લાગતી નથી શું ?"

"લાગે તો છે, બાપુ" બાળકે ઉત્તર આપ્યો.

આ સાંભળી ગાંધીજી તરત જ પોતાની ઝુંપડીમાં પાછાં ફર્યા. બાની બે જૂની સાડીઓ લીધી. જૂના છાપાં અને થોડું રૂ મંગાવ્યું. બા પણ તેઓની પાસે આવ્યાં અને તેઓ ગાંધીને સહકાર આપવા લાગ્યાં. બાના સહકારથી તેઓએ થોડીવારમાં ખોળ તૈયાર કરી લીધી. છાપાના મોટા ફૂકડા અને રૂ ભરીને બન્નેએ મળીને ગોદડી તૈયાર કરી અને જાતે જ તે બાળકને જઈને આપી આવ્યા.

બીજે દિવસે સવારે ફરી ગાંધીજી ગોશાળામાં ગયા. બાળકને પૂછયું, "રાતના ઊંઘ કેવી આવી ?"

"બહુ જ મીઠી ઊંઘ આવી રાતના, બાપુ" બાળકે કહ્યું . ત્યારે જ બાપુને સંતોષ થયો.

૩. ઈશ્વરનાં દર્શન : ઈ.સ. ૧૯૨૩ નો બનાવ છે. તે વર્ષે ખૂબ વરસાદ પડયો અને સાબરમતીમાં પૂર આવ્યું. નદી કિનારે જ ગાંધીજીનો આશ્રમ હતો તેથી પાણી ખૂબ ઝડપથી આશ્રમમાં આવવા લાગ્યું. અમદાવાદથી સરદાર પટેલે સૂચના મોકલાવી કે બધા લોકો આશ્રમ છોડી શહેરમાં આવી જાય, વાહનો મોકલવામાં આવે છે.

બાપુ કોણ જાણે વિચારમાં પડી ગયા, ઘંટ વગાડીને આશ્રમવાસીઓને એક સ્થળે એકઠા થવાની સૂચના આપવામાં આવી. પાણી આશ્રમનાં પગથિયાં ઉપર આવવા લાગ્યું હતું.

બધા એકઠા થયા તો ગાંધીજીએ કહ્યું "ભગવાનના કાળ સ્વરૂપનાં આપણે બધા દર્શન કરી રહ્યાં છીએ. સાથે જ આશ્રમ ખાલી કરવાની સૂચના પણ આવી ગઈ છે. જે લોકો શહેરમાં જવા માગે તે જઈ શકે છે. હું તો ભગવાનનાં દર્શન આ રૂપમાં પણ કરવાનો છું.

બાપુના ત્યાં રહેવાનો નિશ્ચય સાંભળી આશ્રમવાસીઓએ પણ તેઓની સાથે રહી ઈશ્વરના કાળ સ્વરૂપનાં દર્શન કર્યા અને ધસમસતું પાણી ધીમે ધીમે ઊતરવા લાગ્યું.

## ૯. કામ કોઈ નાનું નથી હોતું કે મોટું નથી હોતું

ઈ.સ. ૧૯૦૯ નો આ બનાવ હતો. તે સમયે મહાત્મા ગાંધી આફ્રિકામાં હતા. ભારતીય સ્વતંત્રતા સંગ્રામના રંગમંચ ઉપર તેઓ આવ્યા ન હતા, તેમ છતાં રંગભેદની નીતિના વિરુદ્ધમાં તેઓએ સત્યાગ્રહનું શસ્ત્ર શોધી લીધું હતું અને તે શસ્ત્રનો સફળતાપૂર્વક ઉપયોગ કરવાને લીધે દેશ વિદેશમાં ચર્ચા થવા લાગી હતી.

તે દિવસોમાં તેઓ લંડનમાં ગયા હતા. લંડનમાં કેટલાક ભારતીય નવયુવકો ભણતા હતા. તેઓએ જ્યારે સાંભળ્યું કે કોઈ હથિયાર વગર લડનારા અને લાઈમાં જીતનારા એક

અદ્ભુત ભારતીય સેનાની અહીં આવેલા છે તો તે ખરેખર તેઓની આકાંક્ષા આ ઉદ્ભૂત સેનાનીને પોતાની વચ્ચે બોલાવવાની થઈ હતી.

યુવા વિદ્યાર્થીઓના કેટલાક પ્રતિનિધિ ગાંધીજીને મળ્યા અને તેઓને ભારતીય વિદ્યાર્થીઓની આકાંક્ષાના સંબંધમાં બતાવતાં સભાનું પ્રમુખસ્થાન લેવા માટે આગ્રહ કર્યો. સિદ્ધાંત અને વ્યવહારમાં પૂર્ણરૂપે સ્પષ્ટ એવા ગાંધીજીએ સભામાં આવવા માટે સ્વીકાર કર્યો પણ એક શરત મૂકી કે સભામાં જે ભોજન આપવામાં આવે તેમાં માસનો જરા પણ ઉપયોગ થાય નહીં અને શરાબનો ઉપયોગ થાય નહીં. ભોજનમાં અતિથિ અને વિદ્યાર્થીઓને શુદ્ધ નિરામિષ અને સાત્વિક ભોજન જ પીરસવામાં આવે.

ગાંધીજીની શરત માનવામાં આવી અને કાર્યક્રમની રૂપરેખા નક્કી થઈ ગઈ.

એક હોલ ભાડે લેવામાં આવ્યો. બધી જરૂરી વસ્તુઓ ખરીદાઈ ગઈ અને ભારતીય વિદ્યાર્થીઓ જાતે જ રસોઈ કરવા લાગી ગયા કોઈએ વાસણ સાફ કર્યા તો કોઈએ રસોડું સંભાળ્યું. કોઈ શાક કાપવા લાગ્યા તો કોઈએ મીઠાઈ બનાવી.

તેઓની વચ્ચે એક દૂબળો પાતળો ભારતીય હતો જે દોડી દોડીને કામ કરી રહયો હતો. આ ભારતીય થાળી માંજી રહયો હતો. બપોરના જ્યારે ભોજન બનાવવું શરૂ થયું તો તે સમયે તે ભારતીય વાસણ માંજી રહયો હતો. એક કામ માટે થાળી વપરાઈને બીજા

કામમાં તેના ઉપયોગ માટે તે થાળી ભારતીય પાસે માંજવામાં મૂકવામાં આવતી અને તે ખૂબ તન્મયતાપૂર્વક માથું ઉંચુ કર્યા વગર કામમાં લાગેલો રહેતો હતો.

જ્યારે ભોજન બની ગયું તો આવેલા વિદ્યાર્થીઓએ ભોજન કર્યું. જે વિદ્યાર્થીઓએ આ ભોજન વ્યવસ્થાની જવાબદારી સંભાળી હતી, ભોજન પીરસવાની અને એંઠી થાળી ઉઠાવવાની કામગીરી પણ તેમને સોંપવામાં આવી હતી. તેઓ એંઠી થાળી ઉઠાવી લાવતા અને વાસણ માંજનારાની સામે રાખવામાં આવતી જેથી તે સાફ થઈ જાય.

બેશક સફાઈ કરવામાં વધુ વિદ્યાર્થીઓ જોડાયા અને કામમાં ઝડપ આવી. જ્યારે બધા લોકો ભોજન લઈ અને નિવૃત્ત થયા તો ઉપપ્રધાને આવી સ્વયંસેવી કાર્યકર્તાઓને ભોજન કરવા માટે કહ્યું .

તે સમયે ઉપપ્રધાન જ્યારે વાસણ સાફ કરી રહેલા વિદ્યાર્થીઓ પાસે આવ્યા તો તે ભારતીયને જોઈ આશ્ચર્ય પામ્યા તે ભારતીય યુવક કોઈ બીજા નહીં સ્વયં ગાંધીજી હતા.

"ગાંધીજી" ઉપપ્રધાને કહ્યું "આપ આ શું કરી રહયા છો ?"

આજુબાજુ ઊભેલા લોકો ગાંધીજીને પોતાની વચ્ચે આ રીતે જોઈ આશ્ચર્ય પામ્યા. સભામાં ઉપપ્રધાને ગાંધીજીની ક્ષમા માગી કે અપરિચયને લીધે તેઓ આ કામ કરતા રહયા અને વિદ્યાર્થીઓએ તેઓને રોકયા નહીં.

પછી ગાંધીજીએ પોતાના ભાષણમાં ઉપપ્રધાનની તે વાતોને માટે અકારણ ખેદ વ્યકત કર્યો અને કહ્યું  "કોઈ કામ નાનું નથી હોતું કે કોઈ કામ મોટું નથી હોતું. આપણે બધા પોતાના કુટુંબમાં પણ આ કામ તો કરીએ છીએ. અહીં તો કામને નાનું, મોટું માનતા નથી છતાં આપ શા માટે વ્યર્થ દુઃખી થાઓ છો ?

## ૧૦ આદતને વ્યવસ્થિત બનાવી રાખવી.

મહાત્મા ગાંધીના જીવનમાંથી ઘણા માણસોને જીવનનાં અનેક ક્ષેત્રોમાં પ્રેરણા મળી છે. મહાત્માનું જીવન એકાંગી નહીં, સર્વાંગીણ હોવું જોઈએ. શ્રેષ્ઠ માનવીના જીવનના નાના બનાવો જીવનના મહત્વપૂર્ણ સિદ્ધાંતનું પ્રતિપાદન કરે છે. મહાત્મા ગાંધીનો જીવનક્રમ પણ કાંઈક એવી રીતે ગોઠવાયેલો હતો. અહીં એક રજૂ કરેલી નાની ઘટના પણ પોતાની રીતે મહત્વપૂર્ણ શિક્ષણપ્રદ છે.

ગાંધીજી અલ્હાબાદ ગયા હતા. ત્યાં તેઓ -આનંદ ભવન- માં મહેમાનના રૂપમાં ઊતરેલા હતા. તેઓનું કાર્ય નિર્ધારિત સમયે થયા કરતું હતું. દૈનિક કાર્યોની વચ્ચે જયાં શક્ય હોય ત્યાં, વાતચીત, સલાહ વગેરે વડે લોકોને લાભાન્વિત કરતા હતા. સવારમાં દાતણ-પાણી, મોં ધોવાનો સમય નિત્યક્રમમાં ચલાવવાની સુવિધા હતી. એટલે પં. જવાહરલાલ નહેરુ

બાપુ સાથે ચર્ચા કરવા તે સમયે પહોંચી ગયા. બાપુ હસતાં હસતાં વાત કરતા ગયા અને પોતાનું દૈનિક કામ પણ કરતા રહેતા હતા.

અચાનક બાપુ બોલી ઊઠયા "અરે રામ રામ, ભાઈ જવાહર, તમે વાતચીતમાં ગરબડ કરાવી દીધી. જવાહરલાલજી પ્રશ્નાર્થરૂપે બાપુ સો જોઈ રહયા. તેઓને કોઈ ગડબડનાં ચિન્હ ક્યાંય દેખાતાં ન હતાં. બાપુ ક્યાંક મજાક તો કરી રહયા નથી ને ? પરંતુ બાપુના ચહેરા ઉપર ગંભીરતા આવી ગઈ હતી. હાથમાં ખાલી લોટો તેમને બતાવી બોલ્યા "તમારી વાતચીતમાં પાણીનું ધ્યાન ના રહ્યું અને મોં ધોતા પહેલા બધું પાણી પુરું થઈ ગયું.

એટલું સાંભળીને જવાહરલાલજી ખુલ્લી રીતે હસવા લાગ્યા અને બોલ્યા "બાપુ ! આપ પણ કમાલ કરો છો. આપ ગંગા-યમુનાના તટ પર બેઠાં છે, ક્યાંક રણમાં થોડા છો. અહીં પાણીની શું અછત છે કે જેથી આપ એક લોટો પાણીને માટે વિચારો છો " સામાન્ય દૃષ્ટિએ. વાત બરાબર હતી. ઘટનાને જોતાં આટલી નાની વાતને મહત્વ આપવું એ બાળકબુદ્ધિ કહેવાય. પણ આ ઘટનાને સ્થૂળ દૃષ્ટિથી જોતાં જુદું જ જણાય. જેણે સમજીને પોતાને સમજદાર સમજનારા પોતાની વિચારહીનતાને ઓળખી શકે છે.

બાપુ નહેરુજીની વાત સાંભળીને ગંભીર થઈ ગયા અને બોલ્યા "બીજા કોઈ નહીં સમજે પણ તમારામાં તો મારો દૃષ્ટિકોણ સમજવાની ક્ષમતા હોવી જોઈએ" નહેરુજીનું હાસ્ય અટકી ગયું. તેઓ જીજ્ઞાસુની માફક સાંભળવા તત્પર થયા. બાપુ બોલ્યા "હું રોજ એક લોટા પાણીથી મોં ધોઈ નાખું છું. આજે વધુ લેવું પડયું તો એમાં કાંઈ નવું નથી. પણ જો આ વૃત્તિની ઉપેક્ષા કરી અને પોતાની અસાવધાનીની આદત વધવા લાગી તો જીવનમાં તે બધી જગ્યાએ હસ્તક્ષેપ કરશે. નિર્ધારિત માત્રામાં પાણીથી મોં નહીં ધોવામાં, વધતી જતી અસાવધાનીનું પ્રતીક છે. આ માટે હું ચિંતનીય છું. પોતાના દુર્ગુણો ઉપર સડક નજર રાખવી વિકાસ માટે જરૂરી છે."

વાત નહેરુજીની સમજમાં આવી ગઈ. પણ બાપુની વાત હજુ પૂરી થઈ નહોતી. તેઓ બોલ્યા "જવાહર, તમારાથી એક સૈદ્ધાંતિક ભૂલ થઈ છે, બતાવો કઈ ? જવાહરલાલજી ફરીથી ચૂપ થઈ ગયા. બાપુએ ફરીથી સ્પષ્ટ કર્યું." મેં પાણી પુરું થઈ ગયાને મહત્વ કેમ આપ્યું એમ નહીં સમજવાનું કે પાણીની વાત હતી. મોં ધોવા માટે વધારે પાણીની જરૂર સ્વાભાવિક હતી. પણ એમ કહેવું કે પાણીની અછત નથી એટલે ખર્ચ અનિયંત્રિત કર્યા કરો, ભૂલ છે. કોઈ વસ્તુ પોતાની પાસે ઈશ્વરની કૃપાથી પ્રચુર માત્રામાં છે, તે કારણથી અને તેના વ્યયમાં કોઈ મર્યાદા ન રાખવી, એ મોટી ભૂલ છે, સમૃદ્ધિના નામે અસંતુલિત

થવાનો અર્થ છે અભાવને નિમંત્રણ આપવાનો. આપણી સમતુલિત જરૂરીયાતથી અધિક ખર્ચ કરવો અનૈતિક છે. શ્રેષ્ઠ માનવી માટે શોભા આપનાર નથી."

જવાહરલાલજીને સમાધાન થઈ ગયું. બાપુના આ ગુણ હતા, જેનાથી મોટી સંખ્યામાં યોગ્ય સમાજસેવી તૈયાર થયા હતા. આ સુક્ષ્મ દૃષ્ટિ જો ચાલુ રહી હોત તો આજે અપવ્યય વડે મોટાઈ મેળવવાની દોડ ચાલત નહીં અને રાષ્ટ્રની દરેક વસ્તુઓ સમુચિત ઉપયોગ કરી થોડામાં વધુ લાભ ઉઠાવી શકાત.

## ૧૧. હું ફૂલ નહીં કાંટો બનીશ.

"દાદા", તે ધીમેથી બોલ્યો. બંને ભાઈ લગભગ ત્રણ કલાકથી બગીચામાં ખોદકામ કરતા હતા. આશ્રમના ઉપવનમાં તેઓને આ રીતે કામ કરતા જોઈ પ્રાચીનકાળના શ્રમનિષ્ઠ ઋષિઓની કલ્પના સાકાર થતી લાગી. લાગ્યું કે "ક્રિયાવાન એષ બ્રહ્મવિદાં વરિષ્ઠ" વાળી મુંડકની શ્રુતિ સાકાર થતી હોય. તેને પોતાના મોટાભાઈ પ્રત્યે આદર હતો. તે એકલો કેમ સમગ્ર દેશ આ નાના શરીરધારીમાં તપ, જ્ઞાન, ભકિત અને કર્મની વિભૂતિને સાકાર થતી જોતા હતો. નાનો વિચારી રહયો હતો કે દેશ સ્વતંત્ર  થયો છે. કોંગ્રેસના લગભગ બધા કાર્યકર્તા કોઈને કોઈ મહત્વપૂર્ણ જવાબદારી સંભાળવામાં લાગી ગયા છે. દિલ્હીમાં હોદ્દાઓની વહેંચણી થઈ રહી છે, પણ ભાઈ તો અહીં ખોદકામમાં મસ્ત છે. તે

પણ ગાંધીજીના નિકટના સહયોગી હતા. તે ગમે તેવા સાથી ન હતા. તેઓ જ એકલા એવા હતા જેમના ઉપર બાપુને પૂરી શ્રધ્ધા હતી. માની લો કે તે સ્થિતપ્રજ્ઞ છે પરંતુ.....

કેટલાક દિવસોથી તેને આ શંકા માથામાં ઘૂમી રહી હતી. વિચારતો હતો કે અકાંત મળશે ત્યારે પૂછીશ. આજે તેઓ બે જ હતા. બીજા આશ્રમવાસીઓ પોતપોતાના કામમાં વ્યસ્ત હતા. આ સમયે તે શંકાનું સમાધાન મેળવવું યોગ્ય લાગ્યું.

"અરે શું છે ? કશું પૂછવા માગે છે ? " તેમની આંખોમાં નાના પ્રત્યે સહજ સ્નહ હતો.

"હા. દાદા."

"પૂછી નાખ," તેમના હાથમાં રહેલી ખુરપી પહેલાંની જ માફક ચાલતી રહી. ગુરુના પ્રયાસોની માફક જે કુસંસ્કારો, દોષોની વણઝારને કાઢી નાખી, ગુણોના ભારથી આગળ વધે છે.

"આમ તો પ્રશ્ન અટપટો છે, છતાં આપને ના પૂછું તો કોને પૂછું" વાણીમાં ખચકાટ હતો.

"નિઃસંકોચ રીતે તું કહે."

"આમ તો જયારે પંડિતજી, સદાર પટેલથી શરૂ કરી નાના મોટા બધાને કશુંક મળી રહ્યું છે આપ...." આગળના શબ્દો ગાળામાં અટકી ગયા.

"મને મંત્રીની ખુરશી કેમ ના મળી અથવા તે મેં કેમ સ્વીકારી નહીં એ મને..." કહેવાની સાથે તે હસી પડયા. કશું બોલ્યા તો નહીં, પણ ચહેરા ઉપર જણાવાની આતુરતા સ્પષ્ટ હતી.

"સાંભળ, કોઈ પણ ક્રાંતિ અભિયાનની સફળતા પછી ક્રાંતિકારીઓની જવાબદારીઓ પહેલાં કરતાં વધુ હોય છે."

"સફળતા પછી જવાબદારી પહેલાં કરતાં વધુ" - તેને આ અટપટુ વાકય સમજવામાં આવ્યું નહીં.

"હા, આ પ્રસંગે તેને બે વિભાગોમાં વહેચવું જોઈએ. પહેલો વિભાગ બદલાયેલી વ્યવસ્થા સંભાળે, જનજીવનમાં બદલાતી પરિસ્થિતિને અનુરૂપ નવા પ્રાણનો સંચાર કરે. બીજો વિભાગ પોતાને મહાશિલ્પીના રૂપમાં સમજે, નવા સંભાળનારા તૈયાર કરે, તેઓની સુરક્ષા કરે અને સમાજને સમર્પિત કરે."

"આ બીજું કામ તો વધારે અઘરું લાગે છે. ખરું ને. "

"તે સાચું જ કહ્યું  અને દરેક ક્રાંતિનીસાથે દુર્ભાગ્ય રહ્યું છે કે લોકોમાં આ કામ માટે ઉમંગ હોતો નથી. પરિણામે પરિવર્તન પછી આશાઓ, અપેક્ષાઓ ઝાંખા પડતાં જાય છે. ધીરેધીરે પહેલાની સ્થિતિ આવી જાય છે. અત્યારે પણ થોડુંક એવું દેખાઈ રહ્યું છે."

"હેં," તેનું મગજ કોઈ અજ્ઞાત આશંકાઓથી ભયભીત થઈ ગયું.

"અરે, ચિંતા ના કરીશ, સર્જનહાર બધું સંભાળી લેશે. તેઓએ ભાઈની તરફ પ્રેમથી જોવા માંડયું. આ વાતને ઉંડાણથી સમજી લે. આ બે વિભાગ સમાજરૂપી વૃક્ષમાં ફૈલ અને કંાટાની જેમ છે. ફૂલ સમાજ દેવતાના માથા પર ચઢે છે, સન્માન મેળવે છે, પણ બહુ ઓછા લોકો આનાથી પરિચિત છે કે તેઓને આ સ્વરૂપ અને સૌંદર્ય કાંટાઓએ આપ્યું છે."

"કાંટાઓએ." નાનાએ આશ્ચર્યથી મોટા તરફ જોયું.

"હા, કાંટાઓએ. જેદેશ અને જાતિના દુઃખોમાં ભાગ લઈ શકે છે, સુખ પેદા કરનારા ઉપજાવી શકે છે, છતાં પોતે તે સુખનો ત્યાગ કર્યો છે. તી૧ણ કાંટાઓ જેમણે પુષ્પોની રક્ષાનો ભાર ઉપાડયો છે, તેઓ ફૂલ તોડનારાની આંગળીને સ્પર્શ્યા વગર રહેતા નથી, પણ જયારે ફૂલોને સમ્રાટના મુગટ ઉપર શોભાયમાન થવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે તો કાંટાઓ તેની સાથે જતા નથી, પણ સ્ફુી ડાળી ઉપર ઠંડી અને ઋતુઓની કંઠોરતાનો સામનો કરે છે. દેશ અને સમાજને આવાં કાંટા જોઈએ છે.

હવે નાનાને સમજાયું કે મોટા ભાઈએ આ માર્ગ કેમ પસંદ કર્યો ?

તેઓએ આગળ કહેવાનું શરૂ કર્યું. "તુ તો ઈતિહાસ શીખ્યો છે. ચળવળ કરનારાઓના પ્રવેશ સમયે ભારત એક એવો બાગ હતો કે જેમાં કોઈ માળી ન હતો. ફળ, ફૂલથી ભરેલા

આ ઉપવનમાં માળી તો શું એક કંાટો પણ ન હતો.અને ફળ ફૂલની રક્ષા માટે કાંટાઓની વાડ પણ ન હતી. જેને મનમાં આવ્યું તેમ કરતા, તેની પગદંડી રગદોળી, અનેક ફૂલ મસળી નાખ્યાં, ફળ બરબાદ કર્યા. પૂરા બે હજાર વર્ષથી આમ થતું આવ્યું છે." કહેતાં કહેતા તેઓની આંખોમાં આંસુ આવી ગાય. ભાવવિભોર થઈને બોલ્યા" "જાણે છે શા માટે ? ફકત એટલા માટે કે સાંસ્કૃતિક જીવનમાં પ્રહરી આ કાંટા ન હતા. મેં મારા માટે આ કર્તવ્ય નિશ્ચિત કરેલું છે." સાંસ્કૃતિક જીવનના આ પ્રહરી હતા-સંત વિનોબા અને જિજ્ઞાસુ હતા તેમના નાના ભાઈ બોલકોવા.

## ૧૨ વિરાટની આરાધના જ સાચી પૂજા

ઈ.સ. ૧૯૫૮ ના મે માસની એક સવાર હતી. વિનોબા પંઢરપુર (મહારાષ્ટ્રના વિઠોબા મંદિરના ચબૂતરા ઉપર પોતાના સહયોગીઓ સાથે બેસી કાંઈક વિચાર વિમર્શ કરી રહયા હતા. ત્યાં ભગવા વસ્ત્ર પહેરેલી એક આધેડવયની મહિલા આવી. વિનોબાને પ્રણામ કર્યા અને એક ખૂણામાં ચૂપચાપ ઉભા રહી તેઓની વાતો સાંભળવા લાગી. ઇશારાથી વિનોબાએ તેને બેસી જવા કહ્યું . થોડા સમય પછી વાતચીત પૂરી થઈ.

"કેમ આવવું  થયું ?" વિનોબાએ આગંતુકને પૂછયું.

"બહુ વખતથી મળવાની ઇચ્છા હતી, તેથી આવી ગઈ, પણ મેં જેવું વિચારેલું હતું, આપ તેવા ન નીકળ્યા."

"કેવા ?"

"વિચારેલું કે આપ અમારી જેમ ભગવા ધારણ કરનારા કોઈ યોગી હશો. 'સંત વિનોબા' નામથી તો એમ પ્રતીત થાય, પણ હવે સાક્ષાત્કારથી સ્થિતિ સ્પષ્ટ થઈ."

"એક વાત પૂછું ?" મહિલાનો સવિનય પ્રશ્ન હતો.

"પૂછો !"

"આપનું ચિંતન અને આચરણ ખૂબ સાત્વિક છે. વેશભૂષા સંત જેવી છે. જરૂરિયાતો ન્યૂનતમ છે. જો આપ ક્યાંક એકાંતમાં સાધના કરતા હોત, તો નિશ્ચય જ ઈશ્વર સાક્ષાત્કાર આ જન્મમાં થઈ જાત, તો પછી આપે સમાજસેવા કેમ સ્વીકારી ?"

"જો આજે કર્મની જરૂરિયાત છે, તો શું આપ એ સમજતી નથી કે લોકો ધર્મના નામે મંદિર, મસ્જિદ, ગુરુદ્વારામાં પૂજા-ઉપાસનાની આરતી ઉતારી સમય બગાડી રહયા છે ?" વિનોબાએ જવાબ આપ્યો.

"તો શું આપનું તાત્પર્ય ઈશ્વર ઉપાસના છોડી દેવા માટે છે ? શું સાચી આસ્તિકતા ઈશ્વર ઉપાસના છોડવાથી અને નાસ્તિકતા સ્વીકારવામાં છે ?"

"નહીં, મારો આ આશય ક્યારેય નથી. મારું તાત્પર્ય માત્ર એટલું છે કે જો ભગવાન કણકણમાં સર્વત્ર સમાયેલા છે તો તેમની આરાધના મંદિર સુધી સીમિત કેમ છે ? મસ્જિદ કે ગુરુદ્વારામાં જ કેમ ? તે તો મનુષ્યની સૃષ્ટિ છે અને તેમાં તો ફકત તેમની કળાની ઝલક મળે છે. બુદ્ધિ કૌશલનો ખ્યાલ આવે છે. જો ઈશ્વરની ઝાંખી આપણે કરવી છે તો આ વિશાળ વિશ્વ ઉપર દૃષ્ટિપાત કેમ ના કરીએ, જેના સર્જન ઈશ્વર છે - જે ઈશ્વરે મનુષ્યનું પણ નિર્માણ કર્યું છે. તો આપણે તેમના સાકાર અને સજીવ રૂપની આરાધના કેમ ના કરવી જોઈએ ?"

"આપનું સૂચન જનતા જનાર્દન સેવામાં છે."

"હા", વિનોબાએ ટૂંકમાં ઉત્તર આપ્યો અને ગંભીર વાણીથી કહેવાની શરૂઆત કરી. "માનવી ભગવાનની સૃષ્ટિનું શ્રેષ્ઠ અને વરિષ્ઠ પ્રાણી છે. દરેક પિતાને પોતાના શ્રેષ્ઠ પુત્ર પ્રત્યે વધુ સ્નેહ અને લાગણી હોય છે. જ્યારે તે પતિત અને ધર્મથી વિમુખ થવા લાગે છે, તો તેને ખૂબ દુઃખ થાય છે. એવામાં કોઈ તેના પુત્રની સહાયતા કરે છે, તેઓએ સાચો માર્ગ બતાવે છે, તો તેઓને ખૂબ જ આનંદ થાય છે અને તે બદલામાં તેઓને ઇનામ

આપે છે. શું આપે તે કહાની સાંભળી હશે, જેમાં એક શેઠનો રૂપિયાનો થેલો ખોવાઈ ગયો અને એક માણસે તે પાછો  પહોંચાડયો, તો શેઠે તેની ઈમાનદારી અને પ્રામાણિકતા ઉપર ખુશ થઈને તેને મોટું ઇનામ આપ્યું. ઈશ્વરને પણ એવી જપ્રસન્નતા થાય છે. જ્યારે કોઈ તેનાં સંતાનો અને વિશ્વઉદ્યાનની ઉન્નતિ-પ્રગતિ માટે તત્પર થાય છે અને આગળ વધે છે. પ્રતિદાનમાં અનુદાન-વરદાનથી તે ઈશ્વર તેને ન્યાલ કરી દે છે."

"તો તમે એમ કહેવા માંગો છો કે ઈશ્વરને પોતાની આરાધના કરતા પોતાની રચનાની આરાધના વધુ પ્રિય છે ?"

"બિલકુલ, બરાબર સમજવામાં આવ્યું. દરેક રચનાકાર પોતાની પૂજા કરવાની સરખામણીમાં તેની રચનાની પૂજા થાય તે વધુ પસંદ કરે છે."

"થોડુંક વધારે સ્પષ્ટ કરીએ."આગંતુક મહિલાએ જિજ્ઞાસા દર્શાવી.

"મૂર્તિકાર પ્રતિમા તો બનાવી દે છે." વિનોબા કહેવા લાગ્યા,"પણ પ્રશંસા તો વિગ્રહની સુંદરતાની થાય છે. મૂર્તિકારની સુંદરતાનાં ક્યાં કોઈ વખાણ કરે છે. તેની સુંદર કલાકૃતિમાં તેની નિપૂર્ણતાની ઝાંખી લોકો અવશ્ય કરી લે છે, છતાં પૂજા તો મૂતિની જ થાય છે. વિગ્રહ નિર્માતાની પણ એ જ ઇચ્છા હોય છે કે રચનાની જ પૂજા થાય, લોકો તેને જ સજાવે, કારણ કે તે જાણે છે કે તેની ઓળખ અને તેના પ્રત્યે લોકોની શ્રદ્ધા તેની

રચનાને કારણે છે અને તેના વડે તે ચિરસ્થાયી અને ચિરસ્મરણીય બની શકે છે. ઈશ્વર પણ આ જ પસંદ કરે છે કે તેનું વિશ્વઉદ્યાન લહેરાતું રહે અને તેના આ સ્વરૂપની સજાવટ સંભાળ અને પૂજા લોકો કરે. પ્રતિમામાં સમાયેલા રૂપની નહીં."

સંન્યાસીનીને વાત સમજાઈ ગઈ. તેમણે તે પૂર્ણરૂપે આત્મસાત્ કરી લીધી કે નિર્માણની રક્ષામાં જ નિર્માતાની ઇચ્છા સમાયેલી હોય છે. આ કાર્ય વડે તેને પ્રસન્ન કરી શકાય છે.

સંન્યાસિનીને વાત સમજાઈ ગઈ. તેમણે તે પૂર્ણરૂપ આત્મસાત્ કરી લીધી કે નિર્માણની રક્ષામાં જ નિર્માતાની ઇચ્છા સમાયેલી હોય છે. આ કાર્ય વડે તેને પ્રસન્ન કરી શકાય છે.

તેણે વિદાય લીધી. વિનોબાને પ્રણામ કર્યા અને ચાલવા માંડી. રસ્તામાં અનેક પ્રકારના વિચારો આવવા લાગ્યા. મંથન શરૂ થયું. તે વિચારવા લાગી. "હાય, દસ વર્ષ મેં આમ જ ગુમાવી દીધાં. ઘર-પરિવાર ને દેશ છોડીને સાધુ મંડળીમાં એટલાં માટે જોડાયેલી કે સત્સંગ અને ભજન કીર્તનથી ઈશ્વરને મેળવી લઈશ. પણ આજે જ્ઞાન થયું કે હજુ સુધી હું ભ્રાન્તિમાં હતી. તેનાથી બેવડું નુકસાન થયું.- 'માયા મળી નહીં, રામ મળ્યા નહી.' 'ઊલટું પલાયનવાદી, હરામખોર, કામચોર, જેવા વિશેષણોનું કલંક માથા ઉપર લાગ્યું. તેનાથી તો સારું હતું કે નિરાકાર ઈશ્વરના સાકાર સ્વરૂપ દરિદ્રનારાયણ, સમાજ દેવતાની આરાધના કરી હોત. તો પ્રત્યક્ષ શ્રદ્ધા, સન્માન, શાંતિ અને સંતોષ મળ્યો હતો.

આ ઈશ્વરનું પ્રત્યક્ષ અનુદાન નથી ? હજુ પણ સમય છે, મારે આ ભ્રમમાંથી છૂટવાનું છે અને સમાજસેવામાં જોડાઈ જવું જોઈએ. ક્યાંય સારું થાય, અમારી માફક ભારતના કહેવાતા સંન્યાસીઓએ પણ સમય જતા કર્તવ્ય જ્ઞાનનું ભાન થાય. હે ઈશ્વર ! તે એમ સમજે છે કે કલાકો સુધી ભજન કીર્તનમાં સમય વિતાવવો અને વિગ્રહની સમક્ષ થોડા આંસુ વહેવડાવવાથી ભગવાનની સાચી ભકિત નથી, પણ સાચા ભક્ત તો તે છે, તે સમાજ પ્રત્યેની પોતાની જવાબદારીનું સાચું પાલન કરે છે. મહાકાળની પણ એ ઘોષણા છે કે સાચો ભક્ત તે છે, જેનામાં તડપ છે, કરુણા છે, સક્રિયતા છે. તડપ સમાજ પ્રત્યે, કરુણા બીજાઓ પ્રત્યે અને સક્રિયતા તેઓ માટે સ્વયંની તત્પરતા પ્રત્યે. આ ભકતની બદલાયેલી વ્યાખ્યા છે. એનાથી એમ લાગે છે કે હવે ભગવાને પણ પોતાની મનઃસ્થિતિ બદલી લીધી છે અને બદલાયેલી પરિસ્થિતિમાં હવે એવા લોકો ઉપર પોતાની સવારી કરવાનો નિશ્ચય કર્યો છે. એટલે આપણે બધાએ તેઓના વાહન બનવા માટે હવે વધુ સમય ગુમાવવાનો નથી અને જલદીથી તૈયાર થઈ જવું જોઈએ."

વિચારોની પરંપરા ચાલી અને એક નવું કર્તવ્ય જ્ઞાન જાગ્યું. જેથી તેણી પોતાનાં ભગવા કપડા ત્યાગી અને સમાજસેવાના ક્ષેત્રમાં આવી પડી અને આજીવન મુંબઈની ગંદી વસતી અને આસપાસનાં ગામોમાં અછૂતોદ્ધારનું કામ કરતી રહી. તે બીજું કોઈ નહીં, પોતાનો દેશ છોડીને ભારતમાં સાધનાત્મક જીવન વિતાવવા માટે આવેલી જર્મન મહિલા લ્યૂસી યેન

હતી. જેનું નામ બદલીને વિનોબાએ હેમાબહેન રાખ્યું હતું. આજે સમાજમાં એવી જ બહેનોની જરૂરિયાત છે.

## ૧૩. 'સમ વેદના' ની સાચી અનુભૂતિ

"જુઓ આ બૂમાબૂમ કેમ થાય છે ?" પતિએ પત્નીને કહ્યું  અને બંને તે બાજુ દોડયાં. જઈને જોયું તો નદીના અગાધ પાણીમાં આઠ નવા વર્ષનો બાળક તણાઈ રહયો હતો. આજુબાજુ ઊભેલા લોકો આ તમાશો જોઈ રહયા હતા. બાળકના માબાપ અને સગાસંબંધીની કરુણ ચીસો સંભળાતી હતી.

તે બન્ને હમણાં થોડા દિવસ પહેલાં ભારતમાંથી આવ્યા હતાં. ઓકસફર્ડમાં ઉચ્ચ શિક્ષણ માટેની બધી વ્યવસ્થા કર્યા પછી પાસેના આ સ્થાનમાં આનંદ મેળવવા આવ્યા હતા. હેતુ હતો ફરવાનો, વિચારેલું કે આ બહાને પત્નીની સૂગ દૂર થશે ઓકસફર્ડથી થોડે દૂર વહી રહેલી નદીની આસપાસનું દૃશ્ય ખૂબ સુંદર હતું. નદીના તેજ પ્રવાહથી બંને કિનારા ઉપરનું સુંદર દૃશ્ય સુંદર ઝાડપાન કોઈને પણ પોતાની તરફ આકર્ષિત કરવા માટે પૂરતાં હતાં.

એવી એક જગા ઉપર બેઠેલા, આનંદ કરી રહેલાં તે દંપતી જયાંથી શોરબકોર આવતો હતો તે તરફ દોડી ગયાં. ઘણા બધા લોકો એકઠા થયા હતા, પણ કોઈ નદીમાં કૂદીને

બાળકને બચાવવાનો પ્રયત્ન કરતું ન હતું. કારણ ફકત એટલું જ કે બધા નદીના જોરદાર પ્રવાહથી ભયભીત હતા અને કોઈ આ પુણ્ય કામ કરવા જતા પોતે ડૂબવા માગતા ન હતા. તેમછતાં સંઘર્ષ કરી રહેલા બાળકને આમ કર, તેમ કરની સલાહ બધા આપી રહયા હતા. સલાહ ફકત સલાહ છે, મદદ એ મદદ છે. આ બન્નેમાં ખૂબ તફાવત છે, તેને માટે જરૂર છે સંવેદનશીલ હૃદય અને શરીરની તત્પરતાપૂર્ણ સક્રિયતા. તે ભારતીય યુવક પોતાનામાં આ બન્નેનો અહેસાસ કરી રહયો હતો. તેણે વિચાર્યું જ નહી નિર્ણય કરી લીધો, જે કાંઈ થવાનું હોય તે થાય પરંતુ આ બાળકને બચાવશે.

તેના હાથની આંગળીઓ, કોટ પેન્ટ, ટાઈ અને બુટ ખોલવામાં  ઉતારવામાં સક્રિય થઈ ગઈ. -અરે અરે, શું તમે નદીમાં પડીને પોતાનો જીવ ગુમાવવા માગો છો ?- ત્યાં ઊભેલા લોકોમાંથી કોઈએ કહ્યું  અનેબધા તે વીર નરને જોવા લાગ્યા.

-હા, બાળકને તરફડતો જોઈ, જે પીડાનો અનુભવ કરી રહયો છું તે કાં તો બાળકને બચાવી લેવાથી શાંત થશે અથવા બચાવતા મરી જઈશ."

"શું થાય છે ?" કોઈએ કહ્યું .

"હિંમતવાળો છે." કોઈએ પ્રોત્સાહન આપ્યું.

" અરે બહેનજી (મેડમ) તમે તમારા પતિને આ મૃત્યુની ધારામાં પડતાં કેમ રોકતાં નથી ?" સૌ કોઈ સહાનુભૂતિના સ્વરમાં તે યુવકની પત્નીને સલાહ આપવા લાગ્યા. તે દરમ્યાન તે યુવકે કપડા ઉતારી લીધા હતા. તેણે જોયું કે બાળક હવે થાકી ગયો છે અને થાકીને તે વહેવા લાગશે અથવા પાણીમાં ડૂબી જશે.

એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના તે એકદમ પાણીમાં કૂદી પડયો. જેમ તેમ કરીને બાળકને ધકેલીને કિનારા ઉપર લાવી દીધો, જયાંથી તે બાળકને પકડીને લોકોએ ખેંચી લીધો. યુવક પણ બહાર નીકળવા જતો હતો ત્યાં પાણીનો જોરદાર પ્રવાહ આવ્યો અને તે દૂર જઈ પડયો. આ અચાનક આવેલી પરિસ્થિતિ એમ લાગયું કે તે ડૂબી ગયો. પત્ની એકીટશે પોતાના સર્વસ્વની આ દશા જોઈ રહી હતી. અંતે સંઘર્ષની કુશળતાથી તે મોતના મોંમાંથી બહાર આવી ગયો.

થોડાક સ્વસ્થ થયા પછી જનસમુદ્રાયે પુછયું "કદાચ મરી ગયો હોત તો ?"

"સંવેદનશીલ હોવાની જગાએ તો મરી જવું સારું છે."

"તો સંવેદનાનો અર્થ મોતને પાસે લાવવાનો છે ?" પૂછનારાના સ્વરમાં થોડોક વ્યંગ હતો.

"નહીં, સંવેદનાનો અર્થ છે - સમ-વેદના અર્થાત્ બરાબરનું દુઃખ, દુઃખ-પીડાથી ઘેરાયેલ માણસ માટે હૃદયમાં અનુભવ થાય ત્યારે સમજવાનું કે સંવેદના જાગી છે. આ અનુભૂતિનું નામ મનુષ્યત્વ છે." તેના હોઠો ઉપર એક ગૌરવભર્યું હાસ્ય રમતું હતું. મનુષ્યત્વની સહજ અનુભૂતિ કરનારા આ ભારતીય દંપતી હતું - લાલા હરદાયલ અને તેમના પત્ની સુંદરરાણી. તેમના જેવી અનુભૂતિ જ જીવનની સાર્થકતા છે.

## ૧૪. બહાદુર હો તો સચ્ચાઈના માર્ગે આગળ વધો

ઈ.સ. ૧૯૨૨ માં એક અમાસની રાતે એક વામક નદીનાં કિનારો હતો. ગુજરાતના પ્રસિદ્ધ સમાજસેવક રવિશંકર મહારાજ નદીના કિનારાની પગદંડી ઉપ ચાલતા જઈ રહયા હતા. ત્યાં તેમના ખભા ઉપર પાછળથી હાથ મૂકી કોઈએ કહ્યું , "મહારાજ, આપ આગળ ક્યાં જાઓ છો ? પાછાં ફરી જાઓ."

મહારાજને સ્વર પરિચિત લાગયો. પૂછયું "કોણ છે ? પૂંજો."

"હા, મહારાજ, આગળ ના જશો. ભય છે."

"કેવો ભય"

"આગળ રસ્તામાં બહારવટિયાઓ સંતાયા છે." કોણ ? દરિયા નામ છે ?

"હા, તે છે. મારી સલાહ છે કે આપ આગળ ના જશો. ખાલી આબરુ આપવાથી શો લાભ થશે ?"

મહારાજ હસ્યા. તેઓ કહેવા લાગ્યા, "ભાઈ, મારી આબરુ એટલી નાની નથી કે થોડીક વાતમાં પૂરી થઈ જાય. હું તેની જ શોધમાં અહીં આવ્યો છું. ચાલ, હવે તું જ મને ત્યાં પહોંચાડી દે, કારણ કે તેં આખો રસ્તો જોયેલો છે અને તે જગા પણ તને ખબર છે, જયાં તેઓ સંતાયેલા છે."

"ના, ના, મહારાજ, મારી તો હિંમત ત્યાં જવાની નથી. જો તેઓમાંથી કોઈએ હુમલો કર્યો તો હું આપને બચાવી શકીશ નહીં અને મારો પ્રાણ બેકારમાં જશે." એટલું કહી પૂંજો અટકી ગયો.

"સારું તું રોકાઈ જા. હું આગળ જાઉ છું." એટલું કહી મહારાજ આગળ વધવા લાગ્યો.

તેઓ ચાલતા ચાલતા એક ખેતરની વાડ પાસે ઉભા રહી ગયા. એટલામાં તેઓએ જોયું કે એક માથે ફેંટો બાંધેલો, બંદૂક લઈને તેમની સામે ચાલતો આવતો એક માણસ જોયો. જ્યારે બંને વચ્ચેનું અંતર ઓછું થઈ ગયું તો તે વ્યકિતએ બંદૂક તાકી.

મહારાજ ખડખડાટ હસી પડયા. તેઓને બારડોલીનો સત્યાગ્રહ યાદ આવ્યો અને તેઓનું સાહસ બમણું થઈ ગયું. તેઓ બોલ્યા "કેમ ? શું આજે એકલો છે ? તારા બીજા સાથીઓ ક્યાં છે ?"

હવે મહારાજ અને બંદૂકધારી બન્ને પાસથી એક ઝૂંપડીની નજીક આવી ગયા, જયાં બીજા ડાકૂ સંતાયા હતા. એકે જોરથી કહ્યું  "ખબરદાર, જો એક પગલું પણ આગળ વધ્યો છે તો.." અને મહારાજ લાપરવાહીથી તે બાજુ આગળ વધવા લાગ્યા જે બાજુથી તે અવાજ આવ્યો હતો. સામેથી એક ઘોડેસવાર ડાકુએ આવીને પૂછયું "તમે કો છો ?"

"હું ગાંધીની ટોળીનો બહારવટિયો છું. આવો આપણે બેસીને વાતચીત કરીએ. હું તમને બધાને બોલાવા આવ્યો છું." એટલું કહીને મહારાજે ઘોડાની લગામ પકડવા હાથ લંબાવ્યો.

બધા લોકો ઝૂંપડી પાસે બસી ગયા. મહારાજે સમજાવવાનું શરૂ કર્યું, "ભાઈઓ, તમારી શકિત-તાકાત જ બતાવવી છે તો તે અંગ્રેજોને કેમ બતાવતા નથી, જેમણે આખો દેશ પાયમાલ કરી દીધો છે. આ ગરીબોને લૂંટીને મર્દાનગી બતાવવી શરમની વાત છે. હવે ગાંધીજીના નેતૃત્વ હેઠળ તરત જ આંદોલન શરૂ થશે. જો તમારામાં પુરુષાતન હોય, તો ગોળીઓ ખાવા ચાલો. ગાંધીજીએ તમને બધાને આમંત્રણ આપ્યું છે." આટલું કહેતાં કહેતા

મહારાજની આંખમાં પાણી આવ્યાં. ગળુ રૂંધાવા લાગ્યું. ડાકુઓ આ અંતરંગ સ્નેહની ભાવવિભોર થઈ ગયા.

પોતાના હથિયાર સોંપતાં તેઓના સરદારે કહ્યું  "આપ નિશ્ચિત થઈ જાઓ. આજે અમે આપના ગામ ઉપર હુમલો કરવાના હતા, હવે નહીં કરીએ. સાથે એક માણસ મોકલું છું."

મહારાજે કહ્યું , "તમે મારી ચિંતા ના કરશો, હું એકલો આવ્યો હતો અને એકલો જ ચાલ્યો જઈશ. સાથ આપવો હોય તો તે કામમાં સાથ આપો જે ગાંધીજીએ અને ભગવાને આપણને બધાને સોપ્યું છે."

ડાકુઓમાંથી કેટલાકે કુકૃત્ય છોડી દીધાં અને કેટલાક સત્યાગ્રહ આંદોલનમાં ખૂબ સહકાર આપવા લાગ્યા.

## ૧૫. આત્મવિશ્વાસનો વિજય

રાજકારણમાં આવતા પહેલાં સ્વ.રાષ્ટ્રપતિ ડો.રાજેન્દ્રપ્રસાદ અત્યંત સરળ, સીધા, અલ્પભાષી અને શિસ્તાપ્રિય હતા. આત્મવિશ્વાસ સ્વ.રાષ્ટ્રપતિના જીવનની મોટામાં મોટી વિશેષતા હતી. ખરેખર એવી જ વિશેષતા માનવ જીવનને ગૌરવાન્વિત કરે છે, તેને આગળ લાવે છે.

રાજેન્દ્રબાબુના વિદ્યાર્થીકાળની આ ઘટના છે. તે વિદ્યાલયમાં પોતાની સરળતા અને શિસ્તપ્રિયતનાને લીધો સન્માનિત થયા ન હતા. પણ પરિશ્રમપૂર્ણ અધ્યયનમાં અગ્રણી વિદ્યાર્થીઓ સાથે તેઓનું નામ લખાતું હતું. તેઓ કહેતા હતા - જે વિદ્યાથી અભ્યાસકાળ દરમિયાન મન લગાવીને ભણે, શીલ, શરીર અને ચારિત્ર્યનું રક્ષણ અને વિકાસ નથી કરતા તેઓની તૈયારી કાચી રહી જાય છે. તેઓ મોટા થઈને કોઈ મહત્વપૂર્ણ કામ કરી શકતા નથી. ફકત રોજીરોટી માટે અહીં તહીં ભટકે છે.

પોતાના સિદ્ધાંતો તેઓએ બીજાને સમજાવ્યા કે નહીં બીજી વાત છે પણ જાતે ખૂબ મહેનતુ, દૃઢતા અને આત્મવિશ્વાસની સાથે તે માર્ગ ઉપર ચાલ્યા શક્ય છે કે સાધનાનો પ્રભાવ તેઓને રાષ્ટ્રના સર્વોચ્ચ સન્માન સુધી પહોંચાડવામાં સફળ થયો. સંસારમાં જેટલા મહાપુરુષ થઈ ગયા, તેઓમાં આવી વિશેષતા જરૂર જોવા મળી અથવા એમ કહેવું જોઈએ કે જેમણે વિશ્વમાં કાંઈક વિશિષ્ટ કાર્ય, પદ, યશ, સન્માનની મહત્વાકાંક્ષા હોય, સૈદ્ધાતિક સચ્ચાઈ, ઈમાનદારી, દઢતા, આત્મવિશ્વાસની એવી ક્ષણ તેઓ માટે પણ અત્યંત જરૂરી છે. માનવી આત્મિક ગુણોની વિશિષ્ટતા અને સંકલ્પ શીલતાના ભરોસે જ ઉન્નતિનાં ઊંચા શિખર ચઢી જાય છે.

ડો. રાજેન્દ્રબાબુ પરિસ્થિતિની પાછળ ન ચાલ્યા પણ તેમના ઉપર વિજેતાના રૂપમાં છવાયેલા રહયા. વિદ્યાર્થી જીવનની વાત છે કે ખૂબ અભ્યાસ પછી જ્યારે પરીક્ષાનો સમય

નજીક આવ્યો ત્યારે તેઓ બીમાર પડી ગયા. મેલેરિયાને લીધે બહુ સમય નકામો ગયો. એટલે અધ્યાપકોને પણ તેની સફળતા માટે શંકા થવા લાગી. મિત્રોએ આ વર્ષે પરીક્ષા નહીં આપવાની સલાહ આપી પણ રાજેન્દ્રબાબુને પોતાના અભ્યાસ ઉપર વિશ્વાસ હતો. તેઓએ કહયું "ત્યારે અને અત્યારેમાં ફરક પડતો નથી. હું જે ભણ્યો છું, જે મહેનતથી મેં વાચ્યું છે, મને પોતાને બધું સારી રીતે યાદ છે, પરીક્ષા આપીશ અને તેમાં સફળતા મેળવીશ."

તેમનો આ આત્મવિશ્વાસ અતિશયોક્તિ ન હતો. જ્યારે આળસુ અને પરિશ્રમ નહીં કરનારા વિદ્યાર્થી પરીક્ષામાં ચાલાકીથી પાસ થાય છે, તો સમગ્ર વર્ષ ભારે પરિશ્રમથી પોતાની બધી તૈયારી કરનારા વિદ્યાર્થી અસફળ કેવી રીતે થાય. તેઓએ વિશ્વાસથી પરીક્ષા આપી. બધાં પ્રશ્નપત્રો સારી રીતે ઉકેલ્યાં. ક્યાંક કોઈ ચિંતા કે ગભરાટ ન હતો.

દુર્ભાગ્યથી પરિણામ વાંચવામાં આવ્યું. તે તેમાં રાજેન્દ્રપ્રસાદનું નામ ના આવ્યું. જ્યારે બધા વિદ્યાર્થીઓનાં નામ બોલાઈ ગયાં તે પછી રાજેન્દ્રબાબુ પૂછવા લાગ્યા "મારું નામ નથી બોલાયું ?"

આચાર્યે કહયું "તુ અસફળ હોઈશ ?"

રાજેન્દ્રબાબુએ કહયું "એમ ક્યારેય થાય નહીં. મેં પરિશ્રમ સાથે વાંચ્યું છે. પરીક્ષાનું ચિત્ર મારી આંખોમાં છે. મને મારા પરિણામ ઉપર વિશ્વાસ છે, એ રીતનો કે હું નાપાસ તો ના જ થાઉં.

આચાર્યે બેસી જવા કહયું. રાજેન્દ્રબાબુ બેઠાં નહી. આચાર્યે ૫/-રૂ. દંડ બોલી નાખ્યો. તેમ છતાં તેઓ હાલ્યા નહીં. દંડ વધારતા ગયા અને તે વધીને ૫૦/- રૂ. સુધી પહોંચ્યો પણ રાજેન્દ્રપ્રસાદ પોતાના વિશ્વાસમાંથી ડગ્યા નહીં. વિદ્યાલયમાં શેરબકોર થવા લાગ્યો.

કાર્યાલયમાં ફરી તપાસ થઈ તો જણાયું કે ટાઈપીસ્ટની ભૂલને લીધે તેઓનું નામ છાપવાનું રહી ગયું હતું, જ્યારે તે ઉત્તીર્ણ હતા અને તેમને સૌથી વધુ ગુણ મળ્યા હતા.

## ૧૬ સાચી શ્રદ્ધાંજલિ

"સન્માર્ગ દર્શાવનારા એવા પિતાથી છુટકારો" ટેલિગ્રામમાં લખાયેલા શબ્દો કાનમાં હથોડાની જેમ વાગતા હતા. તેણે આ રીતે પડેલો જોઈ પાસે ઉભેલા લોકોએ ચહેરા ઉપર પાણીનો છંટકાવ કર્યો. જેલ અધિકારીઓને ડર હતો કે આ રીતે ક્યાંક તે મરી જશે તો ! બેહોશીમાંથી મુક્ત થયો. તેણે આંખો પટપટાવી એકવાર બધાની સામે જોયું. પોતાને સંભાળવાનો પ્રયત્ન કર્યો. ઊઠીને ચેતન સાથે બેસી ગયો. પાસે પડેલા કાગળને ધારી ધારીને જોતો હતો, તેમાં લખેલા બે શબ્દ મગજમાં હજુ ઘૂમરાતા હતા.

બીજી બાજુ મિત્રોએ ભારે પ્રયત્નો કર્યા જેથી સરકાર તેને પેરોલ પર છોડે, જેથી પિતાને પુત્ર પોતાની રીતે શ્રદ્ધાંજલિ આપી શકે. કોશિશ નિષ્ફળ ગઈ નહીં. સરકાર તેમને છોડવા માટે રાજી થઈ. આ કામમાં અધિકારીઓના મનમાં એક છૂપો ગર્વ હતો કે તેઓ તેના ઉપર વિશેષ કરી રહયા છે.

તે પોતાને સ્વસ્થ કરવા માટે પ્રયત્ન કરતો બેઠો હતો. એટલામાં એક મિત્રએ છુટકારાના સમાચાર તેના સુધી પહોંચાડયા. તે બોલ્યા - 'જવાની તૈયારી કરો'. "છુટકારો કોનો ?" તેનો અવાજ આશ્ચર્યથી ભરપૂર હતો.

"તારી, શું પિતાજીને શ્રદ્ધાંજલિ આપવાની નથી ?" મિત્ર તેના વાકયને સાંભળી હતાશ થઈ ગયો હતો.

"કર્તવ્યથી ભાગનારાને શ્રદ્ધાંજલિ આપવાનું ના કહેશો. મારે કોઈની કૃપા જોઇતી નથી. પિતાજી આખી જિંદગી જે આદર્શોને માટે પોતાના પ્રાણનાં ટીપાં નિચોવી રહયા હતા, તેને હું તરછોડી શકું તેમ નથી." તે થોડીવાર રોકાયા. આંખોના કિનારે આવેલાં આંસુને લૂછ્યાં. પછી બોલ્યો "શ્રદ્ધા આદર્શો પ્રતિ સમર્પણનું નામ છે અને જ્યારે આદર્શો ના રહે તે શ્રદ્ધા કેવી ? અને કર્તવ્ય ! તે પણ આદર્શો પ્રતિ સમર્પણ સક્રિય રૂપ છે. હું તે રૂપમાં તેઓને શ્રદ્ધાંજલિ આપું છું. આપતો રહીશ." તેણે મિત્રોની સામે જોયું. "સાચી શ્રદ્ધાંજલિ અહીં છે"

મિત્રો બોલી ઊઠયો. આ સાચી શ્રદ્ધાંજલિની પ્રખરતા સામે કાગળના નાના ટુકડા ઉપર લખેલા શબ્દો "ફાધર ડેડ" નિસ્તેજ પડયા હતા. પોતાના પિતાને એવી સાચી શ્રદ્ધાંજલિ આપનારા મહાપુરુષ ડો. રામમનોહર લોહિયા હતા. જો આપણે બધા આપણા માર્ગદર્શકના કર્તવ્યને ભાવભીનાં શ્રદ્ધાસુમન સમર્પિત કરી શકીએ તો તે કેટલું ઉત્તમ ગણાશે.

## ૧૭. સાહસપૂર્વક ન્યાયનો પક્ષ

સંયુક્ત રાષ્ટ્રસંઘના પહેલા એક આંતરરાષ્ટ્રીય સંસ્થા 'લીગ ઑફ નેશન્સ' હતી. આ સંસ્થા જે ઉદ્દેશો સાથે બની હતી તે જ ઉદ્દેશોને લઈ યુ.એન.ઓ.ની રચના થઈ હતી. કહેવાય છે કે લીગ ઑફ નેશન્સ- વિશ્વશાંતિ અને આંતરરાષ્ટ્રીય સદ્ભાવનાની સ્થાપના માટે કામ કરી રહી હતી પણ તેનો ઉપયોગ ખાસ કરીને યુરોપિયન રાષ્ટ્રો પોતાના અંગત સ્વાર્થોની પૂર્તિ માટે કરતા હતા. સંઘની બેઠક પણ યુરોપના અંગ્રેજી મિત્ર રાષ્ટ્રોમાં થતી હતી.

તે સમયે લીગ ઑફ નેશન્સની બેઠક જીનીવામાં થઈ રહી હતી. તે બેઠકમાં ભારત સરકારના પ્રતિનિધિ ભાગ લઈ રહયા હતા. આમ તો નિયમાનુસાર પરતંત્ર દેશ તેનો સભ્ય બની શકતો નથી છતાં અંગ્રેજો એમ પ્રચાર કરતા હતા કે તેઓ ભારતની શાસન વ્યવસ્થામાં ઓછામાં ઓછો હસ્તક્ષેપ કરે છે અને તે પણ જરૂરિયાત ઊભી થાય ત્યારે. જરૂરિયાત તેને સમજવામાં આવતી હતી કે જયાં કોઈ સમસ્યાનો ઉકેલ ના આવતો હોય.

કેમ કે તેઓના પ્રચારનો આ એક મુદ્દો હતો કે ભારતીયો ઊતરતી જાતિના છે અને તેઓને શાસન ચલાવતા આવડતું નથી.

આ ભ્રામક પ્રચારની તરફેણ માટે અંગ્રેજોએ ભારત સરકારના એવા સભ્યને પ્રતિનિધિ બનાવીને મોકલ્યા કે જે તેઓનું આંધળું સમર્થન કરે. પ્રતિનિધિના રૂપમાં અંગ્રેજોના ભક્ત રાજા મહારાજાઓના પ્રમુખ બિકાનેર નરેશને મોકલ્યા હતા. એટલે પ્રતિનિધિના રૂપમાં ગયેલા બિકાનેર નરેશે ભાષણ આપ્યું જે અંગ્રેજોએ તૈયાર કર્યું હતું અને જેનાથી ભારતમાં સામ્રાજય શાહીની પકડ વધુ મજબૂત થતી હતી. તેમના ભાષણનો મુખ્ય સાર એ હતો કે ભારતીય જનતાને અંગ્રેજોના શાસનમાં કોઈ તકલીફ નથી અને તે શાસનમાં અહીં દૂધની નદીઓ વહી રહી છે.

ત્યારે બર્લીનમાં ભણી રહેલા એક ભારતીય વિદ્યાર્થીની આંખો આ ભાષણને સમાચારપત્રોમાં વાંચી વિસ્ફારિત થઈ ગઈ. સમાચારપત્રોમાં નરેશના ભાષણના મુદાઓ છપાયા હતા અને તેથી તેમણે તત્કાલ નિર્ણય કર્યો કે આ ભ્રામક પ્રચારને ખુલ્લો પાડવો જોઈએ. તેમણે નિશ્ચય કર્યો કે લીગની સભામાં સભાગૃહમાં જ આ પ્રકારના વક્તવ્યનો વિરોધ કરવો જોઈએ. પોતાના એક સાથીને લઈ તે ભારતીય વિદ્યાર્થી જીનીવા પહોંચ્યા.

બંને મિત્રોએ કોઈક રીતે સભાગૃહમાં જવા માટેના પાસ મેળવ્યા અને ગલેરીમાં જઈને બેઠાં. સભાની કાર્યવાહી શરૂ થઈ અને શાંતિપૂર્વક ચાલવા લાગી. મહારાજા બિકાનેરનો જ્યારે ભાષણ આપવાનો ક્રમ આવ્યો તો તેઓ ઊઠયા અને ત્યાં જ કરેલી વાતો બોલવા લાગ્યા. તેમણે બધા પ્રતિનિધિઓને અંગ્રેજી રાજની ખોટી વિશેષતાઓ અને શાન શૌકતની વાતો કરવાનો પ્રારંભ કર્યો.

ત્યારે દર્શક ગલેરીમાંથી સીટીનો જોરદાર અવાજ આવ્યો અને શાંત સભાગૃહમાં ખળભળ મચી ગઈ. અધ્યક્ષે ગલેરી તરફ જોયું તો એક ભારતીય યુવકને આ ભાષણનો વિરોધ કરતો જોઈ ચકિત થઈ ગયા. છતા તેણે નિયમ તો તોડયો હતો. એટલે તેનો પાસ રદ કરી સભાગૃહમાંથી બહાર મોકલી દેવામાં આવ્યો.

યુવકને લાગ્યું કે ભૂલ થઈ ગઈ છે અને એક સોનેરી તક હોવાથી જતી રહી છે. છતાં ખોટી વાતને ખુલ્લી તો પાડી દીધી છે. એટલે બંને મિત્રોએ વિચાર કરીને એક યોજના બનાવી. તે યોજના પ્રમાણે બંને વિદ્યાર્થીઓએ લીગના અધ્યક્ષને નામે એક ખુલ્લો પત્ર લખ્યો અને અખબારોમાં છપાવવા મોકલ્યો જેમાં મહારાજા દ્વારા પ્રચારિત વાતોનું ખંડન કરવામાં આવ્યું હતું. 'લુ ત્રાવેલ્યુ નૈનાઈટ' અખબારે આ પત્રને પૂરેપુરો છાપ્યો. બીજા દિવસ બંને મિત્રોએ અખબારની ઘણી જ નકલો ખરીદી અને પ્રતિનિધિઓમાં અખબારોની એક એક નકલ બધાને વહેંચી. તેનાથી લીગની બેઠકમાં ખોટું ભાષણ થતું અટકી ગયું.

નિર્ભીકતાપૂર્ણ સત્ય અને હકીકતનો પક્ષ રજુ કરવાનું સાહસ કરનારા આ યુવક ડો. રામમનોહર લોહિયા હતા.

## ૧૮ મર્યાદા તૂટી નહીં, ઔચિત્ય છૂટયું નહીં

રસોઈ ઘર ત્રીજા માળે અને તેમાં પાણીનો નળ ન હતો. પાણી નીચેના નળેથી ભરી લાવવું પડતું. માતાજી જુના વિચારના હતા. તેઓ માનતા હતા કે વહુ હોય કે કામ કરવા માટે તેથી તે તેને જ પાણી ભરવા મોકલતી. પતિ માટે આ કોઈ ધર્મસંકટથી ઓછું ન હતું. એક બાજુ મર્યાદા અને બીજી બાજુ કર્તવ્ય. પત્ની ગર્ભવતી હતી.

તેમનાથી એ સહન થતું ન હતું કે પત્ની આ સ્થિતિમાં પાણીનું માટલું માથા ઉપર મૂકી એટલાં પગથિયાં ચઢે. તે કોઈક રીતે પત્ની પાસે પાણી લઈ આવવાનું બંધ કરાવવા માંગતા હતા. પણ આ કામ એટલું સરળ ન હતું. એક બાજુ માતા હતી અને બીજી બાજુ પુત્ર નિર્માણમાં સંલગ્ન પત્ની હતી. માતાને કાંઈક કહે તો મર્યાદા તૂટતી હતી. જાતે પાણી ભરી લાવે તો પોતાને ખરાબ લાગતું. આ સમસ્યાનો તેઓએ એવો ઉકેલ શોધ્યો કે માતા નારાજ ન થાય અને પત્નીને કષ્ટ ના પડે.

પતિએ પોતાના નાહવાનો સમય એ નક્કી કર્યો જ્યારે પત્ની પાણી લેવા માટે આવતી. માટલી જ્યારે ભરાતી તો તે તેને ચૂપચાપ ઉઠાવી લેતા. પત્ની ના પાડતી તો તેઓ તેમને

શાંત કરતા. તે તેમના દેવતાના મનોભાવો સમજી જતી. તે કશું કહેતી નહીં અને તેમની પાછળ પાછળ પગથિયાં ચઢતી. જ્યારે તેઓ ત્રીજા માળે પહોંચતા અને એક બે પગથિયાં બાકી રહેતા ત્યારે તેઓ માટલી પત્નીના માથે મૂકી દેતા અને પોતે નહાવા માટે જતા રહેતા.

આવી સમજવાળા પતિ કોઈ નહીં પણ ભારતરત્ન લાલબહાદૂર શાસ્ત્રી હતા, જેમણે રાષ્ટ્રીય અને કૌટુંબિક જવાબદારીઓ પૂરી નિષ્ઠા સાથે નિભાવી હતી. પત્નીના સ્વાસ્થ્ય અને સુખ માટે તેઓ પૂરેપૂરું ધ્યાન રાખતાં. તેઓ હંમેશા પોતાના કર્તવ્યો અને જવાબદારીઓ પ્રત્યે સતર્ક રહેતા હતા. આ તેમની સમજદારીનો પરિચય હતો કે તેઓએ કર્તવ્યનો નિર્વાહ પણ કર્યો અને મર્યાદાઓનું ઉલ્લંઘન પણ થવા ના દીધું. લલિતાજીએ તેઓની દેશસેવાની ભાવનાને સમજી તેમને પૂરેપૂરો સહકાર આપ્યો.

## ૧૯ સહનશીલતામાં મહાનતા સમાયેલી છે.

ઈ.સ. ૧૯૬૫ ની વાત છે. તે દિવસોમાં ભારત પાકિસ્તાનનું યુદ્ધ ચાલતું હતું. ગમે ત્યારે હવાઈ હુમલાની સાયરન વાગી શકતી હતી. સુરક્ષા માટે પ્રધાનમંત્રી ભવનની આજુબાજુ ખાઈ બનાવવામાં આવી હતી. પ્રધાનમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રીને કહેવામાં આવ્યું કે આજે હુમલાની આશંકા વધુ છે, આપ સાયરન વાગે કે તરત જ ખાઈમાં જતા રહેજો.

પરંતુ દૈવયોગે તે દિવસે હુમલો થયો નહીં. સવારે જોવા મળ્યું કે બૉમ્બાર્ડમેન્ટ વગર ખાઈ પડીને તૂટી ગઈ હતી.  ખાઈ બનાવનારાની અને તેને મંજૂરી આપનારાની આ અક્ષમ્ય બેદરકારી હતી. જો તેઓ તે રાત્રે ખાઈની અંદર હોત તો શું થાત ? વિચારતા જ રુંવાડા ઉભા થઈ જાય છે. દેશના પ્રધાનમંત્રીનું જીવન કેટલું મૂલ્યવાન છે ? તે પણ યુધ્ધકાળમાં ?

બીજા વ્યવસ્થા અધિકારીઓએ ભલે આ પ્રસંગ માટે કોઈ કાર્યવાહી કરી હશે પણ શાસ્ત્રીજીએ સંબંધિત માણસ પ્રત્યે કોઈ કઠોરતા બતાવી નહીં. છતાં બાળકની જેમ ક્ષમા કરી દીધી.

બીજી ઘટના પણ ઈ.સ.૧૯૬૫ ની છે. યુધ્ધકાળ હતો. ૨૪ કલાકમાં ગમે ત્યારે કૅબિનેટની ઇમર્જન્સી મિટિંગ થતી હતી. તે દિવસે સંધ્યા સમયે મિટિંગ હતી. ભારે કડકડતી ઠંડી હતી. પ્રધાનમંત્રી નિયત સમયે મિટિંગ માટે બહાર આવ્યા. આવીને કારમાં બેસી ગયા. જ્યારે ખૂબ જ વાર થઈ અને કાર ઊભી રહી હતી તો તેઓએ પૂછપરછ શરૂ કરી. આ બાબતમાં મોડું થવાની વાત પણ કરી.

ત્યારે કોઈક સંયોજકે કહ્યું કે આજે તો મિટિંગ તેઓને ઘેર જ છે. કોઈ બીજા પ્રધાનમંત્રી હોત તો આ રીતે પોતાનો સમય બરબાદ થવાને લીધે સંબંધિત અધિકારીઓને જરૂર

શિક્ષા કરી હોત. પણ તેઓ બીજાની ખામીઓને માતાની જેમ મમતાપૂર્વક સહન કરી લેતા હતા.

## ૨૦. સંગઠનમાં જ શકિત છે

ગુજરાતના બોરસદ વિસ્તારની જનતા તે દિવસોમાં ઘંટીના બે પડની વચ્ચે પીસાય રહી હતી. એક બાજુ ડાકુઓની આતંક હતો, બીજી બાજુ સરકારી પોલીસ પોતાનો નિર્વાહ ખર્ચ ગ્રામીણ જનતા પાસેથી લેતી હતી. જનતા પરેશાન હતી, તેને બંને બાજુએથી લૂંટવામાં આવતી હતી. એક બાજુ ડાકુંઓ લૂટી રહયા હતા, બીજી બાજુ તેઓને પકડવામાં સરકારી પોલીસ અસફળ હતી.

બોરસદ વિસ્તારમાં તે દિવસોમાં ડાકુઓની આતંક ફેલાઈ રહયો હતો. દિવસ ઢળતાં બધા લોકો પોતપોતાના ઘરમાં ભરાઈ જતા હતા. બહાર એક બાળક પણ નજર આવતું ન હતું. ડાકુંઓ સંખ્યામાં ઓછા હતા પણ સંગઠિત હોવાને લીધે તેઓ પચાસ ગામડાંના હજારો ગ્રામવાસીઓને માટે માથાના દુખાવા જેવા હતા.

અંગ્રેજ સરકારે આ ગામોની સુરક્ષા માટે પોલીસદળની ગોઠવણ કરી રાખી હતી. પોલીસના સિપાઈઓનો ખર્ચ ગ્રામવાસીઓએ આપવો પડતો હતો, જ્યારે આ ડાકુઓને પકડવામાં ગ્રામવાસીઓએ આપવો પડતો હતો, જ્યારે આ ડાકુઓને પકડવામાં પોલીસો

સતત અસમર્થ સાબિત થયા હતા. તેઓને તો પોતાનો સ્વાર્થ હતો. ડાકુઓનો મુકાબલો કરી પોતાના જીવને સંકટમાં નાખવામાં તેઓ માનતા ન હતા. તેઓ ડાકુઓને પકડે તોપણ તેઓને ખર્ચ ઉઠાવવામાં કોઈ યોગ્યતા ન હતી પણ પરાધીન દેશની જનતા ઉપર જેટલો અન્યાય ઠોકાય તેટલો ઓછો છે એમ વિચારીને સરકારી અધિકારી કાંઈ જ સાંભળતા ન હતા.

આ બેવડા મારથી ત્રાસેલી આ વિસ્તારની જનતાએ સરદાર પટેલને યાદ કર્યા. સરદાર પટેલને આની સૂચના મળી તો તરત જ તેઓ બોરસદ પહોંચી ગયા. તેમના મનમાં ડાકૂઓના આતંકનો ભય હતો કે સરકારની નારાજગીની પરેશાની હતી.

તેઓએ બોરસદ વિસ્તારના એક ગામમાં પહોંચી ગ્રામવાસીઓને ધીરજ આપી કહ્યું, "આપણે ડાકુઓથી ડરવાનું નથી અને પોલીસવાળાને આપણા રક્ષણ માટે ગામમાં રાખવાના નથી. આપણે જાતે જ આપણું રક્ષણ કરીશું." પછી તેમણે ગામના મુખીને પૂછયું, "આપ એ બતાવો કે ગામમાં કેટલા લોકો રહે છે ?"

"સાત સો."

"તેમાં કેટલા તંદુરસ્ત અને બળવાન છે, યુવાન અને આધેડ છે."

"કદાચ બસો છે."

"અને ધાડ પાડવા કેટલા ડાકુઓ આવે છે ?"

"પંદર, વીસ અથવા વધુમાં વધુ ત્રીસ."

"હું માનું છું કે દરેક ઘરમાં લાકડી હશે જ. વીસ ત્રીસ તલવારો અને દસ બાર બંદૂકો હશે. કેટલાકને તે ચલાવતા આવડતી હશે. આ હિસાબે ગામવાસીઓની તાકાત ડાકુઓથી પાંચ ગણી છે. પછી આપણું ઘર, આપણું ગામ, આપણા જાણીતા રસ્તાઓ આ બધાનો લાભ આપણને મળે છે. ડાકુઓ તો આ જાણતા નથી, પછી તેઓનાથી ડરવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી. આપણામાં અને તેમનામાં તફાવત ફકત એટલો જ છે કે તેઓ સંગઠિત થાય છે એટલે જીતી જાય છે. આપણે બધા અસંગઠિત અને અસાવધાન રહીએ છીએ, એટલે આપણે તેમનો મુકાબલો કરી શકાતા નથી."

સરદાર પટેલે વાત સમજાવી. વાત ગ્રામવાસીઓની સમજણમાં આવી. એક માણસ બોલ્યો, "આપનું કહેવાનું બિલકુલ સાચું છે."

"તો પછી વાર કઈ બાબતમાં છે ? ગામમાં જેટલા પણ સ્વસ્થ, સમર્થ પુરુષ છે, ત્રીસ ત્રીસની ટુકડી બનાવી વાર પ્રમાણે રાતના ગામની ચોકી કરે. પોલીસવાળોને ખર્ચ આપવાનું બંધ કરી દો. રાતના બીજા લોકો સજાગ રહીને સૂઈ જાય. ડાકુઓ આવે તો ડરવાનું, ભાગવાનું કહી, સંગઠિત થઈને સામનો કરો. પછી કોઈની જિગર છે કે તેઓ આ

તરફ ફરીથી આવવાનું સાહસ કરે." તેઓની વાતે જાદુઈ અસર કરી. જોતજોતામાં બસો ગ્રામરક્ષકની બે કંપનીઓ બની ગઈ. પછી ક્યારેય ડાકુઓનો હુમલો થયો નથી. પોતાની સુરક્ષામાં જો જાતે સમર્થ હોઈએ તો તેઓને શત્રુનો ભય રહેતો નથી, પોતાના માટે કોઈ રક્ષણની જરૂરિયાત ઊભી થતી નથી.

## ૨૧. સિદ્ધાંત સર્વોપરિ હોય છે.

લાલા લજપતરાયના મૃત્યુનો બદલો શહીદ ભગતસિંહ અને તેમના જાગત પ્રાણવાન મિત્રોએ સેંડર્સનો વધ કરીને લીધો હતો. આ બદલા પછી તેઓએ પોતે સંતાઈ જવામાં ખૂબ ચતુરાઈ વાપરી અને તેમાં તેઓ સફળ થયા હતા. આમ છતાં ભગતસિંહને જે આત્મસંતોષની ઇચ્છા હતી, તે પૂરી થઈ નહીં. પોતાને આ કામમાં કોઈને કોઈ ભૂલ થઈ હોય એમ તેમને લાગતું હતું.

ક્રાંતિકારીઓનો આદર્શ કોઈની હત્યા કરવાનો ન હતો. તેઓનો આદર્શ તો દેશપ્રેમીઓનો અગ્નિ જનતાના હૃદયકુંડમાં સળગાવવાનો હતો. તેઓનો આદર્શ, તેઓના આ ઉદ્દેશને સ્પષ્ટ રીતે સેંડર્સના વધથી જનમાનસ આગળ રજૂ કરી શકયા નહીં. એવા લોકો થોડાક જ હતા જેમનામાં દેશપ્રેમની ભાવના હતી અને તેઓના ઉદ્દેશને જાણી શકયા હતા. મોટા ભાગના લોકો માટે આ કૃત્યની કોઈ વિશેષ મહત્તા ન હતી.

પોતાના અંતઃકરણમાં ઊઠેલા આ અસંતોષ ઉપર સરદાર ભગતસિંહે ભારે ચિંતન કર્યું તો તેમને સમજાયું કે આ પ્રકારના કૃત્યથી સામાન્ય જનતાને જગાડી શકાશે નહીં. આદશોને મહત્વ આપવું પડશે, પછી ભલેને તે માટે કર્મવીર મિત્રોને ગુમાવવા પડે. તો જ આ પોતાના આદર્શોને સારી રીતે દેશવાસીઓ આગળ મૂકી શકાશે અને જો આ સ્વરૂપ દર્શાવી શકાય નહીં તો આ હત્યાનો અને વિરોધ માર અપરાધના બનાવો બની રહેશે. જનજાગરણ, જનચેતના શક્ય નહીં થાય.

શહીદ ભગતસિંહે પોતાની ભૂલને બીજીવાર સુધારી લીધી. આ વખતે વિસ્ફોટ વડે તેઓએ બ્રિટીશ સરકારની આંખ ઉઘાડી દીધી અને જનતાની ઊંઘ ધડાકા સાથે ઊડી ગઈ. પોતાના આ કૃત્યની સફળતા માટે તેઓએ પોતાના ઉદ્દેશોનો પરિચય છાપેલી પત્રિકાઓની વર્ષા કરીને આપ્યો. તેમાં એમ બતાવેલું કે બહેરાંઓને જગાડવા માટે આવાજ એકલો જરૂરી નથી, વિસ્ફોટની જરૂર પડે છે, તેઓનો આ સંકેત બ્રિટીશ સરકાર તરફ હતો. પરોક્ષ રીતે ભારતીય જનતાને જગાડવાનો મુખ્ય ઉદ્દેશ હતો.

આ બોમ્બ વિસ્ફોટથી એસેમ્બલીમાં ભાગંભાગ થઈ. આખો હોલ ધુમાડાથી ભરાઈ ગયો હતો. અંગ્રેજોએ આ પ્રકારના વિસ્ફોટની કલ્પના સ્વપ્નમાં પણ નહોતી કરી. ભગતસિંહ ઇચ્છતા હોત તો તે આ સ્થિતિમાંથી બચીને પોતાના મિત્રોને લઈને ભાગી શકતા હતા.

તેની વ્યવસ્થા પૂર્વેયોજનાનુસાર કરી રાખી હતી. બહાર ભાગી જવા માટે મોટર સાઈકલની ગોઠણ છે.

ભગતસિંહ ભાગી જવા માટે આવેલા ન હતા. તેઓ પોતાની પહેલી ભૂલનું પુનરાવર્તન કરવા માંગતા ન હતા. તેઓના મહાન ઉદ્દેશ્ય માટે તેઓનું બલિદાન જરૂરી હતું તેના વડે તેઓ જનતામાં રાષ્ટ્રીય પ્રેમભાવના ઉત્પન્ન કરવા માંગતા હતા. આ માટે તેઓએ કેદી બનવું જરૂરી હતું જેથી ન્યાયાલય સમક્ષ તેઓ પોતાના મનની ભાવનાઓને બતાવી શકે. પોતાના આ ઉદ્દેશોને સ્પષ્ટ કરી શકે, જેના મટો તેઓએ હિંસાની યોગ્યતાનો સ્વીકાર કર્યો હતો.

ભગતસિંહના મહાન ઉદ્દેશ્યની પૂર્તિના દર્શન જનતામાં થવા લાગ્યાં. તેઓ કેદી બન્યા હોવાને લીધે ક્રાંતિકારીઓ પ્રત્યે જનમાનસમાં નવું આકર્ષણ અને શ્રદ્ધાનો ભાવ જાગ્યો. જનતા આ કાનૂન વિરોધી કૃત્યોની પાછળ જે ઉદ્દેશ્યો, જે આદર્શો છૂપાયેલા હતા, તેને સમજવા લાગી. જનજાગરણની એક લહેર ઊઠવા લાગી.

ક્રાંતિકારીઓનું નેતૃત્વ ભગતસિંહ કરી રહયા હતા. તેઓનું જેલમાં કેદી બની જવું, તેમના સાથીઓ માટે અસહ્ય હતું. આ ક્રાંતિકારીઓને ભયંકર કેદી સમજી લાહોરની જેલમાં રાખેલા, જે જેલ અને ગુપ્તચર વિભાગ બન્નેનું મુખ્ય કાર્યાલય હતું. તેના અધિકારી

પોતાના કેદીઓને ભારે ત્રાસ આપવા માટે પ્રખ્યાત હતા. જેલના ઉચ્ચાધિકારી ખાનબહાદુર અબ્દુલ અજીદે આ દેશભકતોને અમાનવીય ત્રાસ આપ્યો. ભગતસિહ અને તેમના મિત્ર તે હસતા હસતા સહન કરતા હતા. રાષ્ટ્રની સ્વતંત્રતા જેવા મહાન આદર્શ સામે શરીરને આપનારો ભારે ત્રાસ તેઓ માટે મામૂલી સાબિત થયો. માનવીને દુઃખ, તકલીફની અનુભૂતિ પોતાની ભાવનાથી હોય છે, તેઓને આ ત્રાસમાં અદ્ભુત સુખ મળતું હતું.

આ બાજુ ન્યાયાલયમાં તેમના કેસ ઉપર ચર્ચા ચાલતી હતી. તેઓને મૃત્યુદંડથી ઓછી સજા મળવાની ન હતી.

તેમના બીજા ક્રાંતિકારી મિત્રો પહેલેથી જ ભગતસિંહના બંધનથી ક્ષુબ્ધ હતા. તેમની ઉપર થતા અત્યાચારોને સાંભળી તેઓ ચૂપ કેવી રીતે બેસી રહે. કોઈક રીતે તેઓને છોડાવવા માટે કોઈ સંકલ્પ થયેલો અને તે પૂરો કરવા માટે તાત્કાલિક તૈયારી થવા લાગી.

ત્યાં સુધીમાં ભગતસિંહને લાહોરથી બોરસ્ટાલની જેલમાં મોકલી આપવામાં આવ્યા. લાહોરની કોર્ટમાં તેઓના ઉપર તો કેસ ચાલતો હતો, એટલાં માટે તેઓને હંમેશાં બોરસ્ટાલથી ગાડીમાં બેસાડી લાહોર લાવવામાં આવતા હતા. તેઓને છોડાવી, તેમને સંતાડી રાખવા માટે ગુપ્ત મકાનોની વ્યવસ્થા થઈ ગઈ હતી. બૉમ્બ, પિસ્તોલ અને

હથિયારો એકઠાં કરી લીધા હતા. શહીદ ભગવત ચરણ તેમાં એક બૉમ્બના પરિક્ષણમાં જ મૃત્યુ પામેલા.

આ બધું સરદાર ભગતસિંહથી ખાનગી ન હતું. તેઓ આ યોજનામાં ઉપરથી સંમત હતા. સમય, સ્થાન તથા કાર્યક્રમ નક્કી થઈ ગયો હતો. આ કાર્યને અમલમાં મૂકવા માટે ભગતસિંહની મંજૂરી લઈ લીધી હતી. પરંતુ તેઓનો ઉદ્દેશ બીજો હતો.

પોતાના આ લક્ષ્યને તેમણે બે દિવસે સ્પષ્ટ કર્યું કે જે દિવસે આ બધો કાર્યક્રમ થવાનો હતો. બે ચાર માણસો પાછળ આટલાં બધા લોકોના જીવ જોખમમાં નાખવા તેઓને યોગ્ય લાગ્યું નહીં. તેઓ એ વાતથી અજાણ  હતા કે મહત્વ ભગતસિંહને અપાય છે અને ખરી રીતે રાષ્ટ્રના આંદોલનને મહત્વ અપાવું જોઈએ. ક્રાંતિકારીઓને જેલમાંથી છોડાવવાના પ્રયત્નોમાં આંદોલન ઢીલું પડી જશે. એટલે તેઓ યોજનાને કાર્યાન્વિત કરવા માંગતા ન હતા. તેમની ખોટી સંમતિનું લ૧ય આ હતું કે તે બહાને ક્રાંતિકારીઓની એકતા દૃઢ થઈ જાય.

જે ભગતસિંહ ઇચ્છતા હતા તેમજ થયું અને જે અસંમતિની આશા ક્રાંતિકારીઓને ક્યારેય ન હતી. પૂર્વેનિયોજીત યોજનાનુસાર ભગતસિંહ છુપા વેશમાં ઊભેલા ક્રાંતિકારીઓના નેતાને યોજના કાર્યાન્વિત કરવાનો સંકેત આપનારા હતા પણ કશું જ થયું નહીં. કેદીઓને

સેન્ટ્રલ જેલ લઈ જનારી લારી બોરસ્ટાલ જેલના દરવાજે ઊભી હતી. જ્યારે ભગતસિંહને લાવવામાં આવ્યા તો તેઓને સંકેત આપ્યો, "ના, આ બધું નહીં થાય. આથી ક્રાંતિકારીઓ એમ સમજયા કે આજે કોઈ મુશ્કેલી છે, આગળ પછી કોઈ દિવસ પૂરી કરવામાં આવશે."

બીજા દિવસે તેઓનું મંતવ્ય જાણવા જેલમાં પહોંચ્યા. તેમની મનાઈનું કારણ પૂછયું તો તેઓએ બતાવ્યું, " એ ઉચિત ન હતું કે થોડા માણસના જીવ બચાવવા માટે આપણે કેટલા બધા દેશભક્તોનાં બલિદાન આપીએ. આપણે પોતાનું સર્વસ્વ ત્યાગીને જે હેતુથી આ ક્રાંતિપથ ઉપર આવ્યા છીએ તે તેના આદેશ આપતા નથી. આપણે આપણા માથા ઉપર કફન બાંધીને નીકળ્યા છીએ. પણ એ હંમેશાં ધ્યાન રાખવું જોઈએ કે મહત્તા વ્યકિતની નહીં આદર્શોની છે. અમને શ્રેય મળે, અમારાથી જ ક્રાંતિ થશે, દેશ સ્વતંત્ર થશે એવું તો આપણે વિચાર્યું નથી પણ આ કાર્ય આપણને એવું જ સિદ્ધ કરી આપશે. અમારા બલિદાનથી આપણા આદર્શોને બળ મળશે તો કાલે હજારો ભગતસિંહ તૈયાર થશે. ભારત સ્વતંત્ર થઈ જશે."

ક્રાંતિદૃષ્ટા ભગતસિંહના આ શબ્દોમાં જે સત્ય છુપાયેલું હતું તેને સમયની મર્યાદામાં બાંધી શકાતું નથી, પણ આજે પણ આદર્શો માટે જીવન સમર્પિત કરવાની પરંપરા બનાવવી જરૂરી છે.

# ૨૨. સહકારિતાથી ગવર્નર બન્યા

આગળ ભણવાની ઇચ્છા હતી પણ કરે શું, ગુજરાન ચલાવવાની પણ તેમની પાસે વ્યવસ્થા ન હતી. યુવકે વિચાર્યું કે બહાર જવું જોઈએ. આજીવિકા અને ભણવાના ખર્ચની વ્યવસ્થા જાતે જ કરીને ભણવું જોઈએ, પરંતુ ભણવું અનિવાર્ય છે.

આવો નિર્ણય કરીને વડીલો પાસેથી કોઈક રીતે ૨૦ રૂપિયા અને ભાડાની રકમ મેળવી તે મુંબઈ ગયો.

તે દિવસોમાં મુંબઈ બહુ મોંઘું નહોતું, જેટલું આજે છે, પાંચ રૂપિયા માસિક ભાડામાં મકાન ભાડે મળતું હતું પણ જેની પાસે શરૂઆતથી અંત સુધી માત્ર ૨૦ રૂપિયા જ હોય તેને પાંચ રૂપિયા પહાડ જેવા લાગ્યા. હવે શું કવરું ? જો પાંચ રૂપિયા માસિક ભાડાથી રૂમ લઉં છું તો ૨૦ રૂપિયા ૪ મહિનાના ભાડામાં જાય. આ વિચારો ચિંતનની વચ્ચે એક ઉપાય સૂઝયો. સહયોગ અને સહકારિતાનું જીવન.

એક સળીથી સાવરણી બની શકે નહીં. એક માણસ સેના ઊભી કરી શકતો નથી. એક છોકરા માટે સ્કૂલ ખોલવામાં આવે તો સંસારનું મોટા ભાગનું ધન લખવા ભણવામાં જતું રહે. આમ કરતાં રહેવાનાં મકાનો માટે જગા જ ના રહે, જો દરેક જગ્યાએ સ્કૂલ બનાવાય. આ મુશ્કેલીથી બચવા સહકારિતા એક દેવતા છે, જેમાં નાની નાની શકિતઓ, એકતાબદ્ધ

થઈ અનેક મહત્વપૂર્ણ સાધન સુવિધા જોડી શકાય, નાની નાની શકિત ભેગી થઈ મોટી શકિત બની મોટા લાભ મળી શકે છે, જે સમાજ, જે દેશોમાં સહયોગ અને સહકારિતાનો ભાવ જેટલો વધુ, તે દેશ. તે સમાજ તેટલો જ સુખી, સશક્ત અને સમુન્નત હશે.

આવા ઉદાહરણો યુવક માટે પ્રકાશ આપનારા બન્યાં તેમણે પોતાના જેવા બીજા ચાર ગરીબ વિદ્યાર્થીઓને શોધી કાઢયા અને એક રૂમ માસિક પાંચ રૂપિયાના ભાડેથી લઈ લીધી. દરેકને હવે ફકત એક જ રૂપિયો દર મહિને આપવાનો રહેશે. આ રીતે વીસ રૂપિયા જે ચાર માસમાં પુરા થવાના હતા તે હવે પાંચ ગણા સમય માટે એટલે કે ૨૦ મહિના માટે પૂરતા હતા.

હવે આવી જમવાની મુશ્કેલ. એકલાં રસોઈ બનાવે તો ૨૦  રૂપિયા એક જ મહિનામાં વપરાય. લાકડાં, કોલસા, વાસણ એક માણસ માટે જોઈએ તેનાથી પાંચ વ્યકિત માટે આરામથી ખાવાનું બનવી શકાય. વ્યકિતવાદ, સામૂહિકવાદથી દરેક રીતે પછાળ છે. સંયુક્ત કુટુંબ આજે પણ આજે પણ આર્થિક અને ભાવનાત્મક દૃષ્ટિએ ખૂબ જ લાભદાયક છે. પહેલાં તો આ વૈજ્ઞાનિક લાભને કારણે જ તે પ્રતિસ્થાપિત થયો હતો. આજે પણ જો કેટલીક વ્યકિત ભેગી મળીને ખાવા પીવા, રહેવા, કામ કરવાની આદત પાડે તો તેઓ તે લાભોનો સ્પષ્ટ અનુભવ મેળવી શકે.

યુવકે આ સમસ્યાનું સમાધાન એવી રીતે કર્યુ કે એક એવી જગા શોધી કાઢી કે જયાં કેટલાક લોકોનું ખાવાનું સાથે બનાવાતું હતું. તે તેમાં જોડાઈ ગયો. મહીને ખર્ચ ફકત, પાંચ રૂપિયા આવ્યો. જે પૈસાથી ફકત એક જ મહિનો ખાવા માટે નીકળવાનો હતો. તેને બદલે ઓછામાં ઓછા ચાર મહિના સુધી ચાલશે.

હવે રહી વાત ભણવાની, તો તે એક સ્કૂલમાં જોડાઈ ગયો. ચોપડીઓનો ખર્ચ હતો, તો તે સામૂહિકતાના રૂપમાં પીટિટ નામના પુસ્તકાલયે પૂરો કર્યો. અનેક લોકોના સહયોગ અને દાનથી બનેલું પુસ્તકાલય હોત નહીં તો તેનાથી આ યુવક જેવા અનેક લોકોની જ્ઞાનાર્જનની તૃષ્ણા અતૃપ્ત રહી ગઈ ના હોત. એક રૂપિયાના સભ્યપદથી જયાં સુધી ભણ્યા ત્યાં સુધી સ્કૂલની ચોપડીઓ મળી. આપ વિશ્વાસ નહીં કરો, પણ તેમણે આ રીતે એૅડ્વોકેટ થયો ત્યાં સુધી અભ્યાસ કર્યો. વચ્ચે વચ્ચે કેટલીક જગાએ લખવાનું કામ કર્યું, તેનાથી તે કપડાં-લત્તાં, શાકભાજીનો ખર્ચ કાઢતો હતો. આ યુવકનું નામ કનૈયાલાલ માણેકલાલ મુનશી (કે.એમ. મુનશી) હતું, જે એક વખત ઉત્તરપ્રદેશના ગવર્નર હતા અને જાણીતા સાહિત્યકાર અને રાજનૈતિક નેતા હતા.

## ૨૩. નિયમો આગળ નાના મોટા બધા એકસરખાં છે.

મૈસુરના દીવાન હોવાને લીધે તેઓ રાજયમાં ફરી રહયા હતા. એક ગામમાં તેઓ અચાનક બીમાર પડી ગયા. એટલો જોરદાર તાવ આવ્યો કે બે દિવસ સુધી પથારીમાંથી ઊઠી શકયા નહીં. ગામના ડૉક્ટરને તેમની બીમારીની ખબર મળતા જલદી જલદી આવ્યા અને તેમની સારવાર હતી. તેમના અથાગ પ્રયત્નથી તેઓ સારા થઈ ગયા.

ડૉક્ટર જવા લાગ્યા તો તેઓને ૨૫ રૂપિયાનો ચેક તેઓની ફી પેટે હાથમાં આપ્યો. ડૉક્ટર હાથ જોડીને ઉભા થઈ ગયા અને કહેવા લાગ્યા "સાહેબ, આ તો મારું સૌભાગ્ય છે કે મને આપની સેવા કરવાનો અવસર મળ્યો. મારે ફી જોઇતી નથી."

ચેક હાથમાં આપતા તેઓને કહયું, "દરેક મોટા માણસની કૃપા નાના માટે દંડ હોય છે. આપ આવા અવસરે ફી એટલાં માટે લેતા રહેવાનું કે જેથી ગરીબોની ફી લીધા વગર સેવા કરી શકાય. એવું ના કરવું કે દવાઓ કોઈને આપી તેનું ખર્ચ બીજા પાસેથી વસૂલ થાય."

આ તેઓની મહાનતા હતી. જો મોટા લોકો પોતાની સેવા મફત કરાવે, અયોગ્ય અને વધુ પડતું સન્માન મેળવવામાં મોટાઈ માને છે, ત્યાં તેઓને પરિશ્રમ, નિયમિતતા અને કર્તવ્યપાલનમાં ગૌરવ અનુભવ્યું અને જો એમ કહેવાય કે પોતાના આ ગુણોને લીધે તેઓએ એક સાધારણ માણસમાંથી દેશના સૌથી જાણીતા એન્જિનિયર થયા તેમાં કોઈ

અતિશયોક્ત નથી. તેઓ નિયમપાલનમાં ડૉક્ટરની આગળ તો શું, મોટા મોટા માણસો આગળ તેટલા જ તટસ્થ રહયા. ક્યારેય નમતું આપ્યું ન હતું.

તેઓને ભારતરત્નનો ખિતાબ એનાયત થયો. સન્માન સમારંભમાં ખિતાબ મેળવવા તેઓ દિલ્હી આવ્યા. નિયમ છે કે જેઓને ભારતરત્નના ખિતાબથી સન્માનિત કરેલા હોય તેઓ રાષ્ટ્રપતિના અતિથિ હોય છે અને રાષ્ટ્રપતિભવનમાં રહે છે. તેઓને પણ ત્યાં ઉતારવામાં આવ્યા. રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્રપ્રસાદ દરરોજ તેઓને મળતા હતા અને તેમના સાનિધ્યથી આનંદ મેળવતા હતા.

એક દિવસ જ્યારે રાષ્ટ્રપતિ તેઓને મળવા ગયા તો તેઓએ જોયું કે તેઓ પોતાનો સામાન બાંધી રહયા છે અને જવાની તૈયારીમાં છે. તેઓએ આવતાં જ પૂછયું, "આપ આ શું કરો છો ? હજુ તો આપને રહેવાનો કાર્યક્રમ છે."

તેઓએ જવાબ આપ્યો, "હા છે તો ખરો પણ મારે બીજે ક્યાંક રહેવાનું થશે. અહીંનો એ નિયમ છે કે કોઈ વ્યકિત ત્રણ દિવસથી વધુ રહી શકતી નથી." રાષ્ટ્રપતિ બોલ્યા, "આપ તો હમણાં અહીં રોકાઓ." તો તેઓએ કહયું," નિયમો આગળ નાના મોટા બધા એકસરખાં છે. હું આપનો સ્નેહપાત્ર છું એ કારણથી નિયમોનું ઉલ્લંઘન કરું તો સામાન્ય લોકો શું દુઃખી નહીં થાય ? અને આમ કહી તેઓએ પોતાનો સામાન લેવડાવ્યો, બાબુજીને પ્રણામ

કર્યા અને ત્યાંથી ચાલી નીકળ્યા. બાકીના દિવસો બીજી જગાએ રહયા પણ રાષ્ટ્રપતિના બહુ કહેવા છતાં તેઓ ત્યાં રોકાયા નહીં.

નિયમપાલનથી માનવી મોટા બને છે, ફકત પદ અને પ્રતિષ્ઠા મેળવવા એ મોટાઈનું ચિન્હ નથી. સૂર્ય, ચંદ્રમાં વગેરે સનાતન નિયમોની અવહેલના કરતા નથી તેથી પૂજ્ય અને પ્રતિષ્ઠિત છે તો સમુચિત કર્તવ્ય અને નિયમોના પાલનથી માનવીનાં મૂલ્ય કેવી રીતે ઘટે ? પછી ભલેને કામ ગમે તેટલું નાનું કેમ ના હોય ?

તેઓ દેશના મહાન એન્જિનિયર "મોક્ષમુંડમ્ વિશ્વેશ્વરૈયા" હતા, જેમની પ્રતિષ્ઠા અને પ્રશંસા એટલાં ભારતમાં જ નહીં ઈંગ્લેન્ડ અને અમેરિકા સુધી થતી હતી. પદ માટે નહીં પરંતુ કાર્યકુશળતા, નિયમપાલન, શિસ્ત અને યોગ્યતા જેવા ગુણો માટે થતી હતી.

## ૨૪. સમયથી મૂલ્યવાન સત્ય છે

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી ડો. બિધેનચંદ્ર રોય પોતાના વિદ્યાર્થી જીવનમાં ખૂબ તેજસ્વી, મેધાવી અને અધ્યયનશીલ વિદ્યાર્થી હતા. મોટે ભાગે પોતાના વર્ગોમાં તેઓ સર્વપ્રથમ આવતા હતા. જયો તેઓ કૉલેજના ત્રીજા વર્ષમાં ભણતા હતા ત્યારે બનેલી ઘટનાનું વર્ણન અહીં રજૂ કરેલું છે. જે કૉલેજમાં તેઓ ભણતા હતા તેના દરવાજા પાસે એક અધ્યાપકની મોટરકારની દુર્ઘટના બની. આ દુર્ઘટના પ્રાધ્યાપકની બેદરકારીને લીધે થઈ

હતી અને ડો. રોય પણ તેઓના વર્ગમાં ભણતા હતા. આ દુર્ઘટનાની ખબર પોલીસ થાણામાં પહોંચી અને પોલીસે તપાસ શરૂ કરી. ઘટનાસ્થળ પર જે જે માણસો હાજર હતા, તેઓની સાક્ષી લેવામાં આવી. સાક્ષી આપનારામાં ડો. રોય પણ હતા.

પ્રાધ્યાપક ઉપર અદાલતમાં કેસ ચાલ્યો. બિધેનચંદ્ર સાક્ષી માટે અદાલતમાં હાજર થાય તે પહેલાં પ્રાધ્યાપકે તેઓને પોતાના પક્ષમાં જુબાની આપવા કહયું. રોયે સ્પષ્ટ કર્યું કે હકીકતોને છુપાવી ન્યાયની હત્યા કરવાનું સાહસ મારાથી નહી થાય. પ્રાધ્યાપકે તેઓને ખૂબ સમજાવ્યા, ફોસલાવ્યા પણ રોયે કાંઈ વાત સાંભળી નહી. બધા પ્રયત્નો નિષ્ફળ જતા જોઈ પ્રાધ્યાપકે અંતમાં તેઓને ધ્યાનમાં રાખીશ એવી ધમકી આપી. પણ આ ધમકીની તેઓ ઉપર કંઈ જ અસર થઈ નહીં.

અદાલતમાં પ્રત્યક્ષદર્શી સાક્ષીના રૂપમાં રોયે જે ઘટના જોઈ હતી તેનો આંખે દેખ્યો અહેવાલ પૂરેપુરો સંભળાવ્યો. તેઓએ સ્પષ્ટ બતાવ્યું કે ઘટના પ્રાધ્યાપકની અસાવધાનીથી થઈ છે અને તે માટે તેઓ દોષિત છે. ઘટના સ્થળ ઉપર હાજર રહેલા માણસોમાંથી કોઈ કે આ પ્રકારે જુબાની આપી હતી. જે ત્યાં હાજર ન હતા તેવા કેટલાક વિદ્યાર્થીઓએ પ્રાધ્યાપકના પક્ષમાં ખોટા નિવેદનો આપ્યાં, પણ રોયનો આંખે દેખ્યો અહેવાલ હકીકતપૂર્ણ અને વધારે પ્રામાણિક લાગ્યો અને ન્યાયાધીશે પ્રાધ્યાપકને દોષિત જાહેર કર્યા. આ અપરાધના દંડરૂપે રકમ ભરવાની થઈ.

આ મામલામાં પ્રાધ્યાપકે રકમ તો ભરી દીધી પણ રોયના પ્રત્યે તેઓના મનમાં ખરાબ વિચારો ઘર કરી ગયા. આ વાત તેઓએ મનમાં રાખી લીધી અને હેરાન કરવાની તક ઝડપી લીધી. થોડા દિવસો પછી વિદ્યાલયમાં પરીક્ષા થઈ. રોયે પરીક્ષાની તૈયારી ભારે મહેનત સાથે કરી. પરિશ્રમપુર્વક વાંચેલું અને પ્રત્યેક પ્રશ્નપત્ર સારી રીતે ઉકેલ્યો હતો.

તે પ્રાધ્યાપકે પોતાના સાથીઓ ઉપર પોતાના પ્રભાવનો ઉપયોગ કરી રોયને નાપાસ કર્યા. એટલું જ નહીં, પોતાના વિષયમાં પણ ખૂબ ઓછા ગુણ આપ્યા, તેથી તે વધારાની પરીક્ષામાં પણ બેસી શકે નહીં. આ પરિણામની કોઈને પણ આશા ન હતી. વિદ્યાર્થીઓમાં રોયનું સ્થાન આગળ પડતું હતું. એટલે તેઓ પણ દુઃખી થયા, જયાં તેઓ તો પાસ થયા હતા અને પોતાના મેધાવી સાથીથી આગળ નીકળી ગયા હતા.

બધા લોકોને આશ્ચર્ય થયું હતું પણ રોયને જરા પણ આશ્ચર્ય ન થયું. તેઓ આ પ્રકારનું કારણ સમજી ગયા હતા કે આ પ્રાધ્યાપકની કૃપા છે, જેમના પક્ષમાં જુબાની આપવા માટે સમજાવ્યા, ફોસલાવ્યા અને ધમકાવ્યા હતા.

એકવાર પ્રાધ્યાપકની મુલાકાત રોયને થઈ. તેઓએ પૂછયું "જાણો છો બિધેનચન્દ્ર તમે કેમ નાપાસ થયા ?"

"હા, સારી રીતે જાણું છું. જાણતો જ ન હતો તેનું પૂર્વાનુમાન પણ હતું."

"તો જાણીબૂજીને આ ચેષ્ટા કેમ કરી. મારા પક્ષમાં જુબાની આપી હોત તો તમારું વર્ષ બગડવામાંથી બચી જાત." પ્રાધ્યાપકે કહ્યું.

"વર્ષ બગડવાનો મને કોઈ રંજ નથી. રંજ તો ત્યારે થાય જ્યારે પોતાના આત્માને દુઃખ પહોંચાડી સત્યને છુપાવ્યું હોત કારણ કે મારી દૃષ્ટિએ સત્ય વર્ષથી પણ વધુ મૂલ્યવાન છે." બિધેનચંદ્ર રોયનો આ ઉત્તર હતો.

## ૨૫. કરુણામય સંવેદનશીલતા

બંગાળી ભાષાના પ્રખ્યાત સાહિત્યકાર શરદચંદ્ર ચટ્ટોપાધ્યાયની રચનાઓમાં જે સજીવ પ્રાણ છે, ને પ્રાણ તેઓના વ્યકિતત્વ અને અંતરમનમાંથી પ્રગટેલ છે. ખરેખર કોઈ પણ રચનાકારની કૃતિઓ તેમની કલમમાંથી નહીં પણ તેઓના હ્રદયમાંથી પ્રેરણા મેળવે છે. શરદબાબુના એક નિકટવર્તી મિત્રે તેઓની આ પ્રાણદાયિની ક્ષમતાનો ઉલ્લેખ કરતાં લખ્યું છે. "સંસારમાં માનવીનું માનવી પ્રત્યેનું જે કર્તવ્ય અને સહજ ભાવ છે, શરદચંદ્રની કૃતિઓમાં તે ભાવ ગઢગાઢ અનુભૂતિઓ અને મગજના વિચારો દ્વારા જીવનના વિશ્લેષણના રૂપમાં મૂર્તિમાન થાય છે. સમાજમાં જે કલહ છે, જે વેરઝેર છે, તે જોઈ શરદચંદ્ર વિચલિત થઈ જાય છે. તેઓની આ સંવેદનશીલ કરુણા જ તેમની રચનાઓમાં આપણને ડૂબાડે છે.

એક સમયનો બનાવ છે. રાત ખૂબ થઈ ગઈ હતી. શરદબાબુ પોતાના મિત્રને ઘેરથી પાછા ફરી રહયા હતા. સાથે મિત્ર દંપતી શ્રી નરેન્દ્ર દવે અને શ્રીમતી રાધારાણી હતાં. સાડા દસ, અગિયાર વાગ્યાના સમય હતો., અવરજવર ઓછી હતી, ત્રણે જણા વાતો કરતા ચાલતા હતા. મંડિતિયા રોડના એક છેડે પહોચ્યા તો તેઓએ જોયું કે ત્રણ ચાર લોકો એક ઝાડ નીચે જોરજોરથી વાતો કરતા હતા. તેઓની કેટલીક વાતો શરદબાબુના કાને પહોંચી અને તેઓ અટકી ગયા. સાથી પણ અટકયા. ત્યારે ઝાડ નીચે ઉભેલામાંથી કોઈકે કહ્યું કે "મહોદય, જા સાંભળો તો."

ત્રણે જણા તે તરફ ગયા. જઈને જોયું તો લાલ કપડામાં એક નવજાત શિશુ લપેટાયેલું પડયું હતું. કહેવું ના જોઈએ પણ ભ્રષ્ટ યૌનાચારના પરિણામે કોઈ યુવતી અથવા મહિલાએ પોતાના માતૃત્વને ખરાબ રીતે રૂંધીને આ દુષ્કૃત્ય કરી ગઈ હતી. નવજાત બાળકને જોઈ શરદબાબુને કીડીઓ ચટકી રહી હોય તેમ જગાજગાએ શરીર ઉપર લાલ ચામઠાં ઉપસી આવ્યાં. શરદબાબુ આવી સ્થિતિમાં ઘેર કેવી રીતે જાય. ત્યાં હાજર રહેલા લોકો સાથે વિચારવિમર્શ કરી તેઓએ નિશ્ચય કર્યો કે બાળકને દવાખાને મોકલી આપવો જેથી સંસારમાં હમણાં આવેલો આ અતિથિ એમ જ વિદાય લઈ લે નહીં.

દવાખાનામાં આ સૂચના આપવા એક શિશુને ત્યાં મોકલવાની વ્યવસ્થા કરવા શરદબાબુએ પોતના મિત્ર નરેન્દ્રને કયાંક ફોન મળી જાય તો કરવા કહયું અને જન્મ

લીધા પછી અત્યાર સુધી જેના ગળામાં કશું ગયું ન હતું તેથી વ્યવસ્થામાં જોડાઈ ગયા. બાળકે દૂધ ના પીધું, મધ જરૂર તેના ગળામાં નીચે ઉતર્યું. પછી તેઓ નરેન્દ્રની પાસે ગયા. જેઓ પાસેથી એક મીઠાઈની દુકાને જઈ દવાખાનામાં ફોન કરી રહયા હતા.

દવાખાનાવાળાઓએ આ રીતે મળેલા બિનઅધિકૃત બાળકને લેવાનો ઇન્કાર કર્યો. નિયમાનુસાર પહેલા તેની ખબર પોલીસને આપવી પડે, એટલે પોલીસને ફોન કર્યો. પોલીસ સ્ટેશનથી તત્કાળ કોઈ આવવા તૈયાર ન થયા. નરેન્દ્રએ પોલીસને શરદબાબુનો ઉલ્લેખ કર્યો એટલે ત્યાંથી સિંચાઈ. મોકલવાની વ્યવસ્થા થઈ.

થોડા સમય પછી બે પોલીસમૅન ઘટનાસ્થળે આવી ગયા. શરદબાબુ અને તેમના સાથીઓ ત્યા સુધી તે સ્થળે રોકાયા. બાળકને પોલીસને સોંપી અને તેની વ્યવસ્થા કરવામાં રાતના બે વાગી ગયા પણ શરદબાબુના ચહેરા ઉપર કોઈ ખેદ કે કોઈ સુસ્તી ન હતી. તેઓ આ રીતે બાળકની ઉપર્યુકત વ્યવસ્થામાં લાગી રહયા. કલકતા જેવા શહેરમાં આ પ્રકારની ઘટનાઓનું તે સમયે કોઈ ખાસ મહત્વ ન હતું. પણ શરદબાબુની સમક્ષ ક્યાંક કોઈ જીવન તડપાવીને પ્રાણ છોડે તો તેઓનાથી સહન થતું ન હતું.

આ કરુણામય સંવેદનશીલતા તેઓના સાહિત્યને તે શકિત આપી ગઈ જે વાંચકોને પણ કરુણાદ્ર કરી જાય તો તેમાં આશ્ચર્ય શું છે ?

## ૨૬. મા સરસ્વતીના ઉપાસક

"પ્રાતઃકાળમાં કોઈની સાથે વાતચીત થઈ શકશે નહીં, એટલે તે માટે આગ્રહ કરશો નહીં." આ પ્રકારનું બોર્ડ દરવાજાની બહાર લટકતું જોઈ આવનાર માણસ સહેજ ખચકાયો અને પછી ચૂપચાપ પાછો વળી ગયો.

પાછાં ફરનાર સજ્જન હતા હિન્દીના રાષ્ટ્રકવિ મૈથિલીશરણ ગુપ્ત અને જેના ઘર ઉપર આ બોર્ડ હતું તેઓ હતા હિન્દી સાહિત્યને એક નવો આકાર આપનાર સાહિત્યકાર આચાર્ય મહાવીરપ્રસાદ દ્વિવેદી.

મૈથિલીશરણ પાછાં તો ગયા, પણ મનમાં એ ગડમથલ જ થઈ કે બીજાઓ માટે આટલાં બધા ઉદારવાદી લાગતા માણસે કયા કારણથી આટલો કઠોર નિયમ બનાવ્યો હશે કે દુરથી આવનાર મહેમાનને પણ પાછાં જવું પડે. વારંવાર આ પ્રશ્ન તેમના મનમાં ઊઠતો રહયો, પણ કોઈ નિષ્કર્ષ ઉપર પહોંચી શકયા નહીં. એટલે તેઓને મળીને આ બાબતમાં જાણવાની ઇચ્છા ખૂબ પ્રબળ બની.

સાંજના જ્યારે તેઓ મહાવીરપ્રસાદ દ્વિવેદીને ઘેર પહોંચ્યા ત્યારે રૂમમાં તેઓ પત્ર લખવામાં મગ્ન દેખાયા. પણ સામે મૈથિલીશરણને જોઈ, તેઓએ લખવાનું બંધ કરી દીધું. આવકારવા તેઓ ઉઠયા અને તેમને સામેની ખુરશી ઉપર બેસવાનો ઇશારો કર્યો. ઘર

પરિવારની ઔપચારિક વાતચીત પછી મૈથિલીશરણથી વધારે સમય રહેવાયું નહીં અને તેઓ બહાર લટકતા બોર્ડ વિશે પુછી નાખ્યું કે આટલાં કઠોર નિયમનો શો અર્થ છે ?

હું પ્રાતઃકાળમાં મા સરસ્વતીની સાધના કરું છું, એટલે આટલો કડક નિયમ બનાવવો પડયો છે, એ જાણું છું, એટલે આટલો કડક નિયમ બનાવવો પડયો છે, એ જાણું છું કે તેઓથી અનેક લોકોને કષ્ટ પડે છે. પણ શું કરું, વિવશ છું." ઝડપથી ઉત્તર મળ્યો. "પણ આ સાધના કેટલો સમય ચાલે છે ? શું એટલી લાંબી છે કે મહેમાનોને રાહ જોવી નિરર્થક સમજે છે ? "

"હા" જવાબ મળ્યો. "સામાન્ય રીતે તે બે કલાકની હોય છે, પણ કોઈક કોઈક વાર સમય વધી જઈને ત્રણ ચા કલાક સુધી ચાલે છે."

"તો, તો આપ મોટા ઉપાસક છો, પણ આપના રૂમમાં પૂજા-સામગ્રી, ચિત્ર વગેરે કશું જોવા મળતું નથી, છતાં આપ કેવાં ભક્ત છો ?" મૈથિલીશરણે આશ્ચર્ય વ્યકત કર્યું.

દ્વિવેદીજીએ તેમનો આશય સમજીને ભ્રમને દૂર કર્યો. ઘોડામાં અને ટેબલ પર મૂકેલા પુસ્તકો તરફ ઇશારો કરતા બોલ્યા "આ મારી પૂજા-સામગ્રી અને ઇષ્ટ વગેરે બધું જ છે. હું તેમની સાધના કરું છું."

"તો શું આપ અભ્યાસ કરતા રહો છો."

"નિઃસંદેહ, હું તે સમયે સ્વાધ્યાય અને અભ્યાસમાં વિતાવું છું. આપ તો જાણો છો કે રેલવેની વ્યસ્ત નોકરીમાંથી આ સમય કાઢી શકું છું. સાંજના ડયૂટી કરીને આવ્યા પછી એટલો થાકી જાઉં છું કે તન્મયતાપૂર્વક તે કરી શકાતું નથી. એટલે આ સમય મળવા આવનારા માટે નક્કી કર્યો છે અને સવારનો સમય પોતાની યોગ્યતાના સંવર્ધન માટે રાખ્યો છે.

થોડો શ્વાસ લીધા પછી તેઓએ આગળ કહેવાનું શરૂ કર્યું. "એક સાહિત્યકાર હોવાને લીધે સમયની કિંમતથી આપ પૂરેપુરા જ્ઞાત છો. હું તેને હીરા મોતી, જેટલો મૂલ્યવાન ગણું છું અને જે જેણે તેની એકએક પળને એ રીતે માનીને સદ્દુપયોગ કર્યો છે, તે વિશ્વમાં ઉન્નતિ-પ્રગતિ કરી શકયો છે.

મૈથિલીશરણ તેઓના આ ઉત્તરથી સંતુષ્ટ જણાયા.

વાસી રોટલી અને દાળ ઉપર જેમતેમ જીવનનિર્વાહ કરનારા આ સાધકે પોતાના બાળપણથી જ જો પોતાના જીવનમાં સમય સંયમનું મહત્વ સમજયા હોત નહીં તો શક્ય છે કે આજે તે એક અજાણ બાળકથી ચિરપરિચિત સાહિત્યકાર બની શકયા હોત નહીં. આ તેઓની મહેનત અને સમયના સદ્દુપયોગનું પરિણામ છે કે એક નિરક્ષર પરાવલંબી બાળક સતત અસહાય સ્થિતિમાં પોતાના બળ ઉપર હિન્દી, અંગ્રેજી અને સંસ્કૃતના

અધિકારી વિદ્વાન બની શકયા. ઉર્દૂનો પણ થોડો ઘણો સંપર્ક રાખ્યો હતો. ડયૂટી કરીને આવ્યા પછી જો સમય મળતો, તો તેઓ સંસ્કૃતનો અભ્યાસ કરતા હતા અને એ રીતે તે થોડી ક્ષણોના સદુપયોગથી સંસ્કૃતમાં એટલો અધિકાર પ્રાપ્ત કરી લીધો હતો કે તેઓ કવિતા કરવા લાગ્યા. સમયનો સદુપયોગ જ તો મહાપુરુષોની વિશેષતા હોય છે.

## ૨૭. ગરીબોના જીવનદાતા

"અરે ! કાળસુખી ગરીબી કેટલી જુલમી છે ! કેટલી માથા ઉપર ચઢીને બોલી રહી છે આ દિવસોમાં ! જેની પાછળ પડી જાય તેની કમર તોડી નાખે છે. હાથ ભૂખથી તેઓના બાળકો કેવાં કચવાટ કરે છે ! અને મા ચોવીસે કલાક કામ કર્યા કરે છે. બાળકોને ખાતર મશીનની માફક કામ કરવું પડે છે, છતાં આ શેતાન પેટ ભરાવવાનું નામ જ લેતો નથી. પિતા ભારે પરિશ્રમ કરીને જ્યારે આર્થિક સ્થિતિ સુધારી શકતા નથી તો લાચાર થઈને પરિસ્થિતિ સાથે સમજૂતી કરી લે છે. બીજો શો ઉપાય છે ? સમજૂતી ના કરે તો બીજું શું કરે ? હે ભગવાન ! તમારી સૃષ્ટિમાં આ વિષમતા કયા સુધી ચાલતી રહેશે.

મહાકવિ નિરાલા આ વિચારોમાં ગડમથલ કરતા ચાલતા જતા હતા. કેટલાક દિવસોનો ઉપવાસ ! અને તે સાથે પગ સાથ આપતા ન હતા, છતાં કોઈક રીતે ચાલતા જતા હતા. શું કરે કોઈ મદદ ન હતી. ખિસ્સામાં એક પૈસો ન હતો, નહીં તો ઘોડાગાડી કરી લીધી

હોત. ગરીબોના જીવનદાતાએ તો ગરીબ બનીને જીવવું પડે છે, કારણ કે તેઓની દરિદ્રતા કેવી રીતે તેમનાથી જોઈ શકાય  તેઓ જાતે એશોઆરામ કરે અને તેમના બીજા ભાઈબહેન ભૂખ્યાં કપડા વગર રહે એવી કલ્પના તો તેઓના સ્વપ્નમાં પણ આવતી ન હતી.

આ પરિસ્થિતિમાં સૂર્યકાન્ત ત્રિપાઠી "નિરાલા" દારાગંજમાંથી લીડર પ્રેસ ચાલતા આવતા હતા, જેથી પ્રેસમાંથી રોયલ્ટીના થોડા પૈસા મળે ભૂખને તૃપ્ત કરાય. પ્રેસમાંથી રોયલ્ટીના ૧૦૪ રૂપિયા લઈ, એક્કામાં બેસી પોતાની માનેલી બહેન મહાદેવીના રહેઠાણ તરફ જવા લાગ્યા. એકકો થોડોક આગળ વધ્યો તો ત્યાં તેમણે એક અવાજ સાંભળ્યો. "બેટા, આ ભૂખી અભાગણને કશુંક મળે તો સારું."

નિરાલાએ અહીંતહીં જોયું તો જાણ્યું કે તે પોકાર તેમને ધ્યાનમાં રાખીને થયો હતો, એટલે એકકો અટકાવ્યો, જાતે ઊતરી અને સડકની એકબાજુ બેઠેલી ઘરડી ભિખારણની પાસે પહોંચ્યાં. અંતરમાં ઊઠેલી કરુણાને રોકી શકયા નહીં, બોલ્યા "મા, અમારી હાજરી હોવા છતાં તમારે ભીખ માગવી પડે, એમ કેમ ચાલે ?"

"હું બીજુ શું કરું, બેટા !" ઘરડી સ્ત્રીએ પોતાના ક્ષીણ અવાજે કહયું, હાથપગ ચાલતા નથી. જયાં સુધી સારું હતું ત્યારે સુધી મે પણ સ્વાભિમાનવશ કોઈની આગળ હાથ લંબાવ્યો

નથી અને પરસેવાની કમાઈથી મારા પરિવારને પાળતી હતી, પણ હવે તો મારા છોકરાઓ મારી સામે જોતા નથી. જેમને માટે મેં સમગ્ર જીવન પરસેવો પાડીને વિતાવ્યું. આજે તેઓએ દૂધમાં પડેલી માખીની માફક મને કાઢી મૂકી છે. પેટપૂજા માટે કાંઈક તો કરવું પડે, એટલે વિવશ થઈને આ માર્ગ લીધો. કોઈક રીતે આ ઘરડું પેટ ભરાય છે.

કવિ હૃદય તડપી ઊઠ્યું. પૂછયું, "જો એક રૂપિયો આપું તો કેટલો વખત ભીખ માંગશે નહીં ?"

"કાલ સુધી" જવાબ મળ્યો.

"જો પાંચ રૂપિયા આપું તો"

"પાંચ દિવસ સુધી ભીખ માગવી પડશે નહીં" ઘરડી સ્ત્રીએ કહયું.

કવિએ રોયલ્ટીની બધી રકમ એકસો ચાર રૂપિયા આપવાની વાત કરી તો ઘરડી સ્ત્રી ફરી ભીખ નહીં માંગવાની અને તેનાથી કોઈ ધંધો કરી લેવાનો સંકલ્પ કર્યો.

મહાકવિએ બધી રકમ તે ઘરડી સ્ત્રીને આપી પોતે ખાલી ખિસ્સે એક્કામાં બેસી મહાદેવીને ઘેર પહોંચ્યા જયાં મહાદેવીએ ભાડાના પૈસા ચૂકવ્યા. આવું હતું તેઓનું વિશાળ કવિહૃદય.

આજે પણ તેઓનો આત્મા ચીસો પાડીને કહે છે કે માનવતા હૃદયની વિશાળતામાંથી આવે છે, ભૌતિક સમૃદ્ધિમાંથી નહીં.

## ૨૮. પત્રકારિત્વનો આદર્શ - બાલમુકુન્દ ગુપ્ત

દરવાજો ખખડવાનો અવાજ થતા અંદર રૂપમાં નીચે જમીન ઉપર શેતરંજી પાથરીને બેઠેલા અને મેજ ઉપર કાગળ રાખી લખી રહેલ ગુપ્તજીએ નાના છોકરાએ બૂમ પાડી કહ્યું "જો તો બેટા, કોણ આવ્યું છે ?"

નાના બાળકે પોતાના પિતાજીનો અવાજ સાંભળી દરવાજો ખોલ્યો અને એક સજ્જન અંદર પ્રવેશ્યા. ગુપ્તજી તેમને જોઈ તરત જ ઉભા થયા "બહુ દિવસ પછી દેખાયા. આજકાલમાં ક્યાં છો, શું કરો છો ?"

આવેલા સજ્જન જે ગુપ્તજીના જૂના મિત્ર હતા તેઓના એ પ્રશ્નોનો ઉત્તર તો આપી રહ્યા હતા પણ તેઓ ઘરની સ્થિતિને ખૂબ બારીકાઈથી જોઈ રહ્યા હતા. વિચારેલું તો એમ હતું કે -ભારતમિત્ર- જેવા પ્રતિષ્ઠિત અખબારના સંપાદકને મળવા જાઉં છું. ઘરમાં ઠાઠમાઠ અને રોનક તો નહીં હોય અને ઓછામાં ઓછું મધ્યમવર્ગના કુટુંબના જેવી સ્થિતિ તો હશે પણ અહીં તો ચારેબાજુ ફાટેલી વીખરાયેલી વસ્તુઓ દેખાવા લાગી. 'ભારતમિત્ર' હિન્દી દૈનિકના સંપાદક શ્રી બાલમુકુન્દ ગુપ્તનું ખમીસ, જે ખૂબ જ ઉતરતા કાપડનું બનેલું હતું.

ગુપ્તાજી ખૂબ મોટી નીબવાળી પેન જે ખૂબ સસ્તામાં મળતી હતી, તેનાથી મેજ ઉપર કાગળ રાખી લખી રહયા હતા.

ગુપ્તજીએ તેને પૂછયું "ખમીસ તો સરસ છે. કેટલાનું છે બેટા ૪૪"

"ચાર રૂપિયાનું"

"ચાર રૂપિયાનું ? " ગુપ્તજીએ ખૂબ આશ્ચર્ય અને આપત્તિજનક સ્વરમાં કહયું, "આટલી મોઘું કેમ ખરીદ્યું ?" આટલામાં તો ઘરના બધા સભ્યો માટે કપડાં બની શકે છે."

આવેલા સજ્જને કહયુ "બાળક તો છે ગુપ્તજી, જો તે અત્યારે પોતાની પસંદનું ખાવાનું, પીવાનું, પહેરવાનું કરી શકે નહીં તો ક્યારે ખાશે પીશે."

"પણ આ તો ખરેખર ખોટો ખર્ચ છે. અમારા કુટુંબની આર્થિક સ્થિતિ તેને યોગ્ય નથી કે અમે આટલાં મોઘા કપડા પહેરી શકીએ." ગુપ્તજીએ કહયું "રહી ખાવા પીવાની ઉંમરવાળી વાત, તો તેઓને અત્યારથી જ ઓછો ખર્ચ કરવાનું નહીં શીખવીએ તો ક્યારે શીખશે."

"આર્થિક તંગીની મુશ્કેલીઓ તો હું દૂર કરી દઉં છું હું એટલાં માટે આપની પાસે આવ્યો છું." એમ કહીને આવેલા મિત્રે પાંચ હજાર રૂપિયા તેમના મેજ ઉપર મૂકી દીધા.

ગુપ્તજી એટલાં ચોંકી ગયા કે જાણે તેમણે કોઈ સાપ વીંછી જોયા હોય. ગુપ્તજીએ વિસ્મય સાથે વિસ્ફારિત આંખોએ મિત્રની તરફ જોઈને કહયું, - આ શું કરે છે ?"

મિત્રએ કહયું, "એ તો આપને ખબર છે કે અહીંની ફોજદારી અદાલતમાં બે ધનિકો વચ્ચે કેસ ચાલે છે. બન્ને પ૧ો ગતવાર પૂરેપૂરી ચર્ચાઓથી અહીંના દૈનિકપત્રો ભરાયેલા હોય છે પણ ન્યાય જેના પક્ષમાં નથી તે મારા મિત્ર છે. જો આપ આપના 'પત્ર'માં તેના માટે સમર્થન કરો તો કદાચ તેને લાભ થાય. એટલાં માટે હું તેના તરફથી આ પાંચ હજાર રૂપિયા લઈને આવ્યો છું. આપ તેનો સ્વીકાર કરો."

ગુપ્તજીએ ધીર ગંભીર અવાજે કહયું "મિત્ર, તમે ખોયું સમજયા છો. જો અર્થની કમાણી જ મારું ધ્યેય રહયું હોત તો આપ જે અત્યારે ચારે બાજુ ધારીધારીને જોતા હતા અને મારી ગરીબી ઉપર આશ્ચર્ય કરી રહયા હતા, હું ઇચ્છતો હોત તો આપને આજે આશ્ચર્ય થવાનો અવસર મળત નહીં. મને સમૃદ્ધિ કરતાં જવાબદારી વધુ પ્રિય છે. મારા પૂત્રનું સુત્ર છે- "પ્રતિષ્ઠાન્ રત્નમ્ ". ધનના લોભમાં પત્રની પ્રતિષ્ઠા કોઈ પણ સ્થિતિમાં ગુમાવી દેવા માગતો નથી."

અને ગુપ્તજી ફરીથી પોતાના લેખનકાર્યમાં સામેલ થઈ ગયા.

# ૨૯. 'અશક્ય' શબ્દ આપણી દુર્બળતાનો પરિચય કરાવનાર

ઈ.સ.૧૮૯૮ ની વાત છે. મદ્રાસથી નીકળતા અંગ્રેજી પત્રના સંપાદન સુબ્રહ્મણ્યમ અય્યરે -હિન્દુ- થી છૂટા પડી તામિલ ભાષામાં પોતાના પત્રને કાઢવાનો નિશ્ચય કરી લીધો કારણ કે તેઓ આ ગુલામીની ભાષાથી હવે નફરત કરવા લાગ્યા હતા. એની બધે એક જ પ્રતિક્રિયા થઈ -અશક્ય-. કોઈકે તો ત્યાં સુધી કહયું કે -અય્યર. પાગલ થઈ ગયા છે- પરંતુ તેઓ તો આ કસોટીનો સ્વીકાર કરી બેઠાં હતા.

અંગ્રેજી લખવામાં અય્યરના જેવા પત્રકાર ભારતમાં તો શું વિદેશોમાં પણ ન હતા. 'હિન્દુ'માં બહાર પડતા તેના સંપાદકીયને સર એલન હયુમ લંડનથી નીકળતા ટાઈમ્સથી ૧૯ નહીં પણ ૨૦ ગણા માનતા હતા. ગોપાલકૃષ્ણ ગોખલે તેમની વિલક્ષણ બુદ્ધિના વખાણ કરતા હતા, લિયાકતઅલી તેમની લેખનકળા ઉપર ફિદા હતા. માલવિયાજી તેઓને પોતાના રાજનૈતિક ગુરુ સમાન માનતા હતા અને અંગ્રેજ સરકાર તેઓને પોતાના માથાનો દુખાવો સમજતી હતી કારણ કે તેઓ રાષ્ટ્રીય આંદોલનને જલદ બનાવવા મટો લખતા હતા જે કાનૂન વિરોધી હોવા છતાં તેઓના ચમત્કારિક લખાણ અને ઢંગને કારણે પકડી શકતા ન હતા.

આ બધી પ્રતિષ્ઠા તેઓને 'હિન્દુ'ના સંપાદન હોવાથી મળી હતી. આ પત્ર તેઓએ પોતાની ત્રેવીસ વર્ષની ઉંમરે અઠવાડિક રૂપમાં શરૂ કર્યું હતું. જે તેની વધતી લોકપ્રિયતાને લીધે અઠવાડિયામાં ત્રણ વાર બહાર પડવા લાગ્યું અને ૧૮૮૯ થી દૈનિક થઈ ગયું. તેઓની વિદ્વત્તાની અસર સમગ્ર દેશમાં આ પત્રના માધ્યમથી જામી ગઈ હતી.

અંગ્રેજી ભાષા ઉપર જે માણસોનો અધિકાર હોય, જેમાં તેઓ સિદ્ધહસ્ત હોય અને દેશવ્યાપી ખ્યાતિ મેળવી ચૂકયા હોય, તેઓ તે ભાષાને છોડી એવી ભાષામાં પત્ર કાઢવા માટે વાત વિચારે, જે થોડા લોકોમાં બોલાય, સમજાય તો નક્કી કહેવાય કે પોતાના પગ ઉપર કુહાડો મારવા જેવી વાત છે. તે ભાષા અને તે નવા પત્રના માધ્યમથી ફરીથી તેઓ પ્રતિષ્ઠા મેળવી શકશે તે ખરેખર અશક્ય હતું.

શ્રી અય્યર અશક્યને શક્ય બનાવવામાં લાગી ગયા હતા. તેઓ કહેતા હતા કે હું જે આ વિચારું છું કે આ કાર્ય મારી રુચિનું છે અને મારી પ્રતિભા અને અનુકૂળ છે, ખરેખર આ આપણી માનસિક ગરીબી દર્શાવનાર છે. મોટાભાગના લોકો આ માનસિક ગરીબીમાં સપડાયેલા હોઈ, કોઈ પણ સાહસ ભરેલું કામ કરતા નથી. જે કોઈ ઢાંચો બની ગયો છે તેને ચિપકી રહેવા માગે છે. વિવેકપૂર્ણ વાત માનતા હોવા છતાં તેને અનુસરવામાં જોખમ ઉઠાવવા માગતા નથી.

તેઓએ અંગ્રેજી 'હિન્દુ'માંથી છુટા થઈને તામિલમાં 'સ્વદેશ મિત્રત્ ' નામનું પત્ર કાઢવા માંડયું, તે પણ અઠવાડિક કે માસિક નહીં પણ દૈનિક હતું. થોડાંક જ વર્ષોમાં આ પત્ર 'હિન્દુ'ની બરાબરનું પત્ર બની ગયું. તામિલભાષા પ્રદેશમાં તો આ પત્રનું એક સામ્રાજય બની ગયું. મદ્રાસ પ્રાંતના લોકો તેની આલોચનાથી ઘરઘર કાંપવા લાગ્યા. સરકારના અધિકારીઓએ વિચાર્યું હતું કે ચલો તેની કાતિલ આલોચનાથી હવે બચી ગયા પણ આ ધારણા ખોટી સાબિત થઈ ગઈ.

અય્યર મહોદયનું જે પ્રભુત્વ અંગ્રેજી ભાષા ઉપર હતું, તેવું જ પ્રભુત્વ તેઓએ તામિલ ભાષા ઉપર કરી લીધું હતું. તેઓ જેવા ચર્ચાત્મક લેખ 'હિન્દુ' માં લખતા હતા તેઓ જ 'સ્વદેશ મિત્રમ્ ' માં લખવા લાગ્યા. કોઈ તફાવત ન હતો. આ માટે તેઓએ નવી રીતે અભ્યાસ અને શ્રમ કર્યો.  તેઓ અશક્યને શક્ય બનાવવામાં પૂર્ણ રીતે સફળ બન્યા. આજે જે લોકો એ ભયથી સત્કાર્યોમાં, યુગધર્મ પાળવામાં હાથ નાખતા નથી કે આ અશક્ય છે, તેઓ માટે આ ઉદાહરણ ઓછું મહત્વ નથી. આજનો માનવી એમ કહીને પોતાના કર્તવ્યથી દૂર ભાગે છે કે આ મોટું કામ એક પ્રયાસથી કેવી રીતે પાર થઈ શકશે. દરેક માણસ બસ આ અશકયના ભૂતથી ડરી જાય છે જેમ કે તે અંધારામાં ઊભેલા વૃક્ષ જેવું છે, પણ આત્મવિશ્વાસનો પ્રકાશ પડતાં જ ઝગમગી ઊઠે છે.

# ૩૦. જ્યારે માનવતા જાગી

એસ્પ્લેનેડ (કલકત્તા) ના ચાર રસ્તા ઉપર એક ઘરડો માણસ પોતાનો ખૂમચો લઈ બેઠો હતો. ચણા, મગફળીનો ઢગલો અને થોડી રેવડી તેની મૂડી હતી. તેની ફરીથી જે થોડી આવક થતી તેનાથી કોઈક રીતે પોતાનું પેટ ભરી લેતો. સવારથી બપોર સુધી તે અહીં બેસતો, પછી વિક્ટોરિયા હાઉસના મેદાનમાં જઈ બેસતો અને સાંજ સુધી ત્યાં રોકાતો હતો. બપોર પછી ત્યાં પ્રવાસીઓની ભીડ વધવા લાગતી, એટલે વધુ વેચાણની લાલચમાં તે વિક્ટોરિયા ગ્રાઉન્ડ ઉપર જતો હતો.

આજે સવાર સવારમાં એસ્પ્લેનેડના ચાર સ્તા ઉપર પોતાનો ખૂમચો ગોઠવતો હતો. કે એક અંગ્રેજ યુવક તેની સામે આવી ઊભો અને કુટિલ હાસ્ય આપતાં ઘરડાની સામે ધૂરકવા લાગ્યો. વૃદ્ધ ભયભીત થઈ ગયો. તે ક્યાંક સમજે તે પહેલાં યુવકની લાત વાગી અને ખૂમચાનો સામાન જમીન ઉપર વેરાઈ ગયો વૃદ્ધ ડરથી કાંપવા લાગ્યો. નીચી નજરે તેમની તરફ જોઈ હાથ જોડયા, દયાની ભીખ માગવા માટે કરગરવા લાગ્યો, પણ ગળામાં ત્રૂટક શબ્દો બોલતાં અટકી ગયો.

-મ....મ....મા.... લિક !-

હજુ તે કશુંક બોલે કે તમાચા અને મુક્કાની હારમાળા શરૂ થઈ ગઈ. કૃષકાય વૃદ્ધ આ પ્રહારને સહન કરી શકયો નહીં, પડી જઈ કરાંજવા લાગ્યો. એટલાંથી સંતોષ ન થતા તેણે વૃદ્ધને બે ચાર લાત મારી, વિખેરાયેલા ચણા, મગફળીને બૂટથી રગદોળી નાખી અને એક ખરાબ ગાળ બોલ્યો "યુ બાસ્ટર્ડ ! સન ઑફ બીચ !" અને પછી ગર્વોન્નત માથું લઈને આગળ વધવા માંડયું,  જાણે તેણે કોઈ મોટું કામ કર્યું ના હોય. હજુ તે આઠ દસ ડગલા જ આગળ વધ્યો હશે કે તેને પોતાના ગરદન કોઈ બળવાન હાથના મજબૂત પંજામાં પકડાયેલી જણાઈ. યુવકનો શ્વાસ ઘૂંટાવા લાગ્યો. પણ તેના પહેલાં કે તે કાંઈક સમજે, તે ધૂળ ચાટતો થઈ ગયો. આંખ ઊંચી કરી જોયું તો સામે એક પહેલવાન અને મજબૂત બાંધાનો કદાવર નવયુવાન ઊભો હતો. આંખમાંથી અંગારા વરસતા હતા. તેણે સિંહની માફક ખખડાવતાં કહ્યું, "બેશરમ ! તે દુર્બળ વૃદ્ધ ઉપર હાથ ઉઠાવતાં શરમ ના આવી. તને આ અક્ષમ્ય અપરાધનો દંડ મળ્યા વગર રહેશે નહી." અને પછી લાતો, મુક્કા અને લાતોનો પ્રહાર થવા માંડયો.

અંગ્રેજ તડપવા લાગ્યો. નાકમાંથી લોહીનો ફુવારો છૂટયો, પણ પ્રહાર અટકયા નહીં. એટલે વૃદ્ધ ખુમચાવાળાએ આવીને તેને છોડવા માટે નવયુવાનને આગ્રહ કર્યો.

"ઊઠ  દુષ્ટ, જા બાબાએ તને માફ કરી દીધો, નહીં તો આજે તારી ખેર ન હતી, પણ જતાં પહેલાં તેમને જે નુકસાન થયું છે તે આપતો જા. અને પોતાની દુષ્ટતાની માફી માગ." ભારતીય યુવકે ગરજતાં કહ્યું.

અંગ્રેજ કરાંજતાં ઊઠયો અને પોતાના પેન્ટના ખીસામાંથી સો રૂપિયાની એક નોટ આપી ધીરા અવાજે કહ્યું. "આઈ બેગ યોર પાર્ડન !" અને નાકમાંથી નીકળતા લોહીને રૂમાલથી લૂછી લથડાતા પગે આગળ વધવા લાગ્યો.

"બાબા !" યુવકે સંબોધન કર્યું. "જો ફરી ક્યારેક આ દુષ્ટે હરકત કરી, તો હું સામે મકાનમાં રહું છું. મને બોલાવજો, હું તેની ખબર લઈ લઈશ."

"નહીં બેટા, તેણે કરેલા કામનો દંડ મળી ચૂકયો છે. હવે તે મને પરેશાન નહીં કરે અને તમે પણ તેને વધુ સજા ન કરતા. જેટલી મળી છે, તે પૂરતી છે."

"સારું, છોડી એ વાત, તું પોતાનો પરિચય તો આપતો જા, તારું નામ શું છે ? " વૃદ્ધે આગ્રહ કર્યો.

"યતીન્દ્રનાથ મુખરજી" યુવકે કહ્યું.

બાઘા જતીનથી હજુ સુધી વૃદ્ધને સાક્ષાત્કાર થયો ન હતો, પણ તેના વિષયમાં તેઓએ અવશ્ય સાંભળ્યુ હતું કે તેણે એકલાંએ વાઘને નિઃશસ્ત્ર લડીને તે વાઘને મારી પાડયો હતો.

અનીતિના પ્રત્યે આક્રોશ જેના મનમાં છે એવા બાઘા જતીને જે સમયે ધરતી ઉપર જન્મ મેળવ્યો તે જન્મભૂમિ ધન્ય થઈ ગઈ. સ્વતંત્રતાનો મહેલ જે પાયા પર તૈયાર થયો છે, તેમાં એક મજબૂત પથ્થર જતીનનો પણ છે.

## ૩૧. મહાજન જાય તે રસ્તે જવું

જસ્ટિસ મહાદેવ રાનડે રેલવે દ્વારા યાત્રા કરી રહયા હતા. રસ્તામાં એક સ્ટેશન ઉપર તેઓ ઊતર્યા. ત્યાં ગાડી ખાસ્સો સમય ઊભી રહેતી હતી. એક મિત્ર મળી ગયા. મિત્રના આગ્રહથી તેઓ તેમની સાથે ડબ્બામાં બેસી ગયા, ગાડી શરૂ થવાની હતી, તો તેઓ વાત કરીને પાછાં ફર્યા. પોતાના ડબ્બા પાસે આવીને જુએ છે તો પોતાનો બધો સામાન પ્લેટફોર્મ ઉપર હતો. તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા.

ડબ્બામાં બેઠેલા બીજા મુસાફરો પાસેથી જાણ્યું કે એક અંગ્રેજ યાત્રી એ સહન કરી શકયો નહીં કે કોઈ ભારતીયનો સામાન તેના ડબ્બામાં હોય. રાનડેએ ચૂપચાપ પોતાનો સામાન ઉપાડયો અને ફરી તે ડબ્બામાં મૂકી દીધો. બીજા મુસાફરોએ કહ્યું કે આવી સહનશીલતા

શા કામની ? તેઓએ સામાન મૂકતાં મૂકતાં ફકત એટલું કહ્યું "જો કોઈ અસભ્યતા અથવા અશિષ્ટતાનો વ્યવહાર કરે તો આપણે પોતાની સજ્જનતા અને શિષ્ટતાને શા માટે છોડી દેવી જોઈએ. જો કોઈ ખરાબ માનવી પોતાની ખરાબી છોડી દેવા માગતો ના હોય તો સજ્જને પોતાની સજ્જનતાનો ત્યાગ શા માટે કરવો ?"

બીજા યાત્રીઓ આ સાંભળી રાનડેના મોં સામું જોવા લાગ્યા.

સામાન બહાર કાઢી ફેંકનારો તે અંગ્રેજ પૂનામાં સહાયક ન્યાયાધીશના પદ ઉપર કાર્ય કરી રહયો હતો અને રાનડે તેના વરિષ્ઠ અધિકારી હતા. આ જાણીને તે અંગ્રેજ મનમાંને મનમાં શરમાયો અને રાનડેની ક્ષમા માગવા લાગ્યો.

ગાંધીજી નાતાલથી સ્વદેશ પાછાં ફરવાની તૈયારી કરવા લાગ્યા. તો સેંકડો માણસોએ તેમના વિદાય સમારંભમાં ભાગ લીધો. સોનાચાંદીનાં આભૂષણ તો શું તેઓને મૂલ્યવાન ઘડિયાળો અને હીરાની વીંટી વગેરે ભેટમાં મળી.

ગાંધીજીએ નિર્ણય ઉપર આવી શકતા ન હતા કે મળેલી ભેટોનું શું કરવું જોઈએ ? તેઓ એવા સંકલ્પ વિકલ્પમાં પડી ગયા હતા. જે માણસ બીજાને ત્યાગવૃત્તિનો ઉપદેશ આપે, સાદાઈથી રહેવાનો આગ્રહ કરે તે પછી કેવી રીતે મૂલ્યવાન ભેટો સ્વીકારી શકે ?

તેઓએ કસ્તુરબા અને બાળકોને સમજાવ્યાં. બાળકો તેમની વાત જલદી સમજી ગયા પણ કસ્તુરબા માનવા માટે તૈયાર ન હતાં. તેઓ ગાંધીજીના નિર્ણયનો વિરોધ કરતા રહ્યાં. વધુ કહેતા તેઓ રડવા લાગ્યાં. તેઓએ રડતાં રડતાં કહ્યું "આપે અમારા બધાં આભૂષણ લઈ લીધાં છે. આ ભેટો અહીંના રહેવાસીઓએ કેટલી શ્રદ્ધા સાથે આપી છે. પણ આપ ઇચ્છતા નથી કે આ આભૂષણ મારા પુત્રોના લગ્નમાં કામ આવે અને તેઓની વહુ પહેરે અને આ ભેટ તો મને મળી છે, તેના ઉપર આપનો શો અધિકાર છે ?"

ગાંધીજીએ નિર્વિકાર ભાવથી સમજાવ્યું, "બા, શું તમે એટલું પણ જાણતા નથી કે આ બધી ભેટ લોકસેવાના બદલામાં મળી છે. એટલે તેનો ઉપયોગ લોકહિત માટે જ કરવો જોઈએ.

ઈ.સ. ૧૮૯૬ અને ૧૯૦૧ માં ગાંધીજીને જે ભેટ મળી તે બધી સાર્વજનિક ઉપયોગના હેતુથી બેંકમાં જમા કરાવી દીધી. તેઓએ પોતાને હંમેશા સાર્વજનિક વસ્તુઓના રખેવાળ સમજતા હતા.

"અમેરિકન સેનાપતિ જે સ્થાન ઉપર ઉભા ઉભા સિગારેટ પી રહયા હતા. તે સ્થાન ઉપર ધુર્મપાનની મનાઈ હતી. ત્યાં જે નિગ્રો ચોકીદાર ડયૂટી પર હતો તેણે આવીને કહ્યું "મહોદય આપને માલૂમ નહીં હોય કે અહીં ધુર્મપાન કરવાની મનાઈ છે."

"તો હું શું કરું ?"

"આપ અહીં સિગારેટ પી શકતા નથી."

"સારુ, તો આ તમારો આદેશ છે." અને સેનાપતિએ તરત જ સિગારેટ ફેંકી દીધી.

## ૩૨. અવિસ્મરણીય સંસ્મરણ

(૧). સ્વામી વિવેકાનંદ મદ્રાસ ગયા હતા. કાનૂનશાસ્ત્રની એક કૉલેજનું અવલોકન કરતા તેઓની જર વરંડાની દીવાલ ઉપર શ્રીકૃષ્ણના ચિત્ર ઉપર પડી. અચાનક તેઓ એક વિદ્યાર્થીને પૂછી બેઠાં "કૃષ્ણ ભગવાનના ચિત્રમાં વાદળી આસમાની રંગનો પ્રયોગ કેમ કરવામાં આવે છે ?

વિદ્યાર્થીએ તરત જ જવાબ આપ્યો, "જે રીતે વાદળી આકાશનો વિસ્તાર અનાદિ અને અનંત છે, તે રીતે શ્રીકૃષ્ણના ગુણોની કોઈ સીમા નથી. એટલાં માટે આસમાની રંગનો ઉપયોગ કરાય છે." આ ગૂઢ રહસ્યમય ઉત્તરનો સમય સાંભળી સ્વામીજી ખૂબ પ્રસન્ન થયા. તે વિદ્યાર્થી ચક્રવર્તી રાજગોપાલાચારીના નામથી સુવિખ્યાત થયા.

(૨). થિયોસોફિકલ સોસાયટીની સંસ્થાપતા મૅડમ બ્લેવટ્સ્કી પહેલા વર્ગની ટિકિટ લઈને એરોપ્લેનમાં જવાની રાહ જોતી હતી. તેઓને હોવર બંદરથી ન્યૂયોર્ક જવાનું હતું.

એટલામાં તેઓએ એક સ્ત્રીના રડવાનો અવાજ સાંભળ્યો. કરુણા હૃદય ધરાવનારી બ્લેવટ્સ્કીએ તે સ્ત્રીને રડવાનું કારણ પૂછયું. તે બોલી, "બહેન, મારા પતિએ મને અમેરિકા જવા પૈસા મોકલ્યા હતા. પરંતુ કોઈક ગઠિયા અધિકારીએ પૈસા લઈને બનાવટી ટિકિટ આપી છે અને પલેન ઉપડવાની તૈયારીમાં છે."

હવે તે ગઠિયા અધિકારીને શોધવાનો સમય નથી. બ્લેવટ્સ્કીએ પોતાની પહેલા વર્ગની ટિકિટ પાછી આપી ચાર ત્રીજા વર્ગની ટિકિટ લીધી અને કહ્યુ "ચલો બહેન, પ્લેન ઉપડવાની તૈયારીમાં છે."

(૩) બાળકને શાળામાં પહોચતા દરરોજ મોડું થતું હતું. થોડીક બેદરકારી, થોડીક આળસ અને થોડીક અનિયમિતતા હતી. ક્યારેક તે ઉતાવળમાં કોઈ પુસ્તક અથવા કોઈ નોટબુક ભૂલી જતો હતો.

એક દિવસ તેના કાકા ઘેર આવ્યા. માતા-પિતાએ તેમની આગળ આ મુશ્કેલી જણાવી. તેઓએ પોતાના કાંડા ઉપરથી ઘડિયાળ ઉતારી અને બાળકના કાંડા ઉપર બાંધતાં કહ્યું "આ છે તેના રોગની દવા. યાદ રાખો બેટા, જો વ્યકિતત્વને કોઈક મહાનતાના ઢાંચામાં ઢાળવું હોય તો સમયની નિયમિતતા સૌથી મુખ્ય છે."

બાળકની દિનચર્યા તે દિવસથી નિયમિત થઈ ગઈ તે પ્રતિભાવાન બાળક પ્રસિદ્ધ ઇજનેર વિશ્વેસરૈયા હતા.

(૪) જે અપરાધીઓએ આજીવન કેદની સજા અપાઈ હોય છે, તેઓને ક્ષમા પ્રાર્થનાની છેલ્લી તક આપવામાં આવી છે. એવા પ્રાર્થનાપત્રોની સાથે સામાન્ય રીતે કોઈ પ્રતિષ્ઠિત માણસની ભલામણ હોય છે.

એવું એક પ્રાર્થનાપત્ર અમેરિકાના રાષ્ટ્રપતિની સમક્ષ આવ્યું. પણ તેની સાથે કોઈ ભલામણપત્ર ન હતો. રાષ્ટ્રપતિએ પોતાના અંગત સચિવને પૂછયું "શું આ માણસને કોઈ મિત્ર નથી ?"  "માલૂમ તો એમ જ પડે છે." જવાબ મળ્યો.

રાષ્ટ્રપતિ થોડીવાર મૌન રહયા. પછી તે ક્ષમાયાચના પત્રનો સ્વીકાર કરતાં તેઓએ લખ્યું "જેમને કોઈ મિત્ર નથી, તેમનો હું મિત્ર બનું છું. ગરીબમાં ગરીબ માણસને ન્યાય મળતો જોઈએ. આ મારું કર્તવ્ય છે." આ રાષ્ટ્રપતિ શ્રી અબ્રાહમ લિંકન હતા.

(૫) પ્રસિદ્ધ સમાજસેવક શ્રી અન્નાસાહેબ સહસ્ત્રબુધ્ધે એક વાર જાપાન ગયા. પોતાના મિત્ર માટે ભેટ સ્વરૂપે તેઓ કેટલીક કેરી લઈ ગયા હતા.

જકાતવાળાએ ત્યાં પૂછયું "આ શું છે ?" અન્નાસાહેબે કહ્યું "આ અમારા દેશનું ખૂબ જ સ્વાદિષ્ટ અને શ્રેષ્ઠ ફળ છે."

જકાત અધિકારીએ તે ફળોને પોતાના કબજામાં લઈ લીધાં અને કહ્યું "કૃપા કરીને તેને લઈ જતા નહીં. આટલાં સ્વાદિષ્ટ ફળો ખાઈને જાપાની લોકોમાં તેને માટે અભિરુચિ ઉત્પન્ન થશે અને તેઓ તેને મંગાવવા લાગશે. અમારા દેશની કેટલીક રકમ વિદેશમાં ચાલી જાય જે અયોગ્ય છે.

સહસ્ત્રબુદ્ધ સાહેબ આ શ્રેષ્ઠ દેશભકિતને જોઈ આશ્ચર્યચકિત થઈ ગયા.

(૬) સુવિખ્યાત ઇતિહાસકાર સર વિન્સેંટ સ્મિથ ઈટાવા જિલ્લામાં એક વાર ફરવા ગયા. તેઓ તે વખતે આગરાના કમિશ્નર હતા. જિલ્લાધિશે તેમના સન્માનમાં ભોજનસમારંભ રાખેલો. જેમાં ગોમાંસ પણ બનાવેલું.

જ્યારે સર વિન્સેંટની ખબર પડી કે તેઓએ તેને ભોજનમાંથી દૂર કરાવી કહ્યું "આ દેશની મોટાભાગની જનતા પોતાની ધાર્મિક ભાવનાને લીધે ગાયને માતૃસ્વરૂપ માનીને તેના માંસનું ભોજન કરતી નથી એટલે હું અહીં છું ત્યાં સુધી તેનું ભોજન નહીં કરું. દેશવાસીઓની દરેક ભાવનાનો આદર કરવાનું મારુ કર્તવ્ય છે." આને કહેવાય છે દૃષ્ટિકોણની વિશાળતા અને વિશેષતા.

(૭) મહાત્મા પં. મનમોહન માલવીયાજી એક વિદ્વાન સાથે વાર્તાલાપ કરી રહયા હતા. વાતચીત દરમિયાન તે સજ્જન થોડીક આત્મપ્રશંસા કરવા લાગ્યા.

તેઓએ માલવીયાજીને કહ્યું "આપ મને સો ગાળો આપી જુઓ, મને ક્રોધ બિલકુલ આવશે નહીં."

માલવીયાજી મંદમંદ હસતા બોલ્યા "આપના ક્રોધની પરીક્ષા કરતાં પહેલાં મારી વાણી ગંદી બની જશે. એટલે હું એમ શા માટે કરું ?

આ સાંભળી તે વિદ્વાન આત્મશ્લાધા કરવાનું ભૂલી ગયા.

(૮) મેસેચ્યુસેટ્સના સેનેટર ચાર્લ્સ સમર એક દિવસ સવારમાં અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી અબ્રાહમ લિંકનને મળવા ગયા.

ત્યાં પહોંચ્યા પછી જોયું તો લિંકન સાહેબ ખૂબ મઝાથી બેઠાં બેઠાં પોતાના બૂટને પોલિશ કરી રહયા હતા.

મિત્રે કહ્યું "આપ પોતાના બૂટને જાતે પોલિશ કેમ કરો છો ? શું કોઈ નોકર નથી ?"

અબ્રાહમ લિંકને હસતાં હસતાં કહ્યું "પોતાના બૂટ પર નહીં તો શું બીજા કોઈના બૂટ પાલિસ કરું ?" પોતાનું કામ બીજા ઉપર આધાર રાખવો કોઈ પણ રીતે બરાબર નથી."

(૯) બાપુ ત્યારે બાળક હતા. એક દિવસ સ્કૂલ પહોંચવામાં મોડું થઈ ગયું. શિક્ષકે કારણ પૂછતાં તેઓએ કહ્યું "વાદળોને કારણે સમયનું અપમાન થઈ શકયુ નહીં એટલે મોડું થયું."

પણ શિક્ષકને વિશ્વાસ આવ્યો નહીં અને તેમણે ગાંધીજીને એક આનો દંડ કર્યો.

બાળક બાપુ ગંભીર થઈ ગયો અને તેમની આંખોમાં ટપ ટપ આંસુ ટપકવા માંડયાં.

શિક્ષકે કહ્યું "તમે અમીર બાપના બેટા છો. પછી એક આના માટે કેમ રડે છે ?"

અટકતા અટકતા મોહનદાસનો અવાજ ખૂલ્યો "એક આના માટે નહીં પણ એટલાં માટ રડું છું કે આપે મારી વાતમાં વિશ્વાસ ના કર્યો."

(૧૦) રાજા રામહોન રાય ત્યારે બાળક હતા. તે દિવસોમાં સતીપ્રથા જોરશોરથી ચાલતી હતી. તેમના મોટાભાઈનું અવસાન થયું. પ્રથા પ્રમાણે તેમની ભાભીને સતી થવા માટે આગ્રહ થયો.

ધકધક સળગતી જ્વાળામાં જીવતા શરીરને નાંખવામાં આવ્યું. વેદનાથી પીડાતી તે ચિતાની બહાર દોડી પણ કુરપ્રથાના રક્ષકોએ તેને વાંસથી ધકેલીને ફરી ચિતામાં નાંખી.

જીવનનો આ કરુણ અને બિભત્સ અંત તેમનાથી જોવાયો નહીં. હૃદયના ચિત્કારો સાંભળી તેઓ પીગળી ગયા. મગજમાં એક વિરોધની ભાવના ઊઠી. આ માનવીય પ્રથા પ્રત્યે તેઓએ સંકલ્પ લીધો "જયાં સુધી આ પિશાચિની પ્રથાનો અંત લાવીશ નહીં ત્યાં સુધી ચેનથી બેસીશ નહીં." તેઓએ આ કરી બતાવ્યું.

(૧૧) યૂનાનના પ્રસિદ્ધ મનીષી અરસ્તુને એક દિવસ કોઈ એક વ્યકિતએ કહ્યું કે અમુક માણસ આપની ગેરહાજરીમાં આપને ગાળો આપતો હતો.

"અચ્છાં, પછી તો તે મૂર્ખ મારી ગેરહાજરીમાં મને ક્યારેક મારી શકે છે." હસતાં હસતાં અરસ્તુએ કહ્યું.

## ૩૩. સફળતા તેને મળે છે જે પ્રયત્ન કરે છે.

(૧) એક દુબળો-પાતળો બાળક લાકડા કાપી રહયો હતો. પરિશ્રમ અને પરસેવાથી તેનું શરીર લથપથ થઈ ગયું હતું, છતાં તે ખૂબ તલ્લીનતાથી પોતાના કામમાં લાગેલો હતો. પછી ઊઠીને ખાવાનું પકાવ્યું. ઘરની બહાર ઝાડ લગાવવા, પાણી પિવડાવવું બધું જ કામ પોતે કરતો હતો. જેથી દિવસ ઢળતાં તેને સ્વાભાવિક રીતે ઊંઘ આવે.

જીવનમાં સફળતાની ઇચ્છા રાખનારા આરામ નહીં શ્રમને, આળસ નહીં કામને પ્રેમ કરે છે. આ બાળકે એ નિશ્ચય કરેલો કે તે મોટો માણસ બને, એટલે તે ખાટલામાં સૂવા ગયો નહીં, તેણે ફાનસ સળગાવ્યું અને વાંચવા બેસી ગયો.

એક દિવસ બ્લેક સ્ટોનની ચોપડી વાંચવાની ઇચ્છા થઈ. તે દરેક મોટા લેખકના આદર્શને સ્વીકારતો હતો. એટલે ગુણ, સંચયની તેને ધૂન લાગી હતી. પણ તે ચોપડી મળે કેવી રીતે ? ત્યાંથી ચાર માઈલ દૂર એક લાઈબ્રેરીમાં ચોપડી મળી શકે. "ચાર માઈલ કોણ જાય ?" વળી થાક આપનારી વાત બાળકના જીવનમાં ન હતી. તે તો તરત જ ચાલવા માંડયો. પાછાં ફરતાં રસ્તામાં જ ચોપડી વાંચી લીધી. બીજી વાર ઘરમાં વાંચી પાછી આપી.

સતત કાર્યરત રહેનાર આ નાનો બાળક આપ જાણતા નહી હો, એક દિવસ અમેરિકાનો રાષ્ટ્રપતિ બન્યો અને અબ્રાહમ લિંકનના નામથી વિખ્યાત બન્યો.

(૨) ઑફિસથી ઘેર પહોંચી જોયું તો બાળકોએ કાગળો અસ્તવ્યસ્ત કરી નાખેલા હતા. બાળકો રમે એટલે વસ્તુઓ આડી અવળી થઈ જાય. પરંતુ તેનું તાત્પર્ય એ નહીં કે તે ગોઠવવા જોઈએ નહીં. સાફ કોણ કરે, નોકર ? ના કોઈ પણ કામ વહેંચાયેલું નથી. કામ કરવાથી કોઈ નાનું થઈ જતું નથી. પરિશ્રમ કરવાથી થાક નહીં, તાજગી આવે છે. એટલે

તે મહાપુરુષે સાવરણી ઉઠાવી અને ઘરને સાફ કરી નાખ્યું. થોડીવાર પછી અંદરથી લલિતાદેવી શાસ્ત્રી આવ્યા, પતિના હાથમાં ઝાડુ જોઈ અવાક્ થઈ ગયાં - પણ તેઓને પ્રેમ છે. મનમાને મનમાં તેઓએ કહ્યું - જે માણસમાં કામ કરવાનો આટલો અદમ્ય ઉત્સાહ છે તે ક્યારેય નાની સ્થિતિમાં રહી શકતો નથી. સમજી ગયા હશે - તેઓ આપણા પ્રિય પ્રધાનમંત્રી લાલબહાદૂર શાસ્ત્રી હતા.

(૩). સંસારમાં એવા માણસોનો અભાવ નથી જેઓ ખૂબ જ યશ, સુખ અને ઐશ્વર્ય મેળવવાની કામના કરે છે. એવી મહત્વાકાંક્ષાઓ ખરાબ હોતી નથી, જો માણસ મૂલ્ય ચૂકવવા તૈયાર હોય. પરિશ્રમની કિંમત ચૂકવ્યા વિના વિદ્વાન, લેખક, પદાધિકારી અથવા સંપત્તિવાન બની શકાતું નથી. આવી ઇચ્છાઓનો કોઈ અર્થ નથી, કોઈ મહત્વ નથી. તે જન્મે છે અને પાણી વગરના સરોવરમાં ઉગેલા કુમુદની માફક સુકાતી રહે છે. જે પરિણામની પરવા કર્યા વગર ધ્યેયપ્રાપ્તિમાં લાગેલો રહે છે તેને અનાયાસ જ સફળતા મળે છે.

આખા દેશની પ્રચલિત ભાષાઓનો શબ્દકોષ તૈયાર કરવો અને સમાનાર્થક શબ્દોને ગોઠવીને સંસ્કૃત ભાષા સાથે તાલમેલ કરી વિશાળ રૂપ આપવાની ઈચ્છા એક માણસને થઈ. આ કોઈ ગાલ ફુલાવીને પિચકારી મારવાનું કામ હતું ? તેમણે દુનિયાના તમામ આકર્ષણો અને સુખનો ત્યાગ કર્યો. મનની બધી શકિતઓ એકાગ્ર કરી અને અવિચલિત

મનથી તે કાર્યમાં જોડાયા. અખંડ અધ્યયન અને ચિંતન પછી તેઓએ સંસ્કૃત ભાષાનું સર્વાંગપૂર્ણ વ્યાકરણ તૈયાર કર્યું. સંસ્કૃત હંમેશને માટે ભુલરહિત બની ગયું. શબ્દોનો એટલો વિપુલ ભંડાર અમે સમજીએ છીએ તે પ્રમાણે કદાચ અંગ્રેજીમાં પણ નહીં હોય. આ મહાન અભ્યાસી પંડિતને આપણે કેવી રીતે ભૂલી જઈએ, જેણે અષ્ટાધ્યાયી લખવાનો આટલો બધો પરિશ્રમ કર્યો હોય. પાણિનિ પોતાની કર્તવ્યપરાયણતાથી અમર થઈ ગયા.

(૪). સાધના ના હોય તો પણ પરિશ્રમશીલ માટે સફળતાના દ્વારા બંધ થઈ જતાં નથી. મધર ટેરેસાએ દુઃખીજનોની સેવા માટે કલકત્તામાં હોસ્પિટલ ખોલી પણ શું એક હોસ્પિટલથી દુનિયાની સેવા થઈ શકે ? દુનિયાની સેવા માટે ધનની જરૂર હોય પણ તેઓએ કયું, "ધન નહીં પરિશ્રમથી આ બધું કામ થઈ જશે."

જ્યારે તે કામમાં લાગી ગઈ તો આસનસોલ, દિલ્હી, રાંચી, ઝાંસી, અમરાવતી, મુંબઈ વગેરે સ્થાનો સુધી પહોંચી. સેંકડો સેવા કેન્દ્રો, શાખાઓ, હોસ્પિટલો, બાળવિકાસ કેન્દ્રો વગેરેની સ્થાપના કરી. આ માટે તેઓને અઢાર હજાર ડોલરનો વિશ્વબંધુ પુરસ્કાર મળ્યો.

(૫). સમર્થ ગુરુ રામદાસે પૈસાને હાથ ક્યારેય લગાવ્યો નથી. તેઓ તો બસ પરિશ્રમથી કામમાં જોડાયેલા રહેતા. કોઈ એક ગામમાં જતા, યુવકોને એકઠા કરતા અને તેઓને સમજાવતા કે સ્વાસ્થ્ય સારું રાખીને તમે લોકો દેશસેવા કરી શકો છો. અસ્વસ્થ માણસ તો

જાતે જ શાપ છે. આ રીતે તેઓ એક વ્યાયામશાળાની સ્થાપના કરતા હતા. પછી શું તેઓ ત્યાં બેસીને પોતાની ની સફળતા ઉપર પ્રશંસા કરવા લાગતા હતા ? નહીં, ત્યાંથી પછી બીજે - ત્રીજે ગામ ચાલતા ચાલતા જતા. તેમણે ૬૦૦૦ વ્યાયામશાળાઓ શરૂ કરાવી દીધી કે જેની પાસે છ પૈસા પણ ન હતા. આ બધું પરિશ્રમ અને લાગણીથી શક્ય થયું. કુસ્તીકળામાં આજે મહારાષ્ટ્ર 'શિરમોર' છે. શું તેનું શ્રેય ગુરુ રામદાસને નહીં આપીને શું બીજા કોઈને આપી શકાય છે.

(૬) 'હાઉ ટુ બી પરર્સનલી ઓફિશિયેટ' આ વાકય જીવનની સફળતાની ચાવી માની શકાય છે. વ્યવસાયરૂપી સોનાની ખાણની ઉપર સફળતાની સુવર્ણ રાશિ વિખરાયેલી પડી નથી. પરિશ્રમ કરો, શરીર તૂટે તેવા પરસેવો પડે તેવો પરિશ્રમ. જીવનમાં મહાનતમ પુરસ્કાર પરિશ્રમનું જ ફળ હોય છે.

" સુખઅવસર ઉપરની માટી છે અને સફળતા તેની અંદર દબાયેલી સોનાની ખાણ છે. તે મેળવવા ઉંડુ ખોદાણ કર્યા સિવાય બીજો કોઈ ઉપાય નથી. શોધી કાઢો સોનું ક્યાં છે ? પછી યોજના બનાવો, કમર કસો, બાંયો ચઢાવો અને ખોદવાનું શરૂ કરો - સફળતાનો આ મંત્ર શાશ્વત અને સનાતન છે."

(૭) એક આધેડ માણસ પોતાના બાળકોને લઈ એક રૂમમાં પડયો છે. એક બાળકનું નિધન થયું છે, પણ એટલી જગા ઘરમાં નથી કે શબને અલગ રાખી શકાય. રાત તેની સાથે સૂઈને પસાર કરી - સવાર પડતા બાળકને દફનાવવા લઈ ગયા.

હવે તે અભ્યાસ કરવામાં લાગી ગયા. વિશ્વની પરિસ્થિતિ, મનીષીઓના વિચારો વગેરે તલ્લીનતાપૂર્વક વાંચ્યા પછી ૨૬ વર્ષના અથાગ પરિશ્રમના ફળ સ્વરૂપે તેણે જે પુસ્તક લખ્યું તેને જાણનારા તો સંભવતઃ આખું વિશ્વ છે, પણ સંસારની લગભગ અડધી વસતી તો વિધિવત્ તેના સિદ્ધાંતો ઉપર ચાલવા લાગી છે. તે મહાન પુરુષાર્થી 'કાર્લ માકર્સ' હતા અને તેઓનું પુસ્તક 'કૅપિટલ' ના નામથી પ્રખ્યાત હતું જેણે સામ્યવાદના સમર્થનમાં આખા વિશ્વમાં હલચલ મચાવી હતી.

(૮) કીટોના પિતા તેને સ્કૂલ જવા દેતા ન હતા. તેમને એવા વિશ્વાસ હતો કે જો કીટો સ્કૂલમાં જશે તો ભૂખે મરી જશે. કીટોએ કહ્યું, "પિતાજી, આપ ખાવાની ચિંતા ના કરશો. ભગવાને ખૂબ બોર વગેરે ફળ પેદા કર્યા છે. તે ખાઈને જીવતા રહેવાશે." હવે તે ભણવામાં મન લગાવી જોડાયો. ભણતો હતો અને આજીવિકા માટે કમાતો હતો. કીટો એક મશીનની માફક સતત ક્રિયાશીલ રહેતો હતો. તેની તપશ્ચર્યા ફળીભૂત થઈ અને તે બાઈબલનો પ્રકાંડ પંડિત થયો.

મહાપુરુષોના જીવનની આ થોડી ઘટનાઓ એ બતાવે છે કે સફળતાઓ જન્મજાત મળતી નથી, તે પુરુષાર્થ પરાક્રમ અને પરિશ્રમ વડે જાગૃત કરાય છે. આળસુ માનવી પરિશ્રમથી ગભરાય છે એટલે તેઓ જાતે કશું કરી શકતા નથી અને બીજાને કરવા દેતા નથી. પણ જેને આગળ વધીને કશુંક મેળવવાનો શોખ છે તેઓ પરિશ્રમથી દૂર ભાગતા નથી. સફળતા મેળવવા માટે પુરુષાર્થ જ મૂળ મંત્ર છે.

## ૩૪. સંસ્મરણો જે ક્યારેય ભૂલી શકાય નહીં

ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ સ્વ.શ્રી રાજેન્દ્રપ્રસાદે પ્રેસીડન્સી કૉલેજમાં પ્રવેશ મેળવ્યો હતો. સાદાઈ તેઓના વ્યકિતત્વની પોતાની એક મોટી વિશેષતા હતી.

જ્યારે પહેલે દિવસે વર્ગમા ગયા તો તેઓ અચકન,પાયજાઓ અને ટોપી પહેરીને ગયા હતા. બાકીના વિદ્યાર્થીઓ કોટ પાટલૂન અને ટાઈમાં હતા.

તેઓ બધા છોકરાઓને જોઈ સમજયા કે તેમાંના મોટા ભાગના એંગ્લોઈન્ડિયન હશે અને તેઓને જોઈ બધા છોકરાઓએ એવા ભાવ વ્યકત કર્યો જાણે પૂછી રહયા હોય "ક્યાંથી દોરી તોડીને ભાગી આવ્યો છે." ખૂબ મજાક તેઓએ તેમની કરી.

જ્યારે વર્ગમાં અધ્યાપક આવ્યા અને બધીનાં નામ અને પરિચય થયો તો બન્ને આશ્ચર્ય પડી ગયા.

રાજેન્દ્રબાબુને એટલાં માટે થયું કે બધા વિદ્યાર્થીઓ ભારતીય હતા અને બાકીના વિદ્યાર્થીઓએ એટલાં માટે થયું કે રાજેન્દ્રબાબુએ, જેઓને તેઓ ગમાર સમજી રહયા હતા, વિશ્વવિદ્યાલયમાં સર્વપ્રથમ સ્થાન મેળવ્યું હતું.

વિદ્યાર્થીઓ તેમની સાદાઈ અને ભારતીય વેશભૂષામાં છૂપાયેલા જ્ઞાનગરિમા ઉપર આશ્ચર્યચકિત હતા અને રાજેન્દ્રબાબુ તે વિદ્યાર્થીઓની પાશ્ચાત્ય સભ્યતાની નકલ કરવામાં ગૌરવની અનુભૂતિ કરનારી પ્રવૃત્તિ ઉપર દયાદ્ર થયા હતા.

જે સમયે નેપોલિયન બોનાપાર્ટનો જન્મ થયેલો ત્યારે તેઓની માતૃભૂમિ કોર્સિકા ફ્રાન્સના અધિકાર નીચે આવી ગઈ હતી. ફ્રાન્સના લોકોના ક્રૂર અત્યાચારથી કોર્સિકાની જનતા ત્રાહિમામ પોકારી ઊઠી હતી.

આ યુદ્ધમાં તેના પિતા શત્રુઓ સાથે લડતાં વીરગતિપ પામ્યા હતા. તે પછી તેની માતાએ યુદ્ધમાં ભાગ લીધો હતો. તે પણ વીરતાથી લડી હતી. યુદ્ધમાં ભાગ લીધેલો ત્યારે નેપોલિયન તેના ગર્ભમાં હતો એ વાત ખૂબ આશ્ચર્યની હતી.

જ્યારે તે પાંચ વર્ષનો થયો ત્યારે તેની માતાએ તેને તે વાત કહી, જેમાં ફ્રાંસના લોકોના અત્યાચાર, પીડા અને બર્બરતાની બાબત હતી.

બાળક, જે ગર્ભથી જ વીરતાના રસનું પોષણ મેળવી રહ્યો હતો, બધું સાંભળીને ઉત્તેજિત થઈ ગયો. તેનું શરીર આક્રોશથી કાંપવા લાગ્યું. તેણે પોતાની માતાને કહ્યું, "માં, હું સારા ફ્રાન્સને મારા પગ નીચે કચડી નાખીશ. આપણી માતૃભૂમિની પીડા અને અપમાનનો બદલો લઈશ."

પોતાના યુવાન ીજીવનમાં. તેમણે પોતે કહેલા તે શબ્દોની સાર્થકતા પ્રગટ કરી બતાવી. કિશોરાવસ્થામાં તેઓએ એક સૈનિક શાળામાં પ્રવેશ મેળવ્યો. નિષ્ઠા અને પરિશ્રમના બળથી તેઓ જલદીથી એક ટુકડીના નાયબ બની ગયા. સફળતાની સીડીઓ જલદીથી ચઢતાં તે ફ્રાન્સના સર્વેસર્વા અને અંતમાં વિશ્વવિજેતા બની ગયા.

આવી સાચી નિષ્ઠા તથા ધ્યેય જ મનુષ્યને જમીન ઉપરથી ઉઠાવીને આકાશ સુધી પહોંચાડી શકે છે.

શ્રી વલ્લભભાઈ પટેલના માતાપિતા ધનવાન ન હતા. એટલે તેઓ ઉચ્ચ અભ્યાસની વ્યવસ્થા કરી શકયા નહીં. પણ વલ્લભભાઈની પ્રબળ આકાંક્ષા બૅરિસ્ટર બનવાની હતી.

વલ્લભભાઈએ વિચાર્યું કે જાતે જ પોતાને માટે પહાડને કાપીને રસ્તો બનાવવો જોઈએ. એટલે વકીલાતની પરીક્ષા પાસ કરી અને બોરસદ જઈ પ્રેકટીસ કરવા લાગ્યા. ખૂબ પરિશ્રમ અને મિતવ્યયિતાના ફળસ્વરૂપ તેઓએ કેટલીક રકમ લાંબા ગાળે એકઠી કરી. તેઓએ વિલાયત જવા માટે પાસપોર્ટ મેળવવા પ્રયત્ન કર્યો. ખૂબ પ્રયત્નો પછી તેઓને તે મળ્યો. પણ તે તેમના મોટાભાઈ વિઠ્ઠલભાઈના હાથમાં આવ્યો. તેમનું મન લલચાર્યું. મોટાભાઈ વી.જે. પટેલ હતા. એટલે મોટાભાઈએ કહ્યું "હું મોટો છું, પહેલા મને બૅરિસ્ટર થઈ આવવા દે. તું પછી જજે."

આટલાં વર્ષોનો શ્રમ, સાધના, પ્રયત્ન અને પ્રતીક્ષા બધું નકામું ગયું. પણ વલ્લભભાઈ વાસ્તવમાં જ આદર્શ વ્યકિતત્વના ધનવાન હતા. તેઓએ સહર્ષ તે પાસપોર્ટ પોતાના મોટાભાઈને આપી દીધો અને પોતે ત્રણ વર્ષ પછી તેઓ પાછાં ફર્યા તે પછી ગયા.

---------------

અગિયાર વર્ષના ઉંમરના બાળકે કહ્યું "પિતાજી મને પાંચ રૂપિયા આપો." પિતાએ પૂછયું "શા માટે જોઈએ છે?" જવાબ મળ્યો "બસ, આપ આપો તો ખરા."

પિતાએ રૂપિયા તો આપ્યા પણ પાછળથી નોકરને મોકલ્યો કે જોઈ આવો કે તે રૂપિયાનું શું કરે છે ?

બાળકે જઈ પોતાના એક અત્યંત નિર્ધન મિત્ર માટે પુસ્તકો ખરીદ્યાં.

આ બાળક કોઈ નહીં પણ આપણા પ્રસિદ્ધ નેતા શ્રી દેશબંધુ ચિતરંજનદાસ હતા. નોકર પાસેથી વાત જાણી લીધા પછી પિતાએ તેઓને ખૂબ લાડપ્યાર કર્યો.

આગળ ઉપર આ પ્રવૃત્તિ ખૂબ વિકસિત થઈ. પોતાની આવકમાંથી કેટલાક વિદ્યાર્થી સહાયતા મેળવતા, કેટલીક વિધવાઓ અને અનાથ બાળકોને નિયમિત રીતે આર્થિક સહાયતા કરતા રહયા તેઓનો આ ક્રમ જીવનના અંત સુધી તૂટયો ન હતો.

---------------

અમેરિકાના રાષ્ટ્રપતિ રી અબ્રાહમ લિંકન ખૂબ દયાળુ અને ઉદાર સ્વભાવના હતા. એક દિવસ તેઓ પોતાના કેટલાક મિત્રો સાથે ન્યૂયોર્કની સડક ઉપર જતા હતા. રાતના સમય હતો અને ઠંડીની મોસમ હતી.

રસ્તામાં તેઓએ જોયું કે એક કૂતરાનું બચ્ચું ઠંડીને લીધે થથરી રહયું હતું અને કું કું કરી રહયું હતું. તેઓએ આગળ આવીને ઊચકી લીધું. ખૂબ પ્રેમથી પોતાના કોટની નીચે સંતાડી દીધું.

મિત્રોએ કહ્યું "આપ આ ગંદા બચ્ચાને કોટમાં રાખો છો, આપનો સૂટ ગંદો થઈ જશે."

લિંકન મહોદયે કહ્યું "કોટ ગંદો થાય તેનું મને જેટલું દુઃખ નહીં થાય, એટલું એ વિચારીને થશે કે ઠંડીમાં થરથરતા એક પ્રાણીનું રક્ષણ મેં ના કર્યું, જ્યારે હું તે કરી શકતો હતો."

---------------

બાળગંગાધર તિલક ત્યારે બાળક હતા. વર્ગમાં સુલેખન લખવા આપ્યો. બધા વિદ્યાર્થીની નોટબુક કરતાં તિલકની નોટબુકમાં એક વિલક્ષણ વાત હતી.

લેખમાં 'સન્ત' શબ્દ ત્રણ વખત આવેલો. તિલકે ત્રણે વાર ત્રણ રીતે શબ્દ લખ્યા -સંત, સન્ત, સન્ત. શિક્ષકે પહેલો સાચો ગણ્યો અને બાકીના ખોટા છે માની ચોકડી આપી.

તિલકને સ્વભાવ પહેલેથી જ બળવાખોર હતો. ખોટી વાતને તેઓ ક્યારેય સ્વીકારતા નહીં. આ ગુણ તેઓમાં આગળ ઉપર સ્વતંત્રતા આંદોલનના સમયે દિલેરી અને અદમ્ય સાહસના રૂપમાં વિકાસ પામ્યો અને ગર્જનાની સાથે તેઓએ જાહેર કરેલું "સ્વતંત્રતા અમારો જન્મસિદ્ધ હક્ક છે."

તે દિવસે પણ તેઓએ કહયુ, "મારા બીજા બે શબ્દો પણ સાચા છે. આપ તેને સાચા આપો." શિક્ષકે કહયુ, -સાચા નથી."

પણ તેઓ માન્યા નહીં અને છૂટી ગયા પછી તે શિક્ષકની પાછળ જ પડયો. તેઓનો છૂટકારો ત્યારે જ આપ્યો જ્યારે બન્ને ચોકડી મૂકેલા શબ્દોને સાચા ગણાવ્યા. સાચી વાત મનાવવા માટે એવા દૃઢ ચારિત્ર્યની પોતાની એક પ્રશંસનીય વિશેષતા છે.

----------------

પુત્રને લગ્ન પરંપરા અનુસાર દસ અગિયાર વર્ષની ઉંમરે કરી દીધું કન્યા સાત વર્ષની હતી. માતાની દેખરેખ હેઠળ છોકરીની પસંદગી થઈ હતી. થોડા દિવસ પછી માતાને અનુભવ થયો કે કન્યાની પસંદગી બરાબર નથી. એટલે તેમણે વિચાર કર્યો કે બીજી ઉત્તમ ગુણોવાળી કન્યા શોધી પુત્રનું બીજું લગ્ન કરવું જોઈએ.

ત્યાં સુધીમાં પુત્ર થોડો સમજદાર થઈ ગયો હતો. માતાએ પોતાનું મંતવ્ય જણાવ્યું. પુત્રે કહ્યું, "મા, બીજું લગ્ન થઈ શકશે નહીં." માતા નારાજ થઈ, કહેવા લાગી, "આ મારા નિર્ણયનો વિષય છે, તારો નહીં. તું હજુ બાળક છે. આમાં મારા માન-અપમાનનો પ્રશ્ન છે. મેં કન્યા પક્ષના લોકોને કહી દીધું છે. શું તને એટલાં માટે પાળી પોષીને મોટો કર્યો હતો કે તારે લીધે આમ લજ્જિત થવું પડે ?"

પુત્રે સમજાવ્યું, "આપનુ માન મારે માટે પ્રાણથી પણ પયારું છે. તે માટે મારું જીવન આપી દઉં. પરંતુ બીજું લગ્ન કરવાથી પત્નીનું જીવન નષ્ટ થઈ જશે."

તેમ છતાં માતા માની નહીં. પુત્રે કહ્યું. "સારું, એક વાત બતાવો, જો હું અયોગ્ય હોત તો શું આપ કન્યાનું બીજે લગ્ન કરવાની અનુમતિ આપત ?"

આ પ્રશ્નનો માતા પાસે કોઈ જવાબ ન હતો. તેમણે પુત્રના લગ્નની વાત બંધ કરી દીધી. તે સાહસી બાળક દાદાભાઈ નવરોજી હતા. કોંગ્રેસના પ્રાણદાતા, ભારતના સાચા સમાજસેવક હતા.

---------------

સ્વામી રામતીર્થ ખૂબ જ કુશાગ્ર બુદ્ધિ અને અધ્યયનશીલ વિદ્યાર્થી હતા. એટલે સુધી કે રસ્તામાં ચાલતા ચાલતા તેઓને ચોપડી વાંચવાની આદત હતી. લોકો તેઓની આ રીત ઉપર ક્યારેક હસતા તો ક્યારેક પ્રશંસા કરતા હતા.

એક દિવસ આ રીતે રસ્તા ઉપર ચોપડી વાંચતા ચાલી રહયા હતા. એક માણસે તેમને ટોકયા, "ભાઈસાહેબ, આ પાઠશાળા નથી. રસ્તા ઉપર ચાલતી વખતે તો ઓછામાં ઓછું ચોપડી ઠેકાણે રાખ્યા કરો."

સ્વામીજી હસતાં હસતાં બોલ્યા, "આ આખો સંસાર જ મારી પાઠશાળા છે."

"શ્રી ગોખલેજી કર્મઠ સમાજસેવક અને નિષ્ઠાવાન સુધારક તો હતા જ, તેઓનું હૃદય અગાધ કરુણા, દયા અને પ્રાણી-માત્ર પ્રત્યે મમતાથી ભરેલું હતું. એક વાર તેઓ ભાડાની ઘોડાગાડીમાં પોતાના એક મિત્રને ત્યાં જઈ રહયા હતા.

ગાડીની ઝપટમાં એક કૂતરો આવી ગયો. ગોખલેજીએ તત્કાલ ગાડી ઊભી રખાવી નીચે ઉતરી, તેને ઉઠાવ્યો અને ઘોડાગાડી વાળાને કહ્યું, "જલદી, પશુચિકિત્સાલય લઈ જાઓ."

તેઓ દરરોજ તે કૂતરાને જોવા હોસ્પિટલ એવી રીતે જતા હતા જેવી રીતે કોઈ કુટુંબી હોય. આવશ્યક વ્યય તેઓ જ ઉઠાવી રહયા અને સારું થતાં પોતાના ઘેર લઈ આવ્યા.

--------------------

સંસ્કૃતના પ્રસિદ્ધ કવિ માઘ પોતાની ઉદારતા અને દાનશીલતા માટે ખૂબ પ્રસિદ્ધ હતા. કોઈ પણ યાચક તેમને ત્યાંથી નિરાશ થઈને પાછો ફરતો નહીં. પરંતુ કેટલાક દિવસથી તેઓની આર્થિક સ્થિતિ ખરાબ થઈ હતી. પણ તેઓનું દિલ પહેલાં જેવું જ હતું. એક રાત્રે જ્યારે તેઓ લખવામાં તલ્લીન હતા, એક યાચક તેઓને ત્યાં આવ્યો. તેણે બતાવ્યું કે મારે મારી કન્યાનું લગ્ન કરવું છે અને મારી પાસે કશું નથી. આપની ખ્યાતિ સાંભળીને આપની પાસે આવ્યો છું. થોડીક મદદ મળી જાય તો મારું કામ થઈ જાય.

કવિ માઘનું હૃદય ભારે થઈ ગયું. તેઓ વિચારવા લાગ્યા, "હે ઈશ્વર ! આજે મારી પાસે પ્રચુર માત્રામાં ધન હોત તો અતિથિઓની બધી ચિંતા દૂર કરી દેત. પરંતુ ચલો સારી નથી તો આંશિક તો છે. ઘરની બાકીની સંપત્તિ ઉપર નજર નાખી. પાસે સો રૂપિયા પણ ન હતા. પાસે સૂઈ રહેલી પત્ની ઉપર નજર ગઈ. ધીરેથી બંગડી ઉતારી અને અતિથિને આપતા કહ્યું, " અત્યારે તો વધુ આપવામાં વિવશ છું. જે કાંઈ પાસે છે તેનો સ્વીકાર કરી લો."

ત્યાં તો પત્નીની આંખ ખુલી. વસ્તુસ્થિતિ સમજી ગઈ, મંદ મંદ હસતાં બોલી, "ભલા લગ્ન જેવા કામમાં એક બંગડીથી કેમ ચાલશે ? આ બીજી બંગડી પણ લઈ લો." અને બીજી બંગડી ઉતારી આપી દીધી. માઘ પત્નીના આ કૃત્યથી ખૂબ આનંદિત થઈ ગયા.

----------------------

દશેમાન્ય ગોપાલકૃષ્ણ ગોખલે બાળપણમાં ખૂબ ગરીબ હતા. શરૂઆતનું શિક્ષણ જેમતેમ કરીને પૂરું કરું. હવે કૉલેજના ઊંચા અને ખર્ચાળ ભણતરનો પ્રશ્ન સામે આવ્યો. ચારેબાજુ નિરાશાના વાદળો દેખાતા હતાં.

ત્યારે તેમના મોટાભાઈ શ્રી ગોવિન્દરાવે તેમને ખૂબ સાહસ આપ્યું. ભાભીની ઉદારતા ભાઈથી વધુ આગળ નીકળી. તેમણે પોતાના કેટલાક ઘરેણાં વેચીને કૉલેજની પ્રારંભિક ફી ભરી દીધી.

ગોવિન્દરાયને માસિક રૂ. ૧૫/- નું વેતન મળતું હતું. ભાઈ પ્રત્યે મમતા એટલી બધી હતી કે તેઓ કહેતા કે મારે મજૂરી કરવી પડે તો પણ પોતાના ભાઈને ઉચ્ચ શિક્ષણ જરૂર અપાવીશ.

પંદર રૂપિયામાંથી આઠ રૂપિયા પોતાની પાસે રાખી બાકીના સાત રૂપિયા ગોખલેજીને મોકલી આપતા હતા.

જ્યારે ગોખલેજીનો અભ્યાસ પૂરો થયો તો તેઓએ પાંત્રીસ રૂપિયા માસિકની નોકરી મળી. મોટાભાઈના ઉપરકારથી તેમના રોમેરોમ કૃતજ્ઞતાથી ભરાયેલા હતા. એટલે તેઓ પોતાના માટે અગિયાર રૂપિયા ખર્ચ માટે રાખી બાકીના ચોવીસ રૂપિયા દર મહિને મોટાભાઈને મોકલતા હતા. મોટાભાઈ ખૂબ કહેતા કે તું સારી રીતે આરામથી રહે અને મને રકમ મોકલીશ નહીં. પરંતુ આ રૂપિયાના બદલામાં રૂપિયા નહોતા, પણ મમતાની-પ્રતિક્રિયા શ્રદ્ધાના રૂપમાં હતી.

સ્વામી વિવેકાનંદ તે સમયે ઈંગ્લેન્ડમાં હતા. એક દિવસ તેઓ પોતાના કેટલાક મિત્રો સાથે ગામડાઓમાં ફરતા હતા. સામેથી એક બળવાન સાંઢ દોડતો આવ્યો. બધા લોકો ડરીને અહીંતહીં ભાગવા લાગ્યા. તો દોડાદોડમાં એક નાની છોકરી નીચે પડી ગઈ. સાંઢ તેની તરફ દોડતો આવતો હતો.

સ્વામીજી આગળ વધ્યા અને ટટાર સાંઢની સામે ઉભા રહી ગયા. તે તેમની નજીક આવ્યો, ઊભો રહયો અને થોડીક સેકન્ડ પછી પાછો ફરી ધીરેધીરે જતો રહયો.

સ્વામીજીના આ સાહસને સૌએ જોયું. તેઓનું આ અદમ્ય સાહસ ઉગ્ર આત્મબળની જ પ્રતિછાયા હતું.

આત્મવિશ્વાસની અજેય શકિત ઇતિહાસનો વર્ગ હતો. વિદ્યાર્થીઓ ઇતિહાસની ચોપડી ખોલીને બેઠાં હતા. એક વિદ્યાર્થી ઉભો થઈને વાંચતો હતો. વચ્ચે વચ્ચ શિક્ષક સમીક્ષા કરતા જતા હતા. વાંચતાં વાંચતાં બાળક એકાએક અટકી ગયો. શિક્ષકે કહ્યું, વાંચ, વાંચ, અટકી કેમ ગયો ?" વિદ્યાર્થીએ એક નજર શિક્ષકની ઉપર નાખી અને તરત જ જે પાનું વાંચી રહયો હતો તે ફાડી નાખ્યું.

શિક્ષક અકળાઈ ગયા તેમણે વિદ્યાર્થીને માર્યો અને પૂછયું કે તે તે કેમ ફાડી નાખ્યું ? તેના જવાબમાં વિદ્યાર્થીએ જવાબ આપ્યો. "અંગ્રેજોએ પોતાની મરજી પ્રમાણે ઇતિહાસ લખ્યો છે. જે ખોટો છે. સાચો ઇતિહાસ હું લખીશ."

બુંદેલખંડના એક ખૂંખાર ડાકુના મિત્ર એક સજ્જન પાસે જઈ કહ્યું "મોટાભાઈ (શેરસિંહ ડાકુ) એ કહ્યું છે કે આપ અહીં તહીં કશું નહીં કરો તો મારા મિત્ર છો પણ જો કોઈ ખોટું કામ (પોલીસને ખબર આપવી વગેરે) કરશો તો પછી મારી દુશ્મની ખૂબ મોંઘી પડશે."

જયાંના બાળકો ડાકું નામ સાંભળીને ગભરાતા હતા અને કોઈ તેનો ખુલ્લી રીતે વિરોધ કરવા તૈયાર ન હતા ત્યારે તે સજ્જને લહેકા સાથે કહ્યું "આપ તમારા મોટાભાઈને કહેજો કે તેઓ આ ક્ષેત્રમાં આવશે તો મારી દુશ્મની તેઓને વધુ મોંઘી પડશે."

આગંતુક આ સજ્જનની હિંમત અને સ્પષ્ટવાદિતાથી ખૂબ પ્રભાવિત થયા, તેમણે જઈને ડાકુ સાથે વાત જે થઈ હતી તે કરી. બધી બાજુ લૂંટફાટ થતી હતી પણ શ્યામસી ક્ષેત્રને કોઈ આંચ આવી નહીં.

શ્યામસી ક્ષેત્રના આ બુંદેલા સુપ્રસિદ્ધ ઐતિહાસિક નવલકથાકાર બાબુ વૃંદાવનલાલ વર્મા હતા જે પ્રકૃતિથી સંત હોવા છતાં સાથે સાથે સુદૃઢ યોદ્ધા પણ હતા. અન્યાય અને અનીતિ આગળ નમવાનું તેઓ શીખ્યા ન હતા, પછી તેઓના પિતાજી પણ કેમ ના હોય. તેઓ

પોતાના આ ગુણોને લીધે વધુ આદરણીય ભલે હોય પણ યશ તેઓને સાહિત્યિક સેવાઓને લીધે મળ્યો, તેમનું જીવનદર્શન એ બતાવે છે કે માણસે હ્રદયથી ભાવનાશીલ હોવું જોઈએ પણ સીધા સદા અને સાચાની સાર્થકતા તેમની હોય છે જે આટલાં સાહસી અને શકિતશાળી હોય અને જે સચ્ચાઈની રક્ષા કરે.

ડો. વૃંદાવનલાલ વર્મા, જે સાહિત્યકારની સાથે સાથે વકીલ અને સમાજસેવા સંત હતા, તેમનો જન્મ ઝાંસી જિલ્લાના મઉરાનીપુર ગામમાં થયો હતો. શ્રી વર્મા બાળપણથી જ ધાર્મિક પ્રકૃતિના હતા. જે દિવસોમાં તેઓ વિદ્યામર્થી હતા. દરરોજ સુંદરકાંડનો પાઠ કરતા હતા. એકવાર કોઈ મિત્રે કહ્યું, "અરે રામાયણ વાંચવાને અને પરીક્ષામાં પાસ થવાને શો સંબંધ છે ? શ્રી વર્માએ જવાબ આપ્યો "કોઈને માટે હોય કે ન હોય, આ પાઠથી મારા વિચાર, મારી બૌદ્ધિક પ્રતિભાનો વિકાસ થાય છે અને વિશ્વાસ થાય છે કે હું જરૂર પાસ થઈશ. આ આત્મવિશ્વાસ જે અંતઃકરણમાં ઉત્પન્ન થાય છે તે સફળતાથી પરિસ્થિતિ ચમત્કારની માફક પેદા થઈ જાય છે. શ્રી વર્મા તેનું ઉદાહરણ છે. તેઓ હંમેશા પ્રથમ વર્ગમાં જ પરીક્ષાઓમાં પાસ થતા હતા.

""""

ડો. રામમનોહર લોહિયા બર્લિન વિશ્વવિદ્યાલયમાં દાખલ થવા માટે ગયા હતા. તે સમયે એક મનોરંજક છતાં પ્રેરણાદાયક બનાવ બન્યો જેનાથી લોહિયાજીના મનમાં દેશભકિતની આસ્થામાં વધારો કર્યો. લોહિયાએ અર્થશાસ્ત્ર વિષય પસંદ કર્યો અને પ્રસિદ્ધ અર્થશાસ્ત્રી પ્રો. બર્નર જોમ્બાર્ટની પાસે ભણવા માટે ગયા. હવે મુશ્કેલી એ ઉભી થઈ કે લોહિયા જર્મની ભાષા જાણતા ન હતા અને જોમ્બાર્ટ ફકત જર્મન ભાષામાં ભણાવતા હતા. જ્યારે જોમ્બાર્ટએ એમ કહ્યું કે હું અંગ્રેજી ભાષા જાણતો નથી તો લોહિયાએ ત્રણ મહિનાનો સમય માગ્યો અને તેટલો સમયમાં ખરેખર જર્મન ભાષાનું જ્ઞાન તેઓને મેળવી લીધું. ત્રણ મહિના પછી તેઓ પ્રોફેસર પાસે પહોંચ્યા અને તેઓએ અસ્ખલિત રીતે જર્મન ભાષામાં વાતચીત શરૂ કરી તો તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા. તેઓએ પોતાના શિષ્યને ગળે લગાવ્યો અને કહ્યું, "રામમનોહર, તે ખરેખર બતાવ્યું કે નિષ્ઠા, સંકલ્પ અને આત્મવિશ્વાસની શકિત આગળ કશું અશક્ય નથી.

## પરહિતથી મોટો કોઈ ધર્મ નથી

સને ૧૯૪૨નો સમય હતો. ચારે બાજુ સત્યાગ્રહ આંદોલન પૂરજોશમાં ચાલતું હતું. વિદેશી કાપડની હોળી થતી હતી. એક એવું આંદોલન મહાત્મા ગાંધીએ તે દિવસોમાં ચલાવ્યું હતું. કલકત્તામાં તે દિવસે ચૌરગીના ચોગાનમાં બધા વેપારી પાસેથી વિદેશી વસ્ત્ર એકત્ર કરીને

સળગાવવાનો કાર્યક્રમ હતો. મોતીલાલ નહેરૂ પાસે એક વેપારી દોડતો દોડતો આવયો અને બોલ્યો, "બૅરિસ્ટર સાહેબ, ફકત બે દિવસ માટે આ આંદોલન અટકાવો, નહી તો હું લૂંટાઈ જઈશ. મારો ૧૦ કરોડનો માલ કાલે જ જહાજ દ્વારા આવ્યો છે."

મોતીલાલ નહેરૂએ કહ્યું, "ભાઈ, તારું તો માત્ર ધન જશે, મેં તો ગાંધીજીના ચરણોમાં જઈનેમ ારું બધું જ આપી દીધું છે. મારી લાખોની મિલકત સરકાર પાસે છે. કેટલા મનથી એકના એક પુત્ર માટે આનંદભવન બનાવેલું તે જેલમાં પડયો છે. હવે તમે જ બતાવો કે હું કેવી રીતે આ હોળીને અટકાવું." વેપારી નતમસ્તકે બોલ્યો, "મહારાજ, તો તો આપ મારા બધા માલને સળગી જવા દો. આપની સરખામણીમાં મારી આ હાનિ ખૂબ જ તુચ્છ છે."

આવા એક નહીં અનેક માણસો  થઈ ગયા છે જેમનાં નામ જનતા સમક્ષ આવ્યાં નથી, લોકૈષણાથી દૂર રહેતા, તેઓએ ક્યારેય પોતાના ત્યાગને યાદ કર્યો નથી.

પ્રસિદ્ધ સાહિત્યકાર અને -મરાઠા- દૈનિકના સંપાદક આચાર્ય પ્રલ્હાદ કેશવ અત્રેએ પચાસ લાખ રૂપિયાની પોતાની સંપત્તિ ભારત જનતાના નામે વસિયતમાં લખી નાખી હતી. પરિવારના સભ્યોને પોતાની આ સંપત્તિમાંથી માત્ર એટલું જ લેવાનું જણાવેલું કે જે વિવેક યોગ્ય હોય. તેઓનો એ મત હતો કે જે જાતે કમાવવા યોગ્ય હોય, તેનો આ સંપત્તિ ઉપર

કોઈ અધિકાર નથી. પોતાની સંપત્તિનું ટ્રસ્ટ બનાવી વિશ્વાસુ ટ્રસ્ટીઓ નિમ્યા અને પત્નીને દર મહિને પાંચ રૂપિયા બધા ખર્ચ માટે મળે તેમ વસિયતમાં લખેલું. પોતાના સમૃદ્ધ પુત્રીઓને તેઓએ સંપત્તિમાંથી એક પૈસો પણ આપ્યો ન હતો. દેશવાસીઓને જ કુટુંબી સ્વજન માનીને તેઓને જ પોતાના ઉત્તરાધિકારી માની તેઓ બધું જ સમર્પિત કરતા ગયા.

પ્રસિદ્ધ ક્રાન્તિકારી શહીર ફૈલેના પ્રસાદજીનો સાસરી પક્ષ ધનાઢય પરિવાર હતો. લગ્ન સમયે તેઓએ ના પાડવા છતાં તેઓને જે કોઈ સામાન આપવામાં આવ્યો, તે જરૂરિયાતવાળાઓને વહેંચી દીધો અને તેઓ સામાન્ય પહેરણથી કામ કાઢી લેતા હતા. તેમની પત્નીને આ ઉદારતા અને પોતાના પિયરથી મળેલી ભેટનો અનાદર પસંદ પડયો નહીં. બીજે દિવસે તેઓ પોતાની પત્નીને ગરીબોની વસ્તીમાં લઈ ગયા. તેઓની અભાવગ્રસ્તતા અને જીવનની વાસ્તવિકતા જોઈ પત્ની શ્રીમતી તારાદેવી દ્રવિત થઈ ગયા. તેઓએ પણ પોતાના આભૂષણ વેચીને જાતે જ સમાજસેવામાં વાપર્યા. પતિ ફૂલેનાપ્રસાદ પોતાની જાત ન્યોછાવર કરી ગૌરવાન્વિત થયા, સાથે સાથે અનેકના પ્રેરણાસ્ત્રોત બન્યા.

આ સંદર્ભમાં કરાંચીને એક બનાવ ખૂબ માર્મિક છે. ભારતના વિભાજન પહેલાની વાત છે. કરાંચીમાં જનસહયોગથી એક સાર્વજનિક દવાખાનાનું નિર્માણ થઈ રહયું હતું. દસ હજાર

રૂપિયાથી વધુ આપનારના નામ આરસની પટ્ટી ઉપર લગાવવાનો નિર્ણય કાર્યકારી સમિતિએ લીધેલો જેથી એ બહાને વધુમાં વધુ ધન એકત્ર કરી શકાય. જમશેદજી મહેતા નામના એક વેપારીને દવાખાનામાં ઉદ્દેશ્યો બતાવ્યા તો તેઓ તરત જ ધન આપવા તૈયાર થઈ ગયા. નામની તકતીની વાત પણ એક સજ્જને કરી. સાંભળીને તેઓએ ૯૯૫૦ રૂપિયા આપ્યા. તે સજ્જન બોલ્યા, -સંભવતઃ ગણવામાં ભૂલો થઈ લાગે. છે. આપ પચાસ રૂપિયા વધારે આપો તો આપનું નામ તકતી ઉપર લગાવી શકાય." જમશેદજીએ ગંભીરતાપૂર્વક કહ્યું "નામની તકતી લગાવીને હું મારી જાહેરાત કરવા માગતો નથી. સમાજ સેવા સાથે લોકૈષણાને જોડી હું તેના સ્તરને નીચે નહીં પાડું."

ક્યાં મળે છે આજે એવા ઉદાહરણ. આવા મહામાનવોથી જે હંમેશા દેશ, સમાજ ગૌરવાન્વિત થયો છે.